॥ શ્રી શંખેશ્વરજી પાર્શ્વનાથાય નમઃ ॥

શ્રી શાસનકંટકોદ્ધારક ગ્રંથમાલા ગ્રંથાંક-૪૧

# શ્રી
# વામાનંદન ગુણાવલી

યાને

## પુરૂષાદાનીય શ્રી પાર્શ્વનાથ પ્રભુજીના પ્રાચીન ૧૨૧ સ્તવનોનો સંગ્રહઃ

આ પુસ્તક

અમદાવાદ ઝવેરી પાર્ક નિવાસી સ્વ. શેઠશ્રી બંસીલાલ મંગળદાસ તથા સ્વ. શ્રી કમળાબ્હેન બંસીલાલના પરિવાર તરફથી તેમના પુત્રવધુ--અ.સૌ. ચંદ્રીકાબ્હેન મહેન્દ્રકુમારના વર્ષીતપના પારણા પ્રસંગે વર્ષીતપવાળા પૂ. સાધુ–સાધ્વીજી મહારાજોને સાદર સમર્પણ...

[ વિ. સં. ૨૦૪૬ = અક્ષય તૃતીયા ]

શ્રી શાસન કંટકોદ્ધારકસૂરિજી જૈન જ્ઞાનમંદિર
જી. ભાવનગર : વાયા તલાજા
મુ. ઠળીયા ૩૬૪૧૪૫

# તિથિચર્ચા અંગેના પુસ્તકો વસાવો !

| નંબર | નામ | કિંમત |
|---|---|---|
| ૧ | શ્રી તત્ત્વતરંગિણી ગ્રંથનો અક્ષરશઃ અનુવાદ | ૮–૦૦ |
| ૨ | પ....ર્વ....તિ....થિ....નિ....ર્ણ... ય | ૧૫–૦૦ |
| ૩ | તિથિચર્ચા અંગેના શાસ્ત્રીય પુરાવાઓ | ૨–૦૦ |
| ૪ | પર્વતિથિ પ્રકાશ તિમિર ભાસ્કર | ૫–૦૦ |
| ૫ | શ્રી તત્ત્વતરંગિણી ગ્રંથરત્ન સાનુવાદ | ૪–૦૦ |
| ૬ | સૂતક–ગ્રહણના શાસ્ત્રીય પુરાવા ભા. ૧ લો | ૧–૦૦ |
| ૭ | નવા મતનું સચોટ અને સરળ નિરસન | ૧–૨૫ |
| ૮ | અસજ્ઝાય અંગેના શાસ્ત્રીય પુરાવા ભા. ૨ જો | ૧–૦૦ |
| ૯ | નવા વર્ગની સાધુતાનું દિગ્દર્શન | ૧–૦૦ |
| ૧૦ | આરાધનામાં બે પર્વતિથિ કરાય જ નહિં. | અલભ્ય |
| ૧૧ | નવા મતિઓના વિવેક દર્શનનું પ્રદર્શન | ૧–૦૦ |
| ૧૨ | તપાગચ્છની આચરણા આગમ–પરંપરાનુસારી છે | ૧–૦૦ |
| ૧૩ | જૈન સમાજ સાવધાન | ૧–૦૦ |
| ૧૪ | દેવસૂર તપાગચ્છીય સંઘને સૂચના | ૧–૦૦ |
| ૧૫ | પ્રસ્તાવના તિમિર ભાસ્કર | ૧–૦૦ |
| ૧૬ | જૈન શાસનને ઘેરી રહેલો ઘોર પીળીયો | ૨–૦૦ |
| ૧૭ | તિથિ ચર્ચાનું તારવણ | ૨–૦૦ |
| ૧૮ | રામચંદ્રસૂરિજીને સણસણતો જવાબ | ૨–૦૦ |
| ૧૯ | નવા મતીઓના પ્રચારોની પોકળતા | ૧–૨૫ |
| ૨૦ | શાસન જય પતાકા | ૧–૨૫ |
| ૨૧ | નેવું વર્ષ પહેલાનાં પંચાગોની ફોટોકોપી બુક | ૧–૦૦ |
| ૨૨ | રાજનગર શ્રમણ સંમેલનની કાર્યવાહી | ૧૦–૦૦ |
| ૨૩ | તિથિચર્ચાનો સિદ્ધચક્રનો ખાસ અંક | ૨–૦૦ |
| ૨૪ | આગમાનુસારી મતવ્યવસ્થાપનમ્ | ૫–૦૦ |
| ૨૫ | શાસન જ્યોત પત્રિકા | ૧–૦૦ |

卐 શ્રી શંખેશ્વરજી પાર્શ્વનાથાય નમઃ 卐

શ્રી શાસનકંટકોદ્ધારક ગ્રંથમાલા-ગ્રંથાંક-૪૧

# શ્રી વામાનંદન ગુણાવલી

— યાને —

પુરૂષાદાનીય શ્રી પાર્શ્વનાથ પ્રભુજીના પ્રાચીન
૧૨૩ સ્તવનોનો સંગ્રહ

સંશોધક

પરમ પૂજ્ય શાસન કંટકોદ્ધારક આચાર્યદેવ
શ્રી હંસસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબના
પરમ વિનયી શિષ્યરત્ન પૂ. પ્ર. મુનિશ્રી મુની-
ન્દ્રસાગરજી મ. સાહેબ તથા વ્યાકરણ
વિશારદ, જ્યોતિર્વિદ પૂ૦ પં. શ્રી નરેન્દ્રસાગરજી
મહારાજ સાહેબ.

—: પ્રકાશક :—

શાસનકંટકોદ્ધારકસૂરિજી જૈન જ્ઞાનમંદિર
જી. ભાવનગર—વાયા તળાજા મુ. ઠળીયા—[૩૬૪૧૪૫]

## દિવસનાં ચોઘડિયાં

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ | શુભ | ચલ | કાળ |
| ચલ | કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ | શુભ |
| લાભ | શુભ | ચલ | કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ |
| અમૃત | રોગ | લાભ | શુભ | ચલ | કાળ | ઉદ્વેગ |
| કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ | શુભ | ચલ |
| શુભ | ચલ | કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ |
| રોગ | લાભ | શુભ | ચલ | કાળ | ઉદ્વેગ | અમૃત |
| ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ | શુભ | ચલ | કાળ |

વીર સં. ૨૫૦૯

વિક્રમ સં. ૨૦૩૯

આગમોદ્ધારક સં. ૩૪

પ્રથમાવૃત્તિ-કોપી ૫૦૦

કિં. રૂા. ૫-૦૦

—: પ્રા....પ્તિ....સ્થા....ન :—

**શ્રી શાસન કંટકોદ્ધારકસૂરિજી જૈન જ્ઞાનમંદિર**

**જી. ભાવનગર ❋ વાયા-તળાજા**

**મુ. ઠળીયા [૩૬૪૧૪૫]**

મુદ્રક :—
ભગવતી પ્રિં. પ્રેસ.
—: પ્રોપ્રાયટર :-
કાનજીભાઇ બી. ડોડીયા
ઠે. કોળીના મંદિર પાસે
પાલીતાણા. [૩૬૪૨૭૦]

## રાત્રિનાં ચોઘડિયાં

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| શુભ | ચલ | કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ |
| અમૃત | રોગ | લાભ | શુભ | ચલ | કાળ | ઉદ્વેગ |
| ચલ | કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ | શુભ |
| રોગ | લાભ | શુભ | ચલ | કાળ | ઉદ્વેગ | અમૃત |
| કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ | શુભ | ચલ |
| લાભ | શુભ | ચલ | કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ |
| ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ | શુભ | ચલ | કાળ |
| શુભ | ચલ | કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ |

# પ્રકાશકીય નિવેદન

શ્રી સર્વજ્ઞ પ્રણીત સદ્ધર્મારાધક શ્રી ચતુર્વિધ જૈન સંઘના પુનિત ચરણ કમલમાં આ શ્રી શાસન કંટકોદ્ધારકસૂરિજી જૈન ગ્રંથમાલાના ૪૧ મા મણકા તરીકે **'શ્રી વામાનંદન ગુણાવલી'** નામના પુસ્તક રત્નને સમર્પતા પ્રમોદાતિરેક અનુભવીએ છીએ.

આપણા લોકોત્તર એવા શ્રી જૈન સંઘને અનેક મહાશયો તરફથી સ્તવનાદિ સંગ્રહોના અનેક પુસ્તકો પ્રસિદ્ધ થયા છે. તેમાં ત્રેવીશમા તીર્થંકર પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ પ્રભુજીના અનેક છૂટક છૂટક સ્તવનો પણ પ્રસિદ્ધ થયા છે.

પરંતુ એક જ પુસ્તકમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુજીના સ્તવનોનો સંગ્રહ પ્રગટ થાય તો કેવું સારૂં ? એવી શુભ ભાવનાથી જામનગર દેવબાગમાં બિરાજમાન શાંતમૂર્તિ પૂ૦ મુનિરાજશ્રી ગુણસાગરજી મહારાજશ્રીએ અનેક પુસ્તકોમાંથી ઉદ્ધૃત કરીને પુસ્તક રૂપે પ્રગટ કરાવવાની ભાવના થવાથી તેઓશ્રીએ પૂ૦ શાસન કંટકોદ્ધારક આચાર્યદેવ શ્રી હંસસાગર સૂરીશ્વરજી મ. શ્રીના વિદ્વાન શિષ્યરત્ન જ્યોતિર્વિદ પૂ૦ પં. શ્રી નરેન્દ્રસાગરજી મ. શ્રીને આ કાર્ય સોંપ્યું અને તેઓશ્રીએ તેનો સહર્ષ સ્વીકાર કર્યો.

અને ટુંક સમયમાં સ્તવનોને વ્યવસ્થિત કરીને બારીકાઈથી તપાસીને લગભગ ૧૨૫ સ્તવનોના સંગ્રહ કરીને **'શ્રી વામાનંદન ગુણાવલી'** રૂપે **શ્રી જૈનઆનંદ જ્ઞાનમંદિર દેવબાગ જૈન ઉપાશ્રય જામનગર'** તરફથી ચાલુ વર્ષે પ્રગટ કરાવેલ છે.

## શ્રી વામાનંદન ગુણાવલીના સહાયકોની—

# શુ....ભ....ના....મા....વ....લી

રૂા. ૫૦૧, શ્રી શાસનકંટકોદ્ધારકસૂરિજી જૈન જ્ઞાનશાળાના આરાધકો તરફથી શ્રી પર્યુષણા પર્વ પ્રસંગે ગિરિરાજ સોસાયટી. પાલીતાણા

રૂા. ૨૫૧, પૂ૦ સાધ્વીજી શ્રી અંજનાશ્રીજી આરાધના ભુવનની આરાધક બહેનો તરફથી શ્રી પર્યુષણ પર્વ પ્રસંગે ગિરિરાજ સોસાયટી, પાલીતાણા

રૂા. ૨૫૧, પૂ૦ સાધ્વીજી શ્રી વિદ્યાશ્રીજી મ.ના સદુપદેશથી શ્રાવિકા ઉપાશ્રયની બહેનો તરફથી, તળાજા

રૂા. ૨૦૧, પૂ૦ સાધ્વીજી શ્રી નિરૂજાશ્રીજી મ.ના સદુપદેશથી શ્રી વીશાશ્રીમાળી જૈન મોટા ઉપાશ્રયની બહેનો તરફથી. જામનગર

ઉપરોક્ત સહાયકોનો બહુમાન પૂર્વક આભાર માનવામાં આવે છે. લી. પ્રકાશક

## —: આભાર :—

'વામાનંદન ગુણાવલી' પુસ્તિકાની ૫૦૦ કોપીયો આ ગ્રંથમાલાને જૂદી કઢાવા માટે ઉદારતા બતાવનાર પૂ૦ મુનિરાજ શ્રી ગુણસાગરજી મ. નો આભાર માનવામાં આવે છે. તેમજ આ પ્રકાશનમાં સહયોગ આપનાર પૂ૦ પં. મુનિશ્રી મુનીન્દ્ર-સાગરજી મ તથા પૂ૦ સાધ્વીજી શ્રી વિદ્યાશ્રીજી મ આદિનો પણ આભાર માનવામાં આવે છે.

## શ્રી પાર્શ્વનાથ પ્રભુના ૧૨૩ સ્તવનોની-
# અ....નુ....ક્ર....મ....ણિ....કા


| ક્રમાંક | સ્તવન | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | પરમાતમ પરમેશ્વરુ, જગદીશ્વર જિનરાજ! | ૧ |
| ૨ | ચિત્ત સમરી શારદ માયરે, વલી પ્રણમું નિજ ગુરૂ પાયરે. | ૨ |
| ૩ | અબ મોહે ઐસી આય બની, શ્રીશંખેશ્વર પાસ જિનેસર | ૩ |
| ૪ | મેરે સાહિબ! તુમ હિ હો, પ્રભુ પાસ જિણંદા | ૩ |
| ૫ | જય! જય! જય! જય! પાસ જિણંદ! | ૪ |
| ૬ | રાતાં જેવાં ફુલડાંને, શામળ જેવો રંગ | ૫ |
| ૭ | પાર્શ્વજિન! તાહરા રૂપનું, મુજ પ્રતિભાસ કેમ હોય રે? | ૬ |
| ૮ | ચિદાનંદઘન પરમનિરંજન, જનમનરંજન દેવ લલના | ૬ |
| ૯ | પૂજા વિધિમાંહે ભાવિએજી, અંતરંગ જે ભાવ. | ૯ |
| ૧૦ | અંતરજામી સુણ અલવેસર, મહિમા ત્રિજગ તુમારો | ૧૧ |
| ૧૧ | સેવો ભવિયણ! જિન ત્રેવીશમો રે, લંછન નાગ વિખ્યાત | ૧૧ |
| ૧૨ | અખીયાં હરખણ લાગી, હમારી અખીયાં. | ૧૨ |
| ૧૩ | સકલ સદા ફલ રે, ચિંતામણી સમો. | ૧૩ |
| ૧૪ | પ્રાણથકી પ્યારો મને, પુરીસાદાણી પાસ. | ૧૪ |
| ૧૫ | હિતકર પાસ જિનેસર દેવ, સેવ કરણ મન ઉલ્લસ્યો | ૧૪ |
| ૧૬ | તારી મૂરતિનું નહિં મૂલ રે, લાગે મને પ્યારી રે. | ૧૫ |
| ૧૭ | મુજ સરિખા મેવાશીને, પ્રભુ જો તું તારે. | ૧૬ |
| ૧૮ | જિનપતિ શ્રી નવપલ્લવ પાસ, આશા પૂરણ સુરમણિ | ૧૭ |

ક્રમાંક | સ્તવન | પૃષ્ઠ

૧૯ સમય સમય સો વાર સંભારૂં, તુજ શું લગની જોર રે. ૧૮
૨૦ પાસ પ્રભુ પ્રણમું શિરનામી, આતમ ગુણ અભિરામી રે. ૧૯
૨૧ અસ્તિ સ્વભાવે આતમારે, નાસ્તિ અવર સ્વભાવ. ૨૦
૨૨ મન મીઠડી મૂરતિ પ્યારી, વસિયાં દિલ દિઠડી જ્યોતિ ઝગારી ૨૦
૨૩ ચાલ-ચાલ રે સહિયર ચાલ મુને પાસ ગમે રે, ૨૧
૨૪ જિનવર ! તુંહિ દેવાધિદેવ, વંછિત પૂરણ સુરતરૂ. ૨૨
૨૫ પાસ પ્રભુ શંખેશ્વરા, મુજ દરિસણ વેગે દીજે રે. ૨૩
૨૬ રહેને રહેને રહેને લીનો રહેને, પાસ શંખેશ્વર ધ્યાને. ૨૪
૨૭ આજ સખી શંખેસરો, નયણે નિરખ્યો. ૨૫
૨૮ જય ગોડી પાસ જિણંદા, પ્રણમે સુરનર નાગિંદા રે. ૨૬
૨૯ પ્રભુજી ગોડીચા પાસજી, આશા પૂરો કૃપાલ. ૨
૩૦ સુણો સયલ એસે સાંઇ સલૂણે, ઘડી ઘડી મેરે દિલ આવે ૨૮
૩૧ ભીડભંજન પ્રભુ ભીડ ભાંજે સદા. ૩૦
૩૨ પ્રભુજી પાસ પચાસર દેવ, દેવ સયલમાં દીપતો. ૩૧
૩૩ કોકો કામિત પૂરણો, કલિ કલ્પદ્રુમ સમાન રે. ૩૨
૩૪ શ્રી નારંગપુર પાસ પધારો દેહરે, પાટણ નગર મોઝાર. ૩૩
૩૫ શ્રી મનમોહનસ્વામી સૂણો વિનતિ કહુ શિરનામી હો. ૩૪
૩૬ પાસકી પાસકી પાસકી રે, વારી જાઉં ચિંતામણી પાસકી. ૩૫
૩૭ જ્ઞાનાગર અરિહા શંભુ નિરીહા, જાણીએ સાહેબજી. ૩૬
૩૮ નવખંડાજી હો પાસ, મનડું લોભાવી બેઠા આપ ઉદાસ. ૩૭
૩૯ ધ્રુવપદ રામી હો સ્વામી માહરા નિષ્કામી ગુણરાય સુજ્ઞાની. ૩૮
૪૦ ચઉ કષાય પાતાલ કળશ જિહાં, તિસના પવન પ્રચંડ. ૩૯

| ક્રમાંક | સ્તવન | પૃષ્ઠ |
|---|---|---|
| ૪૧ | નયરી વારાણુસી અવતર્યો હો, અશ્વસેન કુળચંદ. | ૪૦ |
| ૪૨ | વામાનંદ શ્રી પાસ મારી સાંભળો તુમે અરદાસ. | ૪૧ |
| ૪૩ | વામારાણી જાયા રે, સુર-નર-મુનિ ભાયા રે. | ૪૨ |
| ૪૪ | શ્રીપાસજી પ્રગટ પ્રભાવી, તુજ મૂરતિ મન ભાવી રે. | ૪૩ |
| ૪૫ | પુરિસાદાણી પાસ કે આશા સફળ કરો રે. | ૪૪ |
| ૪૬ | પાસજિન ! સેવક જન આધાર, ત્રેવીશમો પ્રભુ પુરુષાદાણી. | ૪૫ |
| ૪૭ | પ્રબલ પ્રભાવે પરગડો રે, પુરુષાદાણી પાસ ભવિયણ વંદો | ૪૬ |
| ૪૮ | તારક જિન ત્રેવિશમો, પ્રભુ મારા૦ | ૪૭ |
| ૪૯ | વામાનંદન પાસ જિણંદા, મુજ મન-કમળ દિણંદા રે. | ૪૮ |
| ૫૦ | પરમ પુરુષ પરમાતમા, સાહિબજી પુરિસાદાણી પાસ હો. | ૪૯ |
| ૫૧ | સુણો પાસ જિણેસર ! સામી, અલવેસર અંતરજામી. | ૫૦ |
| ૫૨ | વામાનંદન હો ! પ્રાણ થકી છો પ્યારા.... | ૫૧ |
| ૫૩ | પ્રભુજી પાસ જિણંદ ! ત્હારી ત્હારી રે.... | ૫૨ |
| ૫૪ | સેવો ભવિજન જિન ત્રેવીસમો, લંછન નાગ વિખ્યાત. | ૫૪ |
| ૫૫ | કાંઈ જોજયો ! જોજયોરે, સ્વામી મુને નેહભર જોજ્યો | ૫૫ |
| ૫૬ | ચિંતામણી પાસજી ગમે રે, પાસજી ગમે રે. | ૫૫ |
| ૫૭ | મનનો માનીતો મિત્ર જો મળે, હાંરે સાહિબ૦ | ૫૬ |
| ૫૮ | પાસ પ્રભુ ત્રેવીસમા રે, સહસ ત્યાંશી સય સાત. | ૫૭ |
| ૫૯ | પરવાદી ઉલૂકોપરિ હરિ સમ, હરિ સેવે જસ પાયા. | ૫૭ |
| ૬૦ | પાર્શ્વજિન પૂર્ણતા તાહરીજી, શુભ-થિરતામાં સમાય. | ૫૯ |
| ૬૧ | વામાનંદન પાસ જિણંદ, પામ્યા પૂરવ પૂણ્યે આનંદ. | ૫૯ |
| ૬૨ | શ્રીકર શ્રી જિન પાસજી, અરજ સુણો મહારાજ. | ૬૦ |

| ક્રમાંક | સ્તવન | પૃષ્ઠ |
|---|---|---|
| ૬૩ | નીરમલ નીરે અંગ પખાલી, પહિરો ખીરોદક સાડી રે. | ૬૧ |
| ૬૪ | શ્રી શંખેશ્વર પાર્શ્વ સુણો મુજ વિનતિ | ૬૨ |
| ૬૫ | જીરેઆજ દિવસ ભલો ઉગિયોજી,જીરેઆજથયો સુવિહાણુ. | ૬૩ |
| ૬૬ | મનમોહન પ્રભુ પાસજી, સુણો જગત આધારજી. | ૬૫ |
| ૬૭ | પ્રણમું પદ પંકજ પાસના,જસ વાસના અગમ અનૂપ રે. | ૬૫ |
| ૬૮ | શ્રી ચિંતામણી પાર્શ્વજી, વાત સુણો એક મોરી રે. | ૬૭ |
| ૬૯ | તારા નયણાં રે પ્યાલાં પ્રેમના ભર્યાં રે. | ૬૮ |
| ૭૦ | પ્યારો પ્યારો રે હો વ્હાલા મારા પાસ જિણુંદ મુને પ્યારો | ૬૯ |
| ૭૧ | નિત્ય સમરૂં સાહિબ સયણાં, નામ સુણતાં શીતલ શ્રવણાં | ૭૦ |
| ૭૨ | મોહન મુજરો લેજો રાજ ! તુમ સેવામાં રહેશું | ૭૩ |
| ૭૩ | પ્રભુ જગજીવન જગબંધુ રે—સાંઈ સયાણો રે. | ૭૪ |
| ૭૪ | તાર મુજ તાર ત્રિભુવનધણી, પાર ઉતાર સંસાર સ્વામી. | ૭૫ |
| ૭૫ | પાસજી તોરા રે પાય, સ્વામી પલક ન છોડયા જાય. | ૭૬ |
| ૭૬ | બીજું મને કોઇ ના ગમે, એહિજ ઉત્તમ કામ. | ૭૭ |
| ૭૭ | કોયલ ટહુકી રહી મધુવનમેં, પાર્શ્વ શામળીયાજી૦ | ૭૬ |
| ૭૮ | અહો અહો પાસજી મુજ મળીયા રે, મારા મનના મનો૦ | ૭૯ |
| ૭૯ | ૐ નમો પાર્શ્વ પદ પંકજે, વિશ્વ ચિંતામણી રત્ન રે. | ૮૧ |
| ૮૦ | સકલ મંગલ સદા, અતુલ સુખ સંપદા. | ૮૨ |
| ૮૧ | પાસ શંખેસર ભેટીએ સાહિબજી જગદાનંદ રે. | ૮૨ |
| ૮૨ | સાહેબા શ્રીશંખેસરા પાસજી,પ્રભુજી ભવોદધિતરણ જહાજ | ૮૫ |
| ૮૩ | રહેને રહેને અલગી રહેને,હાજી કાંઇ કુમતિ મ્હેલી છે કેડે. | ૮૬ |
| ૮૪ | પાસ જીન ગાઇએ, જીણંદ ગુણ ગાઇએ. | ૮૮ |

ક્રમાંક પૃષ્ઠ


૮૫ પાસ શંખેશ્વર ભેટીએ રે લોલ, એ વિઘ્ન વિકાર રે વાલેસર ૮૯
૮૬ દરિસણ દ્યોજી દ્યોજી દ્યોજી શંખેશ્વર સાહિબ. ૯૦
૮૭ પ્રભુજી પાર્શ્વ શંખેશ્વરો રે લોલ, ૯૧
૮૮ સમતા રાણીના વાલિમ છો રસિયા ૯૨
૮૯ આવો અમચે ચિત્ત સોભાગી જીનજી આવો, ૯૩
૯૦ આપ અરૂપી હોય કે, પ્રભુ મારા જગતમાં જૂઈ રૂપ હો. ૯૪
૯૧ સખી ચાલ્ય શંખેશ્વર દેવ વંદુ, ૯૫
૯૨ મંગલકારી શ્રી શંખેશ્વર, પાર્શ્વનાથ જગ જયવંતા. ૯૭
૯૩ તતથેઇ તતથેઇ રાજ નાચે ઇન્દ્રાણી ગાઇ જિનગુણ ભાસ. ૯૮
૯૪ શંખેશ્વર પાસ જિન વંદો, ભવિકજન.... ૯૯
૯૫ શ્રી શંખેશ્વર સાહિબ વંદો, ભવના પાપ નિકંદો રે. ૧૦૦
૯૬ શ્રી શંખેશ્વર પાસ જીણુંદ કે, ચરણ કમલ ચિત્ત લાગી. ૧૦૧
૯૭ શંખેશ્વર પાસ જીનેસર અરજ સુણોજી. ૧૦૧
૯૮ ધરણીંદા કરે સેવના પ્રભુ તારી, પૂજે પદ્માવતી જગપ્યારીરે ૧૦૨
૯૯ પ્યારા લાગે પ્રભુ પાસજી રે, મારા આતમના આધાર. ૧૦૩
૧૦૦ સુંદર પાસ જીણુંદ છબી રાજે રે.... ૧૦૪
૧૦૧ શ્રી શંખેશ્વર સુખકારી પ્રભુ સૂરત મોહનગારી હો. ૧૦૬
૧૦૨ સરસતિ સરસ વયણરસ માતા તું મુજ દેઈ રે. ૧૦૭
૧૦૩ આજ સખી સંખેસરો, નયણે મેં નિરખ્યો. ૧૧૦
૧૦૪ શ્રી શંખેશ્વર પાસજી અલબેલા જિનવરજી ૧૧૧
૧૦૫ જી પ્રભુજી પાસજી પાસજી કીજીઇ જી. ૧૧૩
૧૦૬ સાર કર સાર કર સ્વામી શંખેશ્વરા ૧૧૪

| ક્રમાંક | સ્તવન | પૃષ્ઠ |
|---|---|---|
| ૧૦૭ | સહજાનંદી શીતલ સુખ ભોગી તો | ૧૧૫ |
| ૧૦૮ | જિનપતિ અવિનાસી કાસી ધણી રે | ૧૧૭ |
| ૧૦૯ | શ્રી શંખેશ્વરજી પાર્શ્વનાથનો શલોકો-૧ | ૧૧૯ |
| ૧૧૦ | શ્રી શંખેશ્વરજી પાર્શ્વનાથજી શલોકો-૨ | ૧૨૩ |
| ૧૧૧ થી ૧૧૮ | શ્રી શંખેશ્વરજી પાર્શ્વનાથજીના છંદો | ૧૩૨ થી ૧૫૭ |
| ૧૧૯ | શ્રી શંખેશ્વરજી પાર્શ્વનાથ સ્તોત્ર | ૧૫૮ |
| ૧૨૦ | શ્રી શંખેશ્વરજી પાર્શ્વનાથ ચૈત્યવંદન | ૧૫૯ |
| ૧૨૧ | શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ચંદ્રાઉલા સ્તવન. | ૧૬૧ |
| ૧૨૨ | શ્રી પાર્શ્વનાથજીના ૧૦૮ નામનો છંદ. | ૧૭૯ |
| ૧૨૩ | શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ છંદ. | ૧૮૩ |
| ૧૨૪ | પૂ૦ આગમોદ્ધારકશ્રીના વચનામૃતો. | ૧૯૫ |

卐 શ્રી પાર્શ્વનાથાય નમઃ 卐

પૂ૦ આગમોદ્ધારક ધ્યાનસ્થસ્વર્ગત આચાર્ય પ્રવર શ્રી
આનંદસાગરસૂરીશ્વરેભ્યો નમઃ

# શ્રી વામાનંદન ગુણાવલી

( ૧ )

પરમાતમ ! પરમેશ્વરુ !, જગદીશ્વર ! જિનરાજ !;
જગબંધવ ! જગભાણુ !, બલીહારી તુમતણી;
ભવ જલધિમાંહી જહાજ....પરમા૦ ૧

તારક વારક મોહનો, ધારક નિજગુણ ઋદ્ધિ:
અતિશયવંત ભદંત રૂપાળી શિવવધૂ,
પરણી લહી નિજ સિદ્ધ....પરમા૦ ૨

જ્ઞાન દરિશણ અનંત છે, વળી તુજ ચરણ અનંત;
એમ દાનાદિ અનંત, ક્ષાયિક ભાવે થયા
ગુણ તે અનંતાનંત....પરમા૦ ૩

બત્રીશ વર્ણ સમાય છે, એક જ શ્લોક મોઝાર;
એક વર્ણ પ્રભુ ! તુજ ન માયે જગતમાં,
કેમ કરી થુણીએ ઉદાર ?....પરમા૦ ૪

તુજ ગુણ કોણ ગણી શકે ?, જો પણ કેવલ હોય;
આવિરભાવે તુજ સયલ ગુણ માહરે;
પ્રચ્છન્નભાવથી જોય....પરમા૦ ૫

શ્રી પંચાસરા પાસજી !, અરજ સુણો એક મુજ;
આવિરભાવે થાય દયાલુ ! કૃપાનિધિ !,
કરુણા કીજેજી મુજ....પરમા૦ ૬

શ્રી જિન ! ઉત્તમ ! તાહરી, આશા અધિકી મહારાજ !;
પદ્મવિજય કહે એમ લહું શિવનગરીનું,
અક્ષય અવિચલ રાજ....પરમા૦ ૭

—*—

( ૨ )

( મલ્લિજિન નાથજી વ્રત લીજે રે-એ દેશી. )

ચિત્ત સમરી શારદ માય રે, વલી પ્રણમું નિજ ગુરુ પાય રે;
ગાઉં ત્રેવીશમા જિનરાય, વ્હાલાજીનું જન્મકલ્યાણક ગાઉં રે;
સોના રૂપાના કુલડે વધાવું, વ્હા૦
થાલ ભરી ભરી મોતીડે વધાવું....વ્હા૦ ૧

કાશી દેશ વાણારશી રાજે રે, અશ્વસેન છત્રપતિ છાજે રે;
રાણી વામા ગૃહિણી સુરાજે....વ્હા૦ ૨

ચૈત્ર વદી ચોથે તે ચવિયા રે, વામાકુખે અવતરીયા રે;
અજુઆળ્યાં એહના પરીયા....વ્હા૦ ૩

પોષ વદી દશમી જગભાણુ રે, હોવે પ્રભુનું જન્મકલ્યાણક રે;
વીશસ્થાનક સુકૃત કમાણુ....વ્હા૦ ૪

નારકી નરકે સુખ પાવે રે, અંતર્મુહૂર્ત દુઃખ જાવે રે;
એ તો જન્મકલ્યાણ કહાવે...વ્હા૦ ૫

પ્રભુ ત્રણ ભુવન શિરતાજ રે, તુમે તારણ તરણ જહાજ રે;
કહે દીપવિજય કવિરાજ....વ્હા૦ ૬

—*—

( ૩ )

અબ મોહે ઐસી આય બની,
શ્રી શંખેશ્વર પાસ જિનેસર, મેરે તું એક ધની અ૦ ૧

તુમ બિનુ કોઉ ચિત્ત ન સુહાવે, આવે કોડી ગુણી,
મેરો મન તુજ ઉપર રસિયો, અલિ જિમ કમલ ભણી અ૦ ૨

તુમ નામે સવિ સંકટ ચુરે, નાગરાજ ધરણી;
નામ જપું નિશિ-વાસર તેરો, એ શુભ મુજ કરણી અ૦ ૩

કોપાનલ ઉપજાવત દુર્જન વચન મથન જયું અરની;
નામ જપું જલધાર તિહાં તુજ, ધારૂ દુઃખ હરની અ૦ ૪

મિથ્યામતિ બહુ જન હૈ જગમેં, પદ ન ધરત ધરની;
ઉનસે અબ તુજ ભક્તિ પ્રભાવે, ભય નહિ એક કની અ૦ ૫

સજ્જન-નયન સુધારસ અંજન, દુરજન રવિ ભરની;
તુજ મૂરતિ નીરખે સો પાવે, સુખ જસ લીલ બની અ૦ ૬

( ૪ )

મેરે સાહિબ! તુમહિ હો, પ્રભુ પાસ જિણંદા;
ખિજમતગાર ગરીબ હું, મે તેરા બંદા....મેરે૦ ૧

મૈં ચકોર કરૂં ચાકરી, જબ તુમહિ ચંદા;
ચક્કવાક પરેં હુઈ રહું, જબ તુમહિ દિણંદા....મેરે૦ ૨
મધુકર પરે મૈં રનઝનું, જબ તુમ અરવિંદા;
ભક્તિ કરૂં ખગપતિ પરે, જબ તુમહિ ગોવિંદા....મેરે૦ ૩
જબ તુમ ગર્જિત ઘન ભયે, તબ મૈં શિખિનંદા;
તુમ સાયર જબ મૈં તદા, સુરસરિતા અમંદા....મેરે૦ ૪
દૂર કરો દાદા પાસજી! ભવદુઃખકા ફંદા;
વાચક જશ કહે દાસકું, દીયો પરમાનંદા....મેરે૦ ૫

—*—

( ૫ )

જય! જય! જય! જય! પાસ જિણંદ! ટેક૦
અંતરીક પ્રભુ! ત્રિભુવન તારન!
ભવિક કમલ ઉલ્લાસ દિણંદ...જય૦ ૧
તેરે ચરન શરન મૈં કીનો, તુમ બિનુ કુન તોડે ભવફંદ?
પરમ પુરુષ પરમારથ-દર્શી!
તું દિયે ભવિકકું પરમાનંદ....જય૦ ૨
તું નાયક તું શિવસુખ-દાયક, તું હિતચિંતક તું સુખકંદ;
તું જનરંજન તુ ભવભંજન,
તું કેવલ-કમલા- ગોવિંદ....જય૦ ૩
કોડી દેવ મિલકે કર ન સકે, એક અંગુઠ રૂપ પ્રતિછંદ;
ઐસો અદ્ભુત રૂપ તહારો,
વરષત માનુ અમૃતકો બુંદ...જય૦ ૪

મેરે મન મધુકરકે મોહન, તુમહો વિમલ સદલ અરવિંદ;
નયન ચકોર વિકાસ કરત હે,
દેખત તુમ મુખ પૂરનચંદ....જય૦ ૫

દૂર જાવે પ્રભુ ! તુમ દરિશનસેં, દુઃખ દોહગ દારિદ્ર-અઘદંદ;
વાચક જશ કહે સહસ ફલતે તુમ હો,
જે બોલે તુમ ગુન કે વૃંદ....જય૦ ૬

=*=

( ૬ )

રાતાં જેવાં ફુલડાંને, શામળ જેવો રંગ;
આજ તારી આંગીનો કાંઇ, રૂડો બન્યો છે રંગ;
પ્યારા પાસજી ! હો લાલ ! દીનદયાળ ! મને નયણે નિહાળ. ૧

જોગીવાડે જાગતો ને, માતો ધિંગડ મલ્લ;
શામળો સોહામણો કાંઇ, જિત્યા આઠે મલ્લ....પ્યારા. ૨

તું છે માહરો સાહિબો ને, હું છું તારો દાસ;
આશા પૂરો દાસની કાંઇ, સાંભળી અરદાસ....પ્યારા. ૩
દેવ સઘળા દીઠાં તેમાં, એક તું અવલ્લ;
લાખેણું છે લટકું ત્હારું, દેખી રીઝે દિલ્લ....પ્યારા. ૪
કોઈ નમે પીરને, કોઈ નમે રામ;
ઉદયરત્ન કહે પ્રભુજી, મારે તુમશું કામ....પ્યારા. ૫

卐

( ૭ )

પાર્શ્વજિન ! તાહરા રૂપનું, મુજ પ્રતિભાસ કેમ હોય રે ?
તુજ મુજ સત્તા એકતા, અચલ વિમલ અકલ જોયરે–પાર્શ્વ૦ ૧

તુજ પ્રવચન પ્રત્યક્ષ, નિશ્ચયે ભેદ નહિ કોય રે;
વિવહારે લખી દેખીએ, ભેદ પ્રતિભેદ બહુ લોયરે–પાર્શ્વ૦ ૨

બંધ નહિ મોક્ષ નહિ નિશ્ચયે, વિવહારે ભજ દોય રે;
અખંડિત અબાધિત સોય કદા, નિત્ય અબાધિત સોયરે પાર્શ્વ૦ ૩

અન્વય–હેતુ વ્યતિરેકથી, અંતરો તુજ મુજ રૂપ રે;
અંતરો મેટવા કારણે, આત્મસ્વરૂપ અનૂપ રે–પાર્શ્વ૦ ૪

આતમ પરમાત્મતા શુદ્ધ નય ભેદ નહિ એક રે;
અવર આરોપિત ધર્મ છે, તેહના ભેદ અનેક રે–પાર્શ્વ. ૫

ધરમી ધરમથી એકતા, તે મુજ રુપ અભેદ રે;
એક સત્તા લખ એકતા, કહે તે ગૂઢમતિ ખેદ રે–પાર્શ્વ૦ ૬

આતમ ધરમ અનુસરી, રમે જે આતમરામ રે;
આનંદઘન પદવી લહે, પરમ આ ામ તસ નામ રે–પાર્શ્વ૦ ૭

( ૮ )

ચિદાનંદ ઘન પરમનિરંજન, જનમનરંજન દેવ; લલના,
વામાનંદન જિનપતિ થુણીએ, સુરપતિ જસ કરે સેવ;
મનમોહન જિનજી ! ભેટીએ હો.
અહો મેરે લલના મેટીએ પાપકો પૂર. મનમોહન૦ ૧

કેસર ઘોળી ઘસી ઘન ચંદન, આનંદઘન ઘનસાર; લલના,
પ્રભુજીકી પૂજા કરી મનરંગે, પાઇએ પુણ્ય અપાર. મન૦ ૨
જાઇ જુઇ ચંપક કેતકી, દમણો ને મચકુંદ; લલના,
કુંદ પ્રિયંગુ રૂચિ સુંદર જોડી, પૂજીએ પાસ જીણંદ. મન૦ ૩
અંગી ચંગી અંગ બનાઈ, અલંકાર અતિસાર; લલના,
દ્રવ્યસ્તવવિધિ પૂરણ અરચી, ભાવીએ ભાવ ઉદાર. મન૦ ૪
પરમાતમ પુરણ ગુણ પરતક્ષ પુરૂષોત્તમ પરધાન; લલના,
પ્રગટપ્રભાવ પ્રભાવતી વલ્લભ, તું જયો સુગુણ નિધાન. મન૦ ૫
જો તુજ ભક્તિ મયૂરી મુજ મન,વન વિચરે અતિ ચિત્ત;લલના,
દુરિત ભુજંગમ બંધન તુટે, તું સઘલો જગમિત્ત. મન૦ ૬
તુજ આણા સુરવેલી મુજ મન, નંદનવન જિહાં રૂઢ; લલના,
કુમતિ કદાગ્રહ કંટક શાખી સંભવે તિહાં નહીં ગૂઢ. મન૦૭
ભક્તિરાગ તુજ આણ આરાધન, દોય ચક્ર સંસાર; લલના.
સહસ અઢાર શીલાંગરથ ચાલે,
વિઘન રહિત શિવદુવાર....મન૦ ૮
ગુરુ ઉપદેશે જો મુજ લાગ્યો, તુજ શાસનકો રાગ: લલના,
મહાનંદ પદ ખેંચ લીએ ગે, જ્યું અલિ કુસુમ પરાગ મન૦૯
બાહિર મન નિકસત નાંહિ ચાહત, તુજ શાસનમે લીન; લલના
ઉમગ નિગમ કરી નિજપદ રહેવે,
જ્યું જલનિધિમાંહી મીન....મન૦ ૧૦
મુજ તુજ શાસન અનુભવકો રસ, ક્યું કરી જાણે લોગ; લલના
અપરિણીત કન્યા નવિ જાણે,
જ્યું સુખ દયિતસયોગ... મન૦ ૧૧

એનારકી ગણુના નાંહિ પાઉં, જો તું સાહિબ એક; લલના,
ફલે વાસના દૃઢ નિજ મનકી,
જો અવિચલ હોય ટેક....મન૦ ૧૨

તું સાહિબ હું સેવક તેરો, એ વ્યવહાર વિભાગ; લલના,
નિશ્ચયનયમત દોનું બિચે, હોય નાંહિ ભેદ કો લાગ. મન૦૧૩

મનવચનાદિ પુદ્‌ગલ ન્યારા, ન્યારો સકલ વિભાવ; લલના,
શુદ્ધ દ્રવ્ય ગુણ પર્યાય ઘટના, તુજ સમ શુદ્ધ સ્વભાવ. મન૦ ૧૪

તું ઘટ અંતર પ્રગટ વિરાજે, જ્યું નિર્મલ ગુણ કાંત, લલના,
બાહિર ઢુંઢત મૂઢ ન પાવે, જ્યું મૃગમદ મનભ્રાંત. મન૦ ૧૫

ગુણઠાણાદિક ભાવે મિશ્રિત સબમેં હૈ તુજ અંશ; લલના,
ખીર નીર જ્યું ભિન્ન કરત હૈ, ઉજ્જવલ અનુભવ હંસ. મન૦ ૧૬

આતમજ્ઞાન દશા જસ જાગી, વૈરાગી તુજ ધ્યાન; લલના,
સો પાવે જ્યું રતન પરીક્ષક, પરખત રતન પ્રધાન. મન૦ ૧૭

પુણ્ય પ્રગટ દેવનકો લંછન, મૂઢ લહે નાંહિ ધર્મ; લલના,
જ્યું પથરાકું કંચન માને, લહે નાંહી અંતર મર્મ. મન૦ ૧૮

ગંધ–રૂપ–રસ–ફરસ–વિવર્જિત, ન ધરત હૈ સંઠાણ; લલના,
અન–અવતાર અશરીર અવેદી, તું પ્રભુ સિદ્ધ પ્રમાણ. મન૦ ૧૯

કેવલજ્ઞાન દશા અવલોકી, લોકાલોક પ્રમાણ; લલના,
દર્શન–વીર્ય–ચરણ ગુણધારી, શાશ્વતસુખ અહિઠાણ. મન૦ ૨૦

સત્તા શુદ્ધ અરૂપી તેરી, નહી જગકો વ્યવહાર; લલના,
કાં કહીએ ? કછુ કહ્યો ન જાએ,
તું પ્રભુ અલખ અપાર–મન૦ ૨૧

દીપ ચંદ્ર રવિ ગ્રહગણ કેરો, જિહાં પસરત નહીં તેજ; લલના,
તિહાં એક તુજ ધામ વિરાજે, નિર્મલ ચેતના સેજ-મન૦ ૨૨

આદિ રહિત અજરામર નિર્ભય, વ્યાપક એક અનંત;લલના,
શુદ્ધ પ્રકૃતિ અક્ષયી અમાયી, તું પ્રભુ બહુ ગુણવંત-મન૦ ૨૩

તું માતા તું ત્રાતા ભ્રાતા, તું પિતા બંધુ તું મિત્ત; લલના,
શરણ તુહિ તુજ સેવા કીજે, દૃઢ કરી એક જ ચિત્ત મન૦ ૨૪

પાસ આસ પૂરો અબ મેરી, અરજ એક અવધાર; લલના,
શ્રી નયવિજય વિબુધ પય સેવક,
જસ કહે ભવજલ તાર-મન૦ ૨૫

—*—

( ૯ )

પૂજાવિધિ માંહે ભાવિયેજી, અંતરંગ જે ભાવ;
તે સવિ તુજ આગલ કહુંજી, સાહેબ! સરલ સ્વભાવ,
સુહંકર! અવધારો પ્રભુ પાસ! ૧

દાતણ કરતાં ભાવિયેજી, પ્રભુ ગુણ જલ મુખ શુદ્ધ;
ઉલ ઉતારી પ્રમત્તતાજી, હો મુજ નિર્મલ બુદ્ધ....સુહં૦ ૨

જતનાએ સ્નાન કરીએજી, કાઢો મેલ મિથ્યાત;
અંગુછો અંગ શોષવીજી, જાણું હું અવદાત....સુહં૦ ૩

ક્ષીરોદકનાં ધોતીયાંજી, ચિંતવો ચિત્ત સંતોષ;
અષ્ટકર્મ સંવર ભલોજી, આઠ પડો મુખકોષ....સુહં૦ ૪

ઓરસીયાં એકાગ્રતાજી, કેસર ભક્તિ કલ્લોલ;
શ્રદ્ધા ચંદન ચિંતવોજી, ધ્યાન ઘોલ રંગરોલ....સુહં૦ ૫

ભાલ વહું આણા ભલીજી, તિલક તણો તેહ ભાવ;
જે આભરણ ઉતારીયેજી, તે ઉતારો પરભાવ...સુહં૦ ૬

જે નિર્માલ્ય ઉતારીયેજી, તે તો ચિત્તઉપાધિ,
પખાલ કરતાં ચિંતવોજી, નિર્મલ ચિત્તસમાધિ; સુહં૦ ૭

અંગલુહણ બે ધર્મનાજી, આત્મસ્વભાવ જે અંગ;
જે આભરણ પહેરાવીયેજી, તે સ્વભાવ નિજ ચંગ....સુહં૦ ૮

જે નવવાડ વિશુદ્ધતાજી, પૂજા નવ અંગ;
પંચાચાર વિશુદ્ધતાજી, તેહ ફુલ પચરંગ....સુહં૦ ૯

દીવો કરતાં ચિંતવોજી, જ્ઞાનદીપક સુપ્રકાશ;
નય ચિંતા ઘૃત પૂરીયુંજી, તત્ત્વ પાત્ર સુવિલાસ....સુહં૦ ૧૦

ધૂપ રૂપ અતિ કાર્યતાજી, કૃષ્ણાગુરુનો જોગ;
શુદ્ધ વાસના મહમહેજી, તે તો અનુભવ યોગ....સુહં૦ ૧૧

મદ સ્થાનક અડ છાંડવાજી, તેહ અષ્ટ મંગલિક;
જે નૈવેદ્ય નિવેદીયેજી, તે મન નિશ્ચલ ટેક...સુહં૦ ૧૨

લવણ ઉતારી ભાવીયેજી, કૃત્રિમ ધર્મનો રે ત્યાગ;
મંગલદીવો અતિ ભલોજી, શુદ્ધ ધર્મ પરભાગ....સુહં૦ ૧૩

ગીત નૃત્ય વાજિંત્રનોજી, નાદ અનાહત સાર;
શમ-રતિ રમણી જે કરેજી, સાચો થેઇ કાર-સુહં૦ ૧૪
ભાવપૂજા એમ સાચવીજી, સત્ય બજાવો રે ઘંટ;
ત્રિભુવનમાંહે તે વિસ્તરેજી, ટાલે કર્મનો કંટ-સુહં૦ ૧૫

એણીપરે ભાવના ભાવતાંજી, સાહેબ ! જસ સુપ્રસન્ન;
જનમ સફલ જગ તેહનોજી, તેહ પુરૂષ ધન ધન્ન–સુહં૦ ૧૬
પરમપુરૂષ ! પ્રભુ ! સામળાજી ! માનો એ મુજ સેવ;
દૂર કરો ભવ આમળાજી, વાચક જશ કહે દેવ !–સુહં૦ ૧૭

---

( ૧૦ )

અંતરજામી સુણ અલવેસર, મહિમા ત્રિજગ તમારો;
સાંભળીને આવ્યો હું તીરે, જનમ મરણ દુઃખ વારો;
સેવક અરજ કરે છે રાજ ! અમને શિવસુખ આપો૦ ૧
સહુ કો' નાં મનવંછિત પૂરો, ચિંતા સહુની ચૂરો;
એહવું બિરૂદ છે રાજ ! તમારું, કેમ રાખો છો દૂરે ? સે૦ ૨
સેવકને વલવલતો દેખી, મનમાં મહેર ન કરશો;
કરુણાસાગર કેમ કહેવાશો ?, જો ઉપકાર ન કરશો સે૦ ૩
લટપટનું હવે કામ નહિં છે, પ્રત્યક્ષ દરિશન દીજે;
ધુઆડે ધીજુ નહિં સાહેબ !, પેટ પડયા પતીજે સે૦ ૪
શ્રી શંખેશ્વર મંડન સાહેબ ! વીનતડી અવધારો;
કહે જિન હર્ષ મયા કરી મુજને, ભવસાયરથી તારો સે૦ ૫

—૦—

( ૧૧ )

સેવો ભવિયણ ! જિન ત્રેવીશમા રે, લંછન નાગ વિખ્યાત;
સુંદર ઝળહળે પ્રભુજીની દેહડી રે,
વામારાણીના જાત...સેવો૦ ૧

ચઉદિશે ઘોર ઘટા ઘનશું મિલ્યો રે, કમઠે રચ્યો જળધાર;
મુશળધારે જળ વરસે ઘણું રે,
જળથળનો ન લહું પાર....સેવો૦ ૨

વ્હાલા ! મારા વડ હેઠળ કાઉસ્સગ્ગ રહ્યા રે, મેરુતણી પરે ધીર;
ધ્યાનતણી ધારા વાધે તિહાં રે,
ચડિયાં ઉંચેરા નીર...સેવો૦ ૩

અચળ ન ચળિયા પ્રભુજી મહારા રે, પામ્યાં કેવલનાણ;
સમવસરણે સુર કોડી મળ્યાં તિહાં રે,
વાગ્યા જીત નિશાન....સેવો૦ ૪

નવ કર ઉચ્ચપણે પ્રભુ ઓપતા રે, અશ્વસેનરાયના નંદ !
પરચાપૂરણ પરગટ પાસજી રે,
દીઠે હોવે પરમાનંદ....સેવો૦ ૫

એક શત વરસનું આઉખું ભોગવી રે, પામ્યા અવિચળ ઋદ્ધ;
બુધ શ્રી સુમતિવિજય ગુરુ નામથી રે,
રામ લહે વર સિદ્ધ....સેવો૦ ૬

*—*

( ૧૨ )

(રાગ—રામકલિ)

અખીયાં હરખણ લાગી, હમારી અખીયાં.
દરીસણ દેખત પાસ જિણંદકો, ભાગ્યદશા અબ જાગી હ૦ ૧
અકલ અરૂપી ઓર અવિનાશી, જગજનને કરે રાગી. હ૦ ૨
શરણાગત પ્રભુ તુમ પય પંકજ, સેવના મુજ મન જાગી. હ૦ ૩

લીલા લહેર દે નિજ પદવી, તુમ સમ કો નહિ ત્યાગી. હ૦ ૪
વામાનંદન ચંદનની પરે, જે અછે મહાસોભાગી. હ૦ ૫
જ્ઞાનવિમલ પ્રભુ ધ્યાન ધરંતા, ભવભવ ભાવઠ ભાંગી. હ૦ ૬

( ૧૩ )

સકલ સદા ફલ રે, ચિંતામણી સમો;
નવરંગ નારંગ રે, પાસ ભવિકા નમો. ૧

ૐ નમો ભાવે પાસ ધ્યાવે, નાથ શ્રી શ્રી ભગવંતે,
ધરણેન્દ્ર પદ્માવતી માયા-બીજ રાયા સંસ્તુતે;
ૐ અટ્ટેય મટ્ટે ક્ષુદ્ર વિઘટ્ટે, ક્ષુદ્ર થંભય થંભયા,
વાજંતી ભુંગલ દૂરે મંગુલ, ચૂરે અષ્ટ મહા ભયા. ૨

આશા પૂરે રે, પાસ પંચાસરો;
શ્રી વરકાણો રે, પાસ શંખેશ્વરો. ૩

શંખેશ્વરો પ્રભુ પાસ થંભણ, ગોડી મંડણ નાહલો,
કલિકુંડ શ્રી નવખંડ એણે, જગે જાગતો જીરાવલો;
જાગતાં તીરથ હરો અનરથ, પાસ સમરથ તું ધણી,
હવે ચડો મ્હારે વિઘ્ન ભય હરે, સાર કર ત્રિભુવન ધણી. ૪

કુરૂ કુરૂ વંછિત રે, નવનિધિ સંપદા;
સ્વાહા પદશું રે, ટાળે આપદા. ૫

આપદા ટાળે રાજ્ય પાળે, પાસ ત્રિભુવન રાજીયો;
કલિકાલમાંહે પાસ નામે, મંત્ર મહિમા ગાજીયો;
દારિદ્ર ચૂરે આશ પૂરે, પાસ તું જગદીશ એ,
ચરણપ્રમોદ ગુરુ શિષ્ય જંપે, પૂરો સંઘ જગીશ એ. ૬

( ૧૪ )

## (શ્રી અરનાથજી સાંભળો એ દેશી)

પ્રાણથકી પ્યારો મને, પુરીસાદાણી પાસ;
આવ્યો તુજ મુખ દેખવા, પૂરો મુજ મન આશ. પ્રા૦ ૧

હવે મુજ તુમ મેળો થયો, નાવ નદી સંયોગ;
સેવક જાણી આપણો, દાખો નવ નવ રંગ. પ્રા૦ ૨

મેં પલ્લવ પકડયો ખરો, દાસ છું દીન દયાળ;
નાઠા ઇમ નવિ છૂટશો, સેવકજન પ્રતિપાળ. પ્રા૦ ૩

નિપટ કાંઇ કરી રહ્યા, આંખ્યો આડા કાન,
સેવક સમજી નિવાજજો, કીજે આપ સમાન. પ્રા૦ ૪

ભાગ્યવંત હું જગતમાં. નિરખ્યો તુમ દેદાર;
મોહન કહે કવિ રૂપનો, જિનજી જગત આધાર પ્રા૦ ૫

---

( ૧૫ )

## [જગપતિ નાયક નેમિજિણંદ—એ દેશી]

હિતકર પાસ જિનેસર દેવ, સેવ કરણ મન ઉલ્લસ્યો;
હિતકર ગુણનિધિ જગત દયાલ, દીઠો તિહાંથી દિલ વસ્યો. ૧

હિ૦ અવિહડ લાગ્યો નેહ, દેહ રંગાણી રાગશું;
હિ૦ પલક ન છોડયો જાય, સજજનતા ગુણ લાગશું. ૨

હિ૦ નિરગુણ દુરજન સાથ, રાગ રંગ રસ આચર્યાં;
હિ૦ ક્ષણ સંયોગ વિયોગ, એક પક્ષી બહુ ભવ કર્યાં. ૩

હિ૦ હવે તું મલિયો નાથ, સાથ ન છોડું તુમ તણો;
હિ૦ વીતરાગ અરિહંત, એક પખો પણ ગુણ ઘણો. ૪

હિ૦ ગંગા યમુના નીર, સ્નાને તરસ મલ પરિહરે;
હિ૦ દર્શન ફરસન તુઝ, ભવ મૃગતૃષ્ણા સંહરે. ૫

હિ૦ જાણો જગતના ભાવ, પ્રીત રીત મુઝ સવિ લહો;
હિ૦ રાગી રૂલે સંસાર, તો મુઝ સાધ્ય દિશા કહો. ૬

હિ૦ રાગ વિનાશી પ્રીત, પ્રીતિ ભક્તિયે સાંકલી;
હિ૦ ભક્તિ વશે ભગવાન, ભક્તિ પ્રેમ ભાવે ભલી. ૭

હિ૦ પ્રેમ બન્યો તુમ સાથ, નાથ હૃદય ઘરમાં રમે;
હિ૦ વિશ્વંભર લઘુ ગેહ, ગજ દરપણમાં સંક્રમે. ૮

હિ૦ અંતર વાત એકાંત, પ્રેમ મેલાવા નિત કરૂં;
હિ૦ શ્રી શુભવીર વિનોદ, નિરભય સુખ સંપદ વરૂં. ૯

—*—

( ૧૬ )

( માતા ત્રિશલા નંદકુમાર એ–દેશી. )

તારી મૂરતિનું નહિ મૂલ રે, લાગે મને પ્યારી રે;
તારી આંખડીએ મન મોહ્યું રે, જાઉં બલિહારી રે.
ત્રણ ભુવનનું તત્ત્વ લહીને, નિર્મળ તુંહી નિપાયો રે;
જગ સઘળો નિરખીને જોતાં,
તાહરી હોડે કો નહિ આયો રે. લાગે૦ ૧

ત્રિભુવન તિલક સમોવડ તાહરી, સુંદર સુરતિ દીસે રે;
કોડી કંદર્પ સમ રૂપ નિહાળી,
સુરનરનાં મન હીસે રે. લાગે૦ ૨

જ્યોતિ સ્વરૂપી તું જિન દીઠો, તેહને ન ગમે બીજું કાંઇ રે;
જિહાં જઇએ ત્યાં પૂરણ સઘલે,
દીસે તૂંહી જ તૂંહી રે. લાગે૦ ૩

તુજ મુખ જોવાને રઢ લાગી, તેહને ન ગમે ઘરનો ધંધો રે;
આળપંપાળ સવિ અળગી મૂકી,
તુજશું માંડયો પ્રતિબંધો રે. લાગે૦ ૪

ભવસાગરમાં ભમતાં ભમતાં, પ્રભુ પાસનો પામ્યાં આરો રે;
ઉદયરતન કહે બાંહ ગ્રહીને, સેવક પાર ઉતારો રે લાગે૦ ૫

( ૨૭)

## ( મેરે સાહિબ તુમહી હો-એ દેશી )

મુજ સરીખા મેવાસીને, પ્રભુ જો તું તારે;
તારક તો જાણું ખરો, જુઠું બિરૂદ શું ધારે ? મુજ૦ ૧

સેવા સલામી નવિ ભરૂં, સીધી આણ ન માનું;
માહરી રીતિ પ્રીછો તમે, શું રાખીયે છાનું ? મુજ૦ ૨

મહા મિથ્યાત્વ મેવાસમાં, વલી વાસ મેં કીધો,
ગુન્હી અને અકહ્યાગરો, નથી ચાલું સીધો. મુજ૦ ૩

જે તેં વરજ્યા વેગલા, તે મેં આછા લીધા;
તુજશું બાંધી બાકરી, અન્યાયો મેં કીધા. મુજ૦ ૪

દ્વેષ ધરી તુજ ઉપરે, બીજા શું મલીઓ;
તુજ શાસન ઉત્થાપીને, પાખંડે વલીઓ. મુજ૦ ૫
છલ કરીને છ કાયની, તુજ વાડી વિણાસી;
છું અનાડી અનાદિનો, હું તો મોટો મેવાસી. મુજ૦ ૬
મેવાસીપણું મેલીને, આવ્યો તુજ ચરણે;
જો તારે તો તારજે, એહવે આચરણે. મુજ૦ ૭
વામાનંદન વંદતાં, ભવનું દુઃખ ભાંગું;
ઉદયરત્ન કહે લળી લળી, પ્રભુ પાયે લાગું. મુજ૦ ૮

( ૧૮ )

( જગપતિ નાયક નેમિજિણંદ—એ દેશી. )

જિનપતિ શ્રી નવપલ્લવ પાસ, આશા પૂરણ સુરમણિ;
,, ધન્ય દિવસ મુજ આજ, પામ્યો હું સેવા તુજ તણી. ૧
,, હરિત વરણ તુમ દેહ, હરિ લંછન ચરણે રહ્યો;
,, હરિ સેવા કરે ખાસ, હરિ ભય તજી શિવસુખ ગ્રહ્યો. ૨
,, અશ્વસેન નૃપ નંદ, વામા માત ઉદર ધર્યો;
,, નયરી વારાણસી વાસ, નાથપણે સુરે શિર કર્યો. ૩
,, તું તારક ભગવાન, કમઠ હઠી મદ ભંજણો;
,, સમકિતદષ્ટિ લોક, થોક તણા મન રંજણો. ૪
,, પામી કેવલ નાણ, મિથ્યાતિમિર દુરે કરી;
,, તેત્રીશ મુનિ પરિવાર, સમેતશિખર શિવવધૂ વરી. ૫

જિનપતિ પાસ જક્ષ કરે સેવ, શાસન સૂરી પદ્માવતી;
,, પ્રભુ પદ પદ્મ નિવાસ, રૂપવિજય પદ ગાવતી. ૬

=*=

( ૧૯ )

[ પ્રભુજી સુખકર સમકિત દીજે-એ દેશી ]

સમય સમય સો વાર સંભારૂં, તુજ શું લગની જોર રે;
મોહન મુજરો માની લેજે,
જ્યું જલધર પ્રીતિ મોર રે. સમય૦ ૧

માહરે તન ધન જીવન તુંહી, એહમાં જૂઠ ન માનો રે;
અંતર જામી જગ જન નેતા,
તું કિંહાં નથી છાનો રે. સમય૦ ૨

જેણે તુજને હિયડે નવિ ધ્યાયો, તાસ જનમ કુણ લેખે રે;
કાચે રાચે તે નર મૂરખ,
રતનને દૂર ઉવખે રે. સમય૦ ૩

સુરતરૂ છાયા મૂકી ગહરી, બાઉલ તલે કુણ બેસે રે;
તાહરી ઓલગ લાગે મીઠી,
કિમ છોડાયે વિશેષે રે. સમય૦ ૪

વામાનંદન પાસ પ્રભુજી, અરજી ચિત્તમાં આણો રે;
રૂપ વિબુધનો મોહન પભણે,
નિજ સેવક કરી જાણો રે. સમય૦ ૫

## ( ૨૦ )

( સાંભળજો મુનિ સંજમ રાગે—એ દેશી. )

પાસ પ્રભુ પ્રણમું શિરનામી, આતમ ગુણ અભિરામી રે;
પરમાનંદ પ્રભુતા પામી, કામિત દાયક નામી રે. પા૦ ૧

ત્રેવીશમા ત્રિભુવનના નાયક, દૂર કર્યાં ત્રેવીશા રે;
ટાળ્યા જિણે દંડક ચઉવીસા, કાઢયા કષાય પણવીશા રે. પા૦ ૨

લોહ કુધાતુકું કરે જે કંચન, તે પારસ પાષાણો રે;
નિરવિવેક પણ તુમચે નામે, એ મહિમા સુપ્રમાણો રે. પા૦૩

ભાવે ભાવનિક્ષેપે મિલતાં, ભેદ રહે કિમ જાણો રે;
તાને તાન મળે જો અંતર, એહવો લોક ઉખાણો રે. પા૦ ૪

પરમ સ્વરૂપી પારસ રસશું, અનુભવ પ્રીત લગાઇ રે;
દોષ ટળે હોય દૃષ્ટિ સુનિરમલ અનુપમ એહ ભલાઇ રે. પા૦ ૫

કુમતિ ઉપાધિ કુધાતુને તજીયે, નિરૂપાધિક ગુણ ભજીયે રે;
સોપાધિક સુખ દુઃખ પરમારથ,
તે પામ્યે નવિ રંજીયે રે....પા૦ ૬

જે પારસથી કંચન સાચું, તેહ કુધાતુ ન હોવે રે;
તિમ અનુભવ રસ ભાવે ભેટયો, શુદ્ધ સ્વરૂપે જોવે રે. પા૦ ૭

વામાનંદન ચંદન શીતલ, દર્શન જાસ વિભાસે રે;
જ્ઞાનવિમલ પ્રભુતા ગુણ પ્રગટે, પરમાનંદ વિલાસે રે. પા૦ ૮

—*—

( ૨૧ )

[ વિમલજિન દીઠાં લોયણ આજ—એ દેશી ]

અસ્તિ સ્વભાવે આતમા રે, નાસ્તિ અવર સ્વભાવ;
અસ્તિ નાસ્તિ એકતા રે, એ સબ જડનો બનાવ.
પારસજિન ! તું તારણ સંસાર...૧

ખંધ દેશ પ્રદેશમાં રે, આતમ રમણ અપાર;
અનંત અનંતી વર્ગણા રે,
ભાસન જગદાધાર. પારસ. ૨

ઉપજે વિણસે કોણસે રે, થિરતા કોણ વિચાર;
જો થિરતા ગુણ ઉપજે રે,
પામે ગુણી ગુણ સાર. પારસ. ૩

નિજ સ્વરૂપે આતમા રે, નિરાવરણતા હોય;
અયોગી ગુણ સંપજે રે, સિદ્ધ અવસ્થા જોય. પારસ. ૪

તે સબ તુમરે નામસે રે, પામીયે પાસ દયાળ;
અમૃત કુશલ ગુરૂથી સદા રે,
કમલને સુખ વિશાળ. પારસ. ૫

—*—

( ૨૨ )

( મનડું કિમહી ન બાઝે હો કુંથુ જિન—એ દેશી. )

મન મીઠડી મૂરતી પ્યારી, વસિયા દિલ દિઠડી જ્યોતિ ઝગારી;
નેક નજર કરી સાંઇ સલૂણા, સુણીએ અરજ હુમારી; વ૦

ચરણ શરણ પ્રભુ પાસ હું આયો,
નેહ કરણ હુંશીયારી....વ૦ દિ૦ ૧

નેહ નવલ મેં પગ પગ કીનો, લીનો પ્રેમ કટારી; વ૦
દીનો ધન તન પ્રાન મેં અપનો,
પણ સવિ મિલિએ ગમારી વ૦ દિ૦ ૨

નયન નચાવે વચન હસાવે, સ્વારથિયા સંસારી; વ૦
દેવી દેવા ભવ ભવ સેવ્યાં, પૂરણ પ્રેમ વિચારી વ૦ દિ૦ ૩

આદિ સનેહી અંતે વિછોહે, દેખત નેહ નિવારી; વ૦
પારસનામા પૂરણ કામા, નેહકી રીત હે ન્યારી વ૦ દિ૦ ૪

રંગ મજીઠમેં રાગ ભાગ હૈ, ઘણ કુટ્ટણ દુઃખ ભારી; વ૦
પણ વીતરાગશું રાગ કરંતા,
મણી ફણિધર વિષહારી. વ૦ દિ૦ ૫

પારસ સંગે કંચન લોહ, નેહા અચલ નિરધારી; વ૦
કહિએ મ દેશો છેહ સનેહા, વીરવિજય જયકારી. વ૦ દિ૦ ૬

—*—

( ૨૩ )

[ ચાલ ચાલ રે કુમર ચાલ તારી ચાલ ગમે-એ દેશી ]

ચાલ ચાલ રે સહિયર ચાલ મુને,
પાસ ગમે રે, શંખેશ્વર પાસ ગમે રે.
આતમ લીલા લચ્છી સાધે, જેહ રમે રે, શંખે૦ ૨
દેવદાનવ રાય રાણા આપ નમે રે, શંખે૦ ૩
અંતરજામી સ્વામી સેંતી, પ્રીત જમે રે, શંખે૦ ૪

વચમાં આવી બોલે તે શું, રીસ ધમે રે, શંખે૦ ૫
સુરતરૂની છાયા છોડી તાવડે, કુણ ભમે રે, શંખે૦ ૬
ખીર ખાંડી ઘૃત પામી કુકસ, કોણ જમે રે, શંખે૦ ૭
ખિમાવિજય જિન ગેહ, મંગલગીત ઘુમે રે, શંખે૦ ૮

—*—

( ૨૪ )

( જગપતિ નાયક નેમિજિણંદ—એ દેશી. )

જિનવર ! તુંહી દેવાધિદેવ, વાંછિત પૂરણ સુરતરૂ;
જિનવર ! તન્મય શુદ્ધ સ્વભાવ,
આરાધ્યો સવિ અઘહરૂ...જિન૦ ૧

જિનવર ! અનંત અચલ અવિકાર, અજર અભયપદ અનુસરે;
જિનવર ! રાગાદિ રિપુ હંતાર,
વીતરાગ અભિધા ધરે....જિન૦ ૨

જિનવર ! પૂરણ પ્રભુતાવંત, કંત હુઓ શિવવધૂ તણો;
જિનવર ! આદિ અનંત જસ વાસ,
જ્યોતિ ઝલામલ સુખ ઘણો....જિન૦ ૩

જિનવર ! નામ ઠવણ દ્રવ્ય ભાવ, અધ્યાતમ ગુણથી લહે;
જિનવર ! આકૃતિ અતિ નિર્વિકાર,
ધ્યાતા ભેદજ્ઞાન ગ્રહે....જિન૦ ૪

જિનવર ! પાશ રહિત જિન પાસ, તારક પ્રભુ ત્રેવીશમો;
જિનવર ! શંખેશ્વર શિરદાર,
ધીંગધવળ મુજ મન રમો.....જિન૦ ૫

જિનવર! મહેર કરી મહારાજ, દ્યો હરિશણ સેવક ભણી;
જિનવર! અષ્ટાદશ પચવીશ,
શુકલ તૃતીયા મૃગશિર તણી....જિન૦ ૬

જિનવર! ભક્તવત્સલ ભગવંત, સ્તવના ગુણરચના કરી;
જિનવર! લક્ષ્મીવિજય સુશિષ્ય,
જ્ઞાનવિજય જયશ્રી વરી....જિન૦ ૭

---

( ૨૫ )

[ જિરૂઆરે ગુણ તુમ તણા–એ દેશી ]

પાસ પ્રભુ શંખેશ્વરા, મુજ દરિસણ વેગે દીજે રે;
તુજ દરિસણ મુજ વાલહુ,
જાણું અહનિશ સેવા કાજે રે પા૦ ૧

રાત દિવસ સૂતાં જાગતાં, મુજ હૈડે ધ્યાન તુમારૂં રે;
જીભ જંપે તુમ નામને,
તવ ઉલ્લસે મનડું મારૂં રે. પા૦ ૨

દેવ દીયે જો પાંખડી, તો આવું તુમ હજુર રે;
મુજ મન કેરી વાતડી,
કહી દુખડા કીજે દૂર રે. પા૦ ૩

તું પ્રભુ આતમ માહરો, તું પ્રાણ જીવન મુજ દેવ રે;
સંકટ ચૂરણ તું સદા,
મુજ મહેર કરો નિત મેવ રે. પા૦ ૪

કમલ સૂરજ જેમ પ્રીતડી, જેમ પ્રીતિ બપૈયા મેહ રે;

દૂર થકી તિમ રાખજો,
　　　　મુજ ઉપરે અધિક સનેહ રે. પા૦ ૫
સેવક તણી એ વિનતિ, અવધારી સુનજર કીજે રે;
લબ્ધિવિજય કવિ પ્રેમનો,
　　　　પ્રભુ અવિચલ સુખડા દીજે રે. પા૦ ૬

( ૨૬ )

( અડશે મા જો—એ દેશી. )

રહેને રહેને રહેને લીનો રહેને,
　　　　પાસ શંખેશ્વર ધ્યાને, લીનો રહેને;
　　　　　　સમતારસ ગુણ પાને, લીનો રહેને....
મોહ મહીપતિ મદમત્તવાળો, સઘળે આણ મનાવે;
ધરમ નૃપતિનો એ મહાદ્વેષી, તસ પાસે મત જાવે. લીનો૦ ૧
રાગ-દ્વેષ દોય સુભટ મલીને, જગમાં ધંધ મચાવ;
બહોત દિવસનો તું ભરમાયો,
　　　　મૂરખ મરમ ન પાવે....લીનો૦ ૨
ચૌદ રાજકે ચોક વિચાલે, મમતા પાત્ર નચાવે;
મિથ્યામતિ મોટો નાટકીયો, કુમતિ મૃદંગ બજાવે. લીનો૦ ૩
સુમતિ નારી પિયુને પ્યારી, અરજ કરી સમજાવે;
કુમતિ ધુતારી નિરગુણ નારી, કાહે કું બતલાવે. લીનો૦ ૪
પ્રભુ ગુણગણ સાંકળશુ બાંધી, મન મરકટ વશ લાવે;
પ્રમોદસાગર કહે આતમ તૂંહી,
　　　　તો અવિરત પદ પાવે. લીનો૦ ૫

( ૨૭ )

[ મેરે સાહિબ તુમહી હો–એ દેશી ]

આજ સખી શંખેસરો, મેં નયણે નિરખ્યો,
દેખત પંખત પાસથી, જીવન મોરો હરખ્યો;
મનમોહન મોહી રહ્યો, જિન જોવા સરખો,
દેવ સવેમાં દીપતો, મેં પુન્યે પરખ્યો. ૧

પદ્માસન આસન ભલું, સિદ્ધવધૂય મિલાવે,
ભાલ સ્થલક દીપે ભલું, નાસાવંસ સુહાવે;
વદન શારદકો ચંદલો, ભવિયણ મન મોહે,
મસ્તક મુગટ સોહામણો, કાને કુંડલ સોહે. ૨

જે ભવિ ભાવે વાંદશે, તેહને શિવસુખ દેવે,
અલ્પસંસારી જે હોવે, તે પ્રભુને સેવે;
મેં તો સાહિબ પામીયો, હવે અવર ન ધ્યાઉં,
રાત દિવસ સૂતાં જાગતાં, ગુણ તોરાં ગાઉં. ૩

પરચો પૂરે પળે પળે, અધિષ્ઠાયક દેવા,
ધરણેંદ્ર પદ્માવતી, કરે તોરી સેવા;
તુમ દીઠે દુઃખ વિસર્યું, મુજ દહાડો વલીયો,
ભવ અનંતનો ભય ટળ્યો, મેરો સાહિબ મલીયો. ૪

રાય રાણા આવી મળે, પ્રભુ સેવા કાજે,
ભારે કરમી જે હોવે, તે દેવ દેખી લાજે;

શુભવિજય શિષ્ય વિનતિ, પ્રભુ સુણજો કહીયે,
લાભવિજય કહે ભવે ભવે, તુજ ચરણે રહીયે. ૫

( ૨૮ )

[ રાજગૃહી નગરીનો વાસી—એ દેશી ]

જય ગોડી પાસ જિણંદા,
પ્રણમે સુરનર નાગિંદા રે જિનજી! અરજ સુણો.
શરણાગત સેવક પાળો,
જગતારક બિરૂદ સંભાળો રે. જિનજી૦ ૧

તુમ સરખો અવર દીખાવો,
જઇ કીજે તેહ શું દાવો રે. જિનજી૦
વસુધાનો તાપ શમાવે,
કુણ જલધર વિણુ વનદાવે રે. જિનજી૦ ૨

નિરગુણ પણ ચરણે વળગ્યા,
કિમ સરશે કીધા અળગા રે. જિનજી૦
પત્થર પણ તીરથ સંગે,
જુઓ તરતા નીર તરંગે રે. જિનજી૦ ૩

લીંબાદિક ચંદન થાય,
લહી મલયાચલનો વાય રે. જિનજી૦
પામી પારસ સંયોગ,
લોહ કંચન જાતિ અભોગ રે. જિનજી૦ ૪

ચેતન પારિણામિક ભવ્ય,
તુજ દરશન ફરશન ભવ્ય રે. જિનજી૦
જ્ઞાન ગોરસ ચરણ જમાવે,
જિનવિજય પરમપદ પાવે રે. જિનજી૦ ૫

( ૨૯ )

( મેરે સાહિબ તુમહી હો—એ દેશી. )

પ્રભુશ્રી ગોડીચા પાસજી, આશા પૂરો કૃપાલ;
જગમાંહે જાણે સહુ, તુમ હો દીન દયાલ....પ્ર૦ ૧
બિરૂદ ગરીબ નિવાજનું, અશરણ આધાર;
પતિત પાવન પરમેસરૂ, સેવક સાધાર....પ્ર૦ ૨
ભુત પ્રેત પીડે નહિ, ધરતાં તુમ ધ્યાન;
ગયવરના અસવારને, કહો કિમ અડે શ્વાન....પ્ર૦ ૩
એકતારી તુમ ઉપરે, દૃઢ સમકિત ધારી;
ભક્ત વચ્છલ ભગવંતજી, કરો ભવજલ પારી....પ્ર૦ ૪
પાપ પડલ જાયે પરાં, વેદન વિસરાળ;
કહે લાવણ્ય તુમ નામથી, હોવે મંગલમાળ...પ્ર૦ ૫

( ૩૦ )

[ અરિહંત નમો ભગવંત નમો–એ દેશી. ]

સુણો સયલ એસે સાંઇ સલૂણે, ઘડી ઘડી મેરે દિલ આવે;
લાખ સોવન મે દેઉં હજુરાં,
ગોડી પાસ કોઈ દીખાવે આંકણી૦

ચરણ શરણ હે તરણ ભવિકકું, કરણ ઠરણ હે શિવસુખકો;
હરણ વિઘન ઘન પવન ભરણ હે, ધરણ રૂપ હે શ્રી વૃષકો;
જગદાનંદ વિલોકત જમુના,
જનક તેજકું હઠાવે....સુણો૦ ૧

કાશી વાણારશી ગંગ સુરંગી, અશ્વસેન અમ્મા વામા;
જોવન જોર ઘોરસેં ભોગી, કુંવર હે પારસ નામા;
આપહી સોખે ગોખમેં બેઠે,
પાત્ર લોકકું નચાવે....સુણો૦ ૨

નવ નવ બાટી વેશ સમાટી, જાતે જિન જનતા દેખી;
જિને બોલાયા કહે દરિદ્રી, બંભન સુખી દુનિયા પેખી;
કમઠ નામ તાપસ ભઇ તુમ વન,
પંચાગ્નિ તનુ તપાવે....સુણો૦ ૩

ઉનકું નમન પૂજન જન ખુસીસેં, જાતે જવ પ્રભુ સુણીને;
બલ હલકારી ભઇ અસવારી, દેખન જન આયા મુણીને,
બડે લકડેમેં નાગહી જલતા,
દેખી કમઠકું બોલાવે....સુણો૦ ૪

સુન હો તપસી કયા તુમ જપસી,
જીવદયા વિણુ ફલ નાવે;
ક્રોધી કમઠ કહે અશ્વ ખેલાવો,
ધરમ બાત તુમ કયોં આવે?
સાંઈ હુકમ સેવકજન તામેં,
હેલા મુણી ફણિ નિકસાવે....સુણો૦ ૫

નાગ સુનત હે સેવક મુખસેં, સાંઈ દિલાયા નવકાર;
ક્રોધી કમઠ હુઓ મેઘમાલી, નાગ ધરણેન્દ્ર અવતારા;
વરસીદાન વરસી લહી દીક્ષા,
ધ્યાન લહેર કાઉસ્સગ્ગ ઠાવે. સુણુ૦ ૬

સોઈ સુરાધમ નાણુ નિહાલી, વિકુર્વે અંધકાર ઘટા;
પ્રભંજન ભંજન ગિરિ તરૂઆં, ગીરદ બોહોત બની વીકટા;
ઉત્કટ કટક ગમન ગરજનસેં,
ટુહૂક ટુહૂક શિખી ટહૂકાવે....સુણો૦ ૭

દાવ ઝાલ ઝરકે વિજરીયાં, બાદરીયાં જલબુંદ છટા;
સાંચુંકે શિર મુશલધારા, યો બરસાવે મેઘઘટા;
ધ્યાન અચલ પ્રભુ ચંડ પવનસે,
મેરૂ કહો કયોં કંપાવે?....સુણો૦ ૮

ધરણુરાય પદ્માવતી આયે, જબ નાસાપેં જલ આયે,
ઉવસગ્ગ ટાર્યો દેવ હકાર્યો, પાર્શ્વ ચરણ સરણ આયે;
નાટક દેખતં ધરણુરાયકો, મેઘમાલી સમકિત પાવે. સુણો૦ ૯

કેવલ લહી વિહરી શિવમંદિર, અગુરૂ લઘુ ગુણ નિપાયા;
ગોડી પાસ સોઇ રૂપ નિહાળી, જે વંદે મન વચ કાયા;
શ્રી શુભવીરવિજય સુરમંજરી,
અંબ લહેરીયાં સુખ પાવે. સુણો૦ ૧૦

---

( ૩૧ )

ભીડભંજન પ્રભુ ભીડ ભાંજે સદા,
નહિ કદા નિષ્ફલા નાથ સેવા;
ભવિજન ભાવશું ભજનમાંહિ લીજે, પરમપદ સંપદા તખત લેવા.
ભીડભંજન૦ ૧

કાશી વાણારશી જનપદ પુર જયો,
વામા અશ્વસેન સુત વિશ્વદેવો;
સેઢી વાત્રક તટે ખેટકપુર તપે, કલ્પની કોડી કિરપાલ જીવો.
ભીડભંજન૦ ૨

ભીડ ભવભીતિ ભાવઠ સવિ ભંજણો,
ભક્તજન રંજણો ભાવે ભેટયો;
આજ જિનરાજ શુભ કાજ સાધન સવે,
મોહરાજા તણો માન મેટયો....ભીડભંજન૦ ૩

કોડી મન કામના સુજશ બહુ ઠામના,
સુખ સવિ ધામના આજ સાધ્યા;
મંગલમાલિકા આજ દીપાલિકા,
મુજ મન મંદિરે મોદ વાધ્યા....ભીડભંજન૦ ૪

પાઠકે ઠાઠમેં કાંતિ વદી આઠમેં, સત્તર અઠ્ઠોત્તરે પાસ ગાયો;
ઉદય નિજ દાસની એહ અરદાસ સુણો,
હિત ધરી નાથજી! હાથ સાહો....ભીડભંજન૦ ૫

—*—

( ૩૨ )

પ્રભુજી પાસ પંચાસર દેવ, દેવ સયલમાં દીપતો;
પ્રભુજી ગ્રહગણ ચંદની કોડી, સહસ કિરણ પરે જીપતો. ૧

પ્ર૦ ધર્મધ્વજા ધર્મચક્ર, આકાશે વહે દેવતા;
પ્ર૦ અણહુંતે એક કોડી, ચારનિકાયના સેવતા. ૨

પ્ર૦ દેવ કરે છંટકાવ, સુરભિ જલે મહીમંડલે;
પ્ર૦ કનક કમલ ઠવે પગ, અતિશય મહિમા કોણ કલે? ૩

પ્ર૦ વાધે ન નખ ને કેશ ગયણે ગાજે દુંદુભિ;
પ્ર૦ જાનુ પ્રમાણે વૃષ્ટિ, પંચવરણ ફુલ સુરભિ. ૪

પ્ર૦ કાંટા પણ ઉંધા થાય, વૃક્ષ નમે સુવિચક્ષણા;
પ્ર૦ પવન છ ઋતુ અનુકુળ, પંખી દીયે સુપ્રદક્ષિણા. ૫

પ્ર૦ રૂપ્ય કનક મણિ વપ્ર, રત્ન સિંહાસન ઉપરે;
પ્ર૦ બેસી અશોકની છાંય, છત્ર ચામર સુરવર ધરે. ૬

પ્ર૦ ચઉમુખ ચઉવિધ ધર્મ, ભાખે ચઉ ગતિ વારવા;
પ્ર૦ અક્ષય લીલ અનંત, અનુભવ સંપદ આપવા. ૭

પ્ર૦ વરસે દેશનાધાર, સજલ જલદ સમ દેહડી;
પ્ર૦ ભાવિક હૃદય આરામ, પાલ્હવે સમકિત વેલડી. ૮

પ્ર૦ પાટણ લોક પવિત્ર, પરભાતે દર્શન કરે;
પ્ર૦ મોહન મુદ્રા દેખી, ભાવ અવસ્થા સાંભરે. ૯

પ્ર૦ પરમપુરૂષની સેવ, પામી અવરને કુણ નમે ?;
પ્ર૦ ખીર ખાંડ ધૃત છાંડી, બાકસ કુકસ કોણ જમે ? ૧૦

પ્ર૦ કલ્પાંકુર ઉવેખી, આક ધતુરો કુણ વપે ?
પ્ર૦ મૂકી તુમારી સેવ, હરિ હર બ્રહ્મા કુણ જપે ? ૧૧

પ્ર૦ પુત્ર કલત્ર પરિવાર, વિદ્યા સુખ જસ સંપદા;
પ્ર૦ તુમથી પરમ વિલાસ, શિવરમણી રમણે સદા. ૧૨

પ્ર૦ ગુણઆગર ભગવાન, નાગર જન ચરણે નમે;
પ્ર૦ ચાકર નજર નિહાળ, જેમ સંસારે નવિ ભમે. ૧૩

પ્ર૦ પાટણ રહી ચોમાસ, સતર એકાણું સંવચ્છરે;
પ્રભુજી સ્તવીયો પંચાસર પાસ,
ક્ષમાવિજય જિન સુખકરો. ૧૪

---

( ૩૩ )

કોકો કામિત પૂરણો, કલિ કલ્પદ્રુમ સમાન રે;
લંછન મિષે મણે ફણિ, લોભીત અધિકો દાન રે કોકો૦ ૧

રાખ્યો બળતી આગથી, મુજ વિષધરને દેવ રે;
દાયક દૂજો કોણ છે, જેહની કીજે સેવ રે. કોકો૦ ૨

જ્ઞાનરયણ સમતા જલે, સાયર ભૂમિ લુઠંત રે;
તેજ પ્રતાપ પ્રકાશથી રવિ આકાશ અટંત રે. કોકો૦ ૩

પૂરણ સકલ નિઃકલંકતા, નિત્યોદય મુળકાંત રે;
લાજ્યો વિધુ લાંછન ધરી, નાઠો ગયણ ભમંત રે. કોકો૦ ૪

સંથવ ચાલે હંસલો, હાર્યો માનસ જાય રે;
નીલ વરણ નવ કર તનુ, મરકત મણિ લજ્જાય રે. કોકો૦ ૫

અનોપમ અંગ નિહાળીને, અનંગ થયો ગતરૂપ રે;
કેવલધર પણ કિમ કહે, પ્રભુનું અકલ સ્વરૂપ રે. કોકો૦ ૬

પાટણમાં પુણ્યાત્મા, પૂજે શ્રાવક લોક રે;
ખિમાવિજય જિન પેખતાં, હરખે માનવથોક રે. કોકો૦ ૭

---

( ૩૪ )

શ્રી નારંગપુર પાસ પધારો દેહરે,
પાટણ નગર મઝાર સુશોભિત પરિકરે;
ઉજ્વલ દેવલમાંહિ જિણંદ બિરાજતો,
સિદ્ધશિલાની ઉપરે સિદ્ધ જ્યું છાજતો. ૧

નીલવરણ તનુ શુકલ ધ્યાન ધારા મલી,
ચંદ કિરણ સમ દેહ તિણે થઇ નિરમલી;
ચૂઆ ચૂઆ ચંદન કેસર મૃગમદ ઘન ઘસી,
ભાવે સુરનર નારી પ્રભુ પૂજે ધસી. ૨

પંચવરણ શુચિ ફુલ ગલે માલા ઠવી,
પંચાસર સુરૂપ અનુપ બની છવી;

ધૂપઘટી ઘનશ્યામ કુમત અપયશ ગયો,
શ્રી જિનશાસન ભાસન ધૃતદીપક જયો. ૩
આહાર રહિત વાંછાયે નીર નિવેદશુ,
શિવપદ ફલ સંકેત ફલાદિક મોદશું;
જ્ઞાનાદિક ત્રિક આશ ધરી અક્ષત ઠવે,
મધુર સ્વરે બહુ ભાવ સહિત કાવ્યે સ્તવે ૪
સ્વર્ગ વિમાન સમાન ભુવન જિનરાજનો;
સત્તર બાણું એ વત્સર દિન અખાત્રીજનો;
અમરદાસને રાજ્યે દેવલ શિર ધ્વજ ચઢયો,
પટણી સંઘનો યશ આકાશે જઇ અડયો. ૫
માદલનો ધોંકાર અંબર ગાજી રહ્યો,
જૈનધર્મ જશવાદ સુપર્વ ગાયન કર્યો;
ઉત્તમ વિમલ જગીશ ફલી જિનરાજશ્રી,
શાસનવાસન દેવ! દેજો મુજ આજથી. ૬
પાસે ગૌતમ ગણધર સુખાકર પાદુકા,
સત્યમુનિ પરિવાર શિવશ્રી કામુકા;
ધરણવીર પઉમાવઇ પાસ સેવે સદા,
ખિમાવિજય જિન નામ મંગલમાળા સદા ૭

( ૩૫ )

શ્રી મનમોહનસ્વામી, સૂણો વિનતિ કહુ શિરનામી હો;
સાહિબ! અરજ સૂણો,
તું દીનદયાલ કહાવે, મુજ કરૂણા તો કિમ નાવે હો. સા૦ ૧

પંચેંદ્રિ પાંચ પાડોશી, તિણે લીધો સઘળો લૂસી હો; સા૦
ક્રોધાદિક ચાર જે ચોર,
તે તો નિશદિન દીયે દુઃખ જોર હો. સા૦ ૨

નિદ્રા વિકથા દોય દાસી, મોહ ભૂપતિ કેરી ખાસી હો; સા૦
તિણે હું બહુવિધ નડીયો,
તૃષ્ણા બેડીમાંહિ જડીયો હો. સા૦ ૩

શુભ કર્મવિવરથી આજ, ભેટયો તું ત્રિભુવનરાજ હો; સા૦
ધરી આશ આયો હું ચરણે,
કરી સેવક રાખો શરણે હો. સા૦ ૪

હરિહર બ્રહ્માદિક દેવા, હવે ન કરૂં તેહની સેવા હો; સા૦
કુણ કુક્સાની કરે હેવા, જે પામ્યા મીઠા મેવા હો. સા૦ ૫

વામા રાણીના જાયા, પ્રભુ ધ્યાનભુવનમાં આયા હો; સા૦
શ્રી ખિમાવિજય ગુરૂ રાયા,
જિન જિત નિશાણ બજાયા હો. સા૦ ૬

( ૩૬ )

પાસકી પાસકી પાસકી રે, વારી જાઉં ચિંતામણિ પાસકી.
નરક નિગોદમેં મહાદુઃખ પાયો,
ખબર લીની નહિ દાસકી રે. વારી૦ ૧

ભમત ભમત તોરે ચરણે આયો,
દ્યો સેવા પદવાસકી રે. વારી૦ ૨

બાલ હું મૈં તુમ કેડ લાગ્યો અબ,
તેરી સુરત પર આસકી રે. વારી૦ ૩
દિલમે રમત તું દિલકી જાણે,
નરક તિર્યંચ નિવારકી રે. વારી૦ ૪
અખય ચિદાનંદ અમૃત લીલા,
દેઇ કરો ગુણ રાસકી રે. વારી૦ ૫

—*—

( ૩૭ )

જ્ઞાનાગર અરિહા શંભુ નિરીહા જાણીએ, સાહેબજી
કર્મરૂપ ગાભા પાવક આભા માનીએ; સાહેબજી.
જાણી બહુ લાભ જિનવર ભાભા પાસને, સા૦
સેવો બહુ યુક્તિ દેવે મુક્તિ દાસને. સા૦ ૧

વરીયા શિવરામા નંદન વામા માતનો, સા૦
સવિ સાધ્વસ ટાલ્યો કુલ અજુઆલ્યો તાતનો; સા૦
હૃદયાંતર વામા જેહથી કામા ઉપજે, સા૦
તજી તેહને દૂરે આણંદ પૂરે શ્રી ભજે. સા૦ ૨

દાન લાભોપભોગાંતરાય બલભેગા તેં તજયા, સા૦
અનંત અનંતા ગુણ ભગવંતા તેં ભજયા; સા૦
દુર્ગંધારતિ ને હાસ્ય રતિ ને શોક રે, સા૦
તે ભય સવિ ભાર્યા પાર ઉતર્યા લોક રે. સા૦ ૩

કંદર્પ મિથ્યાતો અજ્ઞાનવ્રાતો બાલિયો, સા૦
તે અવિરતિ નિદ્રા દેખી છીદ્રા ટાલિયો; સા૦

રાગ દ્વેષ પ્રચંડ મસ્તક દંડ તે દહ્યા, સા૦
પણ ધરી શુભ રોષા અડદશ દોષા જે કહ્યા. સા૦ ૪

દેવ દર્શન વાસે કલંક પણાસે દાસના, સા૦
ચોર તમ તેય નીઠે ગોઇન દીઠે ત્રાસના; સા૦
ભવિ હૃદય વહીને કર્મ દહીને શિવ લહ્યા, સા૦
તો જિન દુઃખવારક ભવજલતારક કિમ કહ્યા. સા૦ ૫

પણ સત્ય એ વાચા તારક સાચા ઇણિપરે, સા૦
અંતર્ગત વાયે દતિ વનમાંહિ નિસ્તરે; સા૦
હુવે કાર્ય શુભંકર જો હૃદયાંતર ઉતરો, સા૦
નિધિ જ્ઞાન અખયના વીરવિજયના ઈશ્વરો. સા૦ ૬

( ૩૮ )

નવખંડાજી હો પાસ, મનડું લોભાવી બેઠા આપ ઉદાસ;
તારે તો અનેક છે ને, મારે તો તું એક;
કામ ક્રોધી દેવ જોઇ, કાઢી નાખી ટેક...નવ૦ ૧

કોઇ દેવી દેવતાના, ઝાલી ઉભા હાથ;
મોઢે માંડી મોરલીને, નાચે રાધા નાચ....નવ૦ ૨

જટા જુટ શિર ધારે, વળી ચોળે રાખ;
ગમે તો ગિરજાને રાખે, જોગીપણું આખ....નવ૦ ૩

પીર ને ફકીર જોયા, નિરગુણી દેવ;
કાચ દણી મણી ગણી; આ તો ખોટી ટેવ....નવ ૪

દેવ દેખી જુઠડાને, આવ્યો છું હજુર;
ગુણ આપો આપના તો, કાંતિ ભરપૂર....નવ૦ ૫

( ૩૯ )

ધ્રુવપદ રામી હો સ્વામી માહરા, નિષ્કામી ગુણરાય સુજ્ઞાની;
નિજગુણ કામી હો પામી તું ધણી;
ધ્રુવ આરામી હો થાય સુજ્ઞાની....ધ્રુવ૦ ૧ ॥

સર્વવ્યાપી કહે સર્વ જાણગપણે,
પરપરિણમન સરૂપ સુજ્ઞાની;
પરરૂપે કરી તત્ત્વપણું નહીં,
સ્વસત્તા ચિદ્રૂપ સુજ્ઞાની....ધ્રુવ૦ ૨ ॥

જ્ઞેય અનેકે હો જ્ઞાન અનેકતા,
જલભાજન રવિ જેમ સુજ્ઞાની;
દ્રવ્ય એકત્વ પણે ગુણ એકતા,
નિજપદ રમતા હો ખેમ સુજ્ઞાની....ધ્રુવ૦ ૩ ॥

પરક્ષેત્રે ગત જ્ઞેય તે જાણવે,
પરક્ષેત્રે થયું જ્ઞાન સુજ્ઞાની;
અસ્તિપણું નિજક્ષેત્રે તુમે કહ્યું,
નિર્મલતા ગુણ માન સુજ્ઞાની....ધ્રુવ૦ ૪ ॥

જ્ઞેય વિનાશે હો જ્ઞાન વિનશ્વરૂ,
કાળ પ્રમાણે રે થાય સુજ્ઞાની;

સ્વકાળે કરી સ્વસત્તા સદા,
તે પર રીતે ન જાય સુજ્ઞાની....ધ્રુવ૦ ૫ ॥

પરભાવે કરી પરતા પામતા,
સ્વસત્તા થિર ઠાણ સુજ્ઞાની;
આતમ ચતુષ્કમયી પરમાં નહીં,
તો કિમ સહુનો રે જાણ સુજ્ઞાની. ધ્રુવ૦ ૬ ॥

અગુરૂલઘુ નિજગુણને દેખતાં, દ્રવ્ય સકલ દેખંત સુજ્ઞાની,
સાધારણગુણની સાધર્મ્યતા,
દર્પણ જલને દ્રષ્ટાંત સુજ્ઞાની ધ્રુવ૦ ૭ ॥

શ્રી પારસ જિન પારસરસ સમો,
પણ ઈહાં પારસ નાંહિ સુજ્ઞાની;
પૂરણ રસીઓ હો નિજગુણ પારસનો,
આનંદઘન મુજ માંહિ સુ૦ ધ્રુવ૦ ૮ ॥

—*—

( ૪૦ )

ચઉ કષાય પાતાલ-કલશ જિહાં, તિસના પવન પ્રચંડ,
બહુ વિકલ્પ-કલ્લોલ ચઢતું હે, અરતિ-ફેન ઉદ્દંડ,
ભવસાયર ભીષણ તારીઇ હો, અહો મેરે લલના પાસજી,
ત્રિભુવન નાથ ! દિલમેં, એ વિનતિ ધારીયે હો. (૧)

જરત ઉદ્દામ કામ-વડવાનળ, પરત શીલગિરિ શૃંગ;
ફિરત વ્યસન બહુ મછેર-તિમિંગિલ,
કરત હે નિભંગ-ઉમંગ....ભવ૦ (૨)

ભમરીયાંકે બીચિં ભયંકર, ઉલટી—ગુલટી વાચ;
કરત પ્રમાદ પિશાચન સહિત જિહાં,
અવિરતિ વ્યંતરી નાચ....ભવ૦ (૩)

ગરજત અરતિ, ફૂરતિ રતિ બિજુરી, હોત બહુત તોફાન;
લાગત ચોર કુગુરૂ મલબારી,
ધરમ જિહાજ નિદાન....ભવ૦ (૪)

જુરેં પાપિયેં જિઉં અતિ જોરી, સહસ અઢાર શીલંગ;
ધર્મ જિહાજ તિઉ સજ્જ કરી ચલવો,
જશ કહે શિવપુરી ચંગ ભવ૦ (૫)

=*=

( ૪૧ )

નયરી વાણારસી અવતર્યો હો અશ્વસેન કુળચંદ,
વામા-નંદન ગુણનીલો-હો, પાસજી શિવ તરૂકંદ,
પરમેસર ! ગુણ નિતુ ગાઇયે હો. [૧]

ફણી લંછન નવ કર તનુ જિનજી,
સજલ ઘનાઘન-વન્ન;
સંયમ લિયે શત તીનશ્યું હો,
સવિ કહે જયું ધન ધન્ન પરમેસર૦ [૨]

વરષ એક શત આઉખુ હો, સિદ્ધી સમેતગિરીશ;
સોળ સહસ મુનિ પ્રભુ તણા હો,
સાહુણી સહસ અડતીશ. પરમેસર૦ [૩]

ધરણુરાજ પદ્માવતી હો, પ્રભુ—શાસન—રખવાળ;
રોગ—સોગ—સંકટ ટળે હો,
નામ જપત જયમાળ પરમેસર૦ [૪]

પાસ ! આશ પૂરણુ અબ મેરી, અરજ એક અવધાર;
શ્રી નયવિજય વિબુધ પદ સેવી,
જશ કહે ભવજલ તાર. પરમેસર૦ [૫]

( ૪૨ )

વામાનંદ શ્રી પાસ,
મ્હારી સાંભળો તુમે અરદાસ–સાહિબ–સસનેહા;
અમે સેવક તુમારા,
તુજહે છો સાહિબજી હમારા હો....સાહિબ૦ (૧)

સુંદર પ્રભુ તુમ રૂપ,
જસ દીઠે હાર્યો રતિ ભૂપ હો; સાહિબ૦
પ્રભુ મુખ વિધુ સમ દીસે,
દેખી ભવિયણુનાં મન હીસે હો....સાહિબ૦ (૨)

કમલ–દલ સમ તુમ નયણાં,
અમૃતથી મીઠા વયણાં હો; સાહિબ૦
તુમ અર્દ્ધ ચંદ્ર સમ ભાલ,
માનુ અધર જિસ્યા પરવાળ હો....સાહિબ૦ (૩)

શાંતિ—દાંતિ ગુણ ભરીયો,
એ તો અગણિત-ગુણનો દરિયો હો; સાહિબ૦
સાચો શિવપુર સાથ,
પ્રભુ તું છે અનાથનો નાથ હો....સાહિબ૦ (૪)

એ તો ભજન કરવા તાહરૂં,
પ્રભુ ઉલસ્યું છે મન માહરૂં હો; સાહિબ૦
એ તો પ્રેમ વિબુધનો શીશ,
ભાણુવિજય નમે નિસ-દીશ હો સાહિબ૦ (૫)

( ૪૩ )

[ વિનતિ અવધારે રે-એ દેશી ]

વામારણી—જાયા રે, સુર-નર-મુનિ ભાયા રે;
મુજ મન આયા હુઆં, શુભ-વધામણા રે૦ [૧]
આરતિ સવિ ભાંગી રે, તુમશ્યું લય લાગી રે;
રૂચિ જાગી ધન પૂરાં, આવ્યા આપણા રે૦ [૨]
તુજ સંગે સોભાગી રે, બહુ શર્મ વિભાગી રે;
પશુ ભોગ થયો ધરણીધરો રે૦ [૩]
આશાતના કારી રે, દોષી મહા ભારી રે;
દ્વેષનો ધારી અસુર કમઠ તર્યો રે૦ [૪]

શ્રી પાર્શ્વજિણંદા રે, મુખ પુનિમ ચંદા રે;
પરમાનંદકારી એ પ્રભુ જાણિયે રે૦ [૫]
તુજ નામ સંભારી રે, નિજ ગુણ વિચારી રે;
કીર્તિ તાહરી જગ વખાણીયે રે૦ [૬]
તુંહી તુંહી હમારો રે, હું ભેદ નિવારો રે;
ઇમ કહે લક્ષ્મી-વાચક પ્રમાણીયે રે૦ [૭]

( ૪૪ )

શ્રી પાસજી પ્રગટ-પ્રભાવી,
તુજ મૂરતિ મુજ મન ભાવી રે.
મનમોહના જિનરાયા.
સુર-નર-કિન્નર ગુણ ગાયા રે....મન૦
જે દિનથી મૂરતિ દીઠી, તે દિનથી આપદ નીઠી રે. મ૦ (૧)
મટકાળું મુખ સુપ્રસન્ન, દેખત રીઝે ભવિ મન્ન રે; મ૦
સમતા રસ કેરાં કચોળાં,
નયણા દીઠે રંગ રોળાં રે....મન૦ (૨)
હાથે ન ધરે હથિયાર,
નહી જપ-માળાનો પ્રચાર રે; મન૦
ઉત્સંગે ન ધરે વામા,
જેહથી ઉપજે સવિ કામા રે....મન૦ (૩)
ન કરે ગીત—નૃત્યના ચાળા,
એ તો પરતક્ષ નટના ખ્યાલા રે; મન૦

ન બજાવે આપે વાજાં,
ન ધરે વસ્ત્ર જીરણ સાજા રે....મન૦ (૪)

ઇમ મૂરતિ તુજ નિરૂપાધિ,
વીતરાગ પણે કરી સાધી રે; મન૦
કહે માનવિજય ઉવઝાયા,
મેં અવલંબ્યા તુજ પાયા રે....મન૦ (૫)

—*—

( ૪૫ )

પુરિસાદાણી પાસ કે આશા સફળ કરો રે કે....આશા૦
દાસતણી અરદાસ સદા દિલમેં ધરો રે...સદા૦
બપઇઓ જિમ જલધર વિણુ જાચે નહિ રે કે....વિણુ૦
તિમ તુમ વિણ હું ઓર ન જાચું એ સહી રે કે જાચું૦ (૧)

તુમ ઉપર એકતારિ કરીને હું રહ્યો રે કે....કરી૦
સાહિબ! તું મુજ એક
મેં અવર ન સંગ્રહ્યો રે કે....અવર૦
સેવાની પણ ચૂક કદા પડતી નથી રે કે....કદા૦
રિદ્ધિ અનંત ખજાને, ખોટ પણ કો નથી રે કે. ખોટ૦ (૨)

ભવિતવ્યતા પણ ભવ્ય અછે પ્રભુ! માહરી રે કે. અછે૦
તે જાણું નિરધાર કૃપા લહી તાહરી રે કે....કૃપા૦
ભવથિતિનો પરિપાક વિલંબ વિચે કરે રે કે....વિલંબ૦
સંઘયણાદિક દોષ તણો અંતર ધરે રે કે....તણો૦ (૩)

પણ તે ભાવે કામ એ વાતની વાત છે રે કે-વાત૦
સેવક કિમ હોયે દૂર જે ખાના જાતિ છે રે કે-ખાના૦
ભોળવીયા નવિ જાય કે જે તુમ્હે શિખવ્યા રે કે-જે૦
પહિલા હેજ દેખાડી જેહને હેળવ્યા રે કે-જેહને૦ (૪)

તે અલગા કિમ જાય ? નજર ધરી નેહની રે કે-નજર૦
વંછિત આપી આશ સફળ કરો તેહની રે કે-સફળ૦
જ્ઞાનવિમલ પ્રભુ ચરણ-સેવા નિતુ દીજીયે રે કે-સેવા૦
સહજે ઉદય બહુમાન અધિક હવે કીજીયે રે કે-અધિક૦ (૫)

( ૪૬ )

પાસ જિન! સેવક જન આધાર,
ત્રેવીસમો પ્રભુ પુરુષાદાણી, ભવસાયર ઉતાર પાસ૦ (૧)

અશ્વસેન નૃપ વામાદેવી, કુંવર કુલ સિનગાર,
વંશ ઇક્ષ્વાકુ-ઉદય ગિરિ-દિનકર ;
અવગુણ—તિમિર નિકારે....પાસ૦ (૨)

નીલ વરન નવ કર ઉન્નત તનુ, ફણિધર લંછન ધારે;
એકસો વરસ સુ-જીવિત પાલી,
મુગતિ નયરી પાઉં ધારે....પાસ૦ (૩)

બનારસ નયરી એ જનમ્યો, જનમ-મરણ ભવ વારે;
પાસ યક્ષ પદ્માવતી દેવી, જેહની સેવા સારે....પાસ૦ (૪)

કમઠ દર્પ દાવાનળ-જલધર, મંગલવેલી વધારે;
સેવક ભાવ મયૂર બની પ્રભુ, નેકનજર અબ ધારે પાસ૦ (૫)

---

( ૪૭ )

પ્રબળ પ્રભાવે પરગડો રે,
પુરીસાહાણી પાસ ભવિયણ ! વંદો.
કામગવી સુરમણી પરે રે, પૂરે વંછિત આશ....ભવિ.
વંદો વંદો રે સુજાણ, ભવિઅણ ! વંદો.
વંદો વંદો શ્રી જીન પાસ, ભવિઅણ ! વંદો....ભવિ. [૧]
નીલકમલ દલ પરિ ભલો રે, દીપે તનુ પરકાશ...ભવિ.
હરખે નયણ નિરખતો રે,
ઉપજે અધિક ઉલ્લાસ....ભવિ. [૨]
નિરખી નિરખી હરખિયે રે, સાહિબ સહજ સનૂર....ભવિ.
તેજ જળામળ ઝળહળે રે, જાણે ઉગ્યો સૂર....ભવિ. [૩]
રત્નજડિત વિરાજતા રે, કુંડળ સોહે સનૂર....ભવિ.
માનું દોયે સેવા કરે રે,
શશિ રવી આવી હજૂર....ભવિ. [૪]
મણિમય મુકુટ મનોહરૂ રે, સોહે શિર ધર્યો સાર.
માનું તારા પરવર્યો રે, ચંદ એ સેવાગાર....ભવિ. [૫]
સુંદર શિવ-રમણી વર્યો રે,
પરવર્યો જ્ઞાન અનંત....ભવિ.
ચિદાનંદ ચિનમૂરતિ રે, અકલંકી અરિહંત....ભવિ. [૬]

કામિત–કામિત પૂરણાં રે, પાપતિમિરભર ભાનુ....ભવિ.
નયવિજય પ્રભુ દરિશણે રે,
નિતુ નિતુ કોડી કલ્યાણ ભવિઅણ ! વંદો. [૭]

( ૪૮ )

તારક જિન ત્રેવીસમા,
પ્રભુ મારા ! તો શું અનંત સુખ પાઉજી,
અવલંબ્યાં મન આપસું,
પ્રભુ મારા ! કહી કહી કાંઈ બતલાવુંજી,
તારણ–તરણ દુઃખ હરણ આસપાસજી,
પ્રભુ મારા ! અલગ ના આધારજી.... (૧)
એક દેવ તું માહરે, પ્રભુ મારા ! ચિત્ત મેં અવર ન ચાહુંજી,
અબ હું તમારો કહાય નૈ,
પ્રભુ મારા ! કૌણ તણ કહવાઉજી,
સકલ સંકટ ભાજે, છવિ તો અનેક છાજે પાસજી પ્રભુ (૨)
અવર દેવ ધરિ ધરિ ફિરિ પ્રભુ મારા તુજને કેમ લવઉજી,
યો સીસ નમાવી જયોં પ્રતૈ,
પ્રભુ મારા અવર તે કેમ નમાવુંજી,
સરણાસરણ કાંઈ કરૂણા કરણ પ્રભુ પાસજી ! પ્રભુ મારી;
સરણાઈ સાધારજી, પ્રભુ મારા આતમના આધારજી. (૩)
કુમકુમૈ મજ્જન કરી, પ્રભુ મારા કાદવ કયું મુખિ લાવુંજી,
ઉતરી કરી ગજ ખંધથી પ્રભુ મારા વેસર ચઢી કયું ધાવુંજી,

તારણ-તરણ દુઃખ દલિદ હરણ અસપાસજી,
પ્રભુ મારા આતમ...(૪)

તિણસૂં સોભાની હાંનિ હૈં,
પ્રભુ મારા ! સ્થાને જગત હસાઉંજી,
કામગવીને છોડિનૈ, પ્રભુ મારા ઘરમેં અજાએં વસાઉજી,
તારણ તરણ પ્રભુ મારા આતમના આધારજી... (૫)

વખત સંયોગે તું મિલ્યો,
પ્રભુ મારા ! ભાવ ભગતિ મનિ ભાવુંજી,
ઋષભ સાગર કહેં ઋદ્ધિ મિલે,
પ્રભુ મારા ! ગુણ તો અહનિશિ ગાવુંજી તારણ.... (૬)

—*—

( ૪૯ )

વામાનંદન પાસ જિણંદા,
મુજ મન-કમળ દિણંદા રે શમ સુરતરૂ કંદા. [૧]
ભીમ ભવોદધિ તરણ તરંડા,
જેર કર્યાં ત્રિક દંડા રે નહીં ક્રીડા ક્રીડા. [૨]
ક્રોધ માન માયા ને લોભા,
કરી ઘાન થયા વીર થોભા રે, લહી જગમાંહી શોભા. [૩]
નિજ ગુણ ભોગી કર્મ વિયોગી.
આતમ અનુભવ યોગી રે, નહી પુદ્‌ગલ—રોગી. [૪]
મન વચનનું ત્રિક યોગને રૂંધી,
સિદ્ધ વિલાસ ને સાધી રે, ટાળી સકળ ઉપાધિ. [૫]

યથાખ્યાત ચારિત્ર ગુણ લીનો,
કેવળ—સંપદ પીનો રે, યોગીશ નગીનો [૬]

સિદ્ધવધૂ અરિહંત નિરંજન,
પરમેસર ગતલંછન રે, સાહિબ સહુ સજ્જન.... [૭]

પંડિત ગુરૂ શ્રી ક્ષમાવિજયનો,
જિન પદ-પંકજ લીનો રે છોડી મન કીનો.... [૮]

—*—

( ૫૦ )

પરમ પુરૂષ પરમાતમા, સાહિબજી પુરીસાદાણી પાસ હો,
શિવસુખરા ભમર ! થાંસું વિનતિ સાહિબજી;
અવસર પામી ઓળગું સા., સફળ કરો અરદાસ હો શિ૦
દોય નંદન મોહ ભૂપરા સા., તિણે કરચો જગ ધંધોળ હો,
દ્વેષ કરિ રાગ કેસરી સા., તેહના રાણા સોળ હો, શી૦
મિથ્યા મહેતો આગળો સા., કામ કટક સિરદાર હો, શી૦
ત્રણ રૂપ ધરી તેહ રમે સા૦, હાસ્યાદિક પરિવાર હો, શી૦
મોહ મહીપરા જોરથી સા., જગ સઘળો થયો જેર હો, શી૦
હરિહર સુરનર સહુ નમ્યા સા., જકડી કર્મની ઘેર હો, શી૦
ભવથિતિ ચઉગતિ ચોકમાં સા., લોક કરે પોકાર હો, શી૦
આપ ઉદાસી થઈ રહ્યા સા., ઈમ કીમ રહશ્યે કાર હો, શી૦
ક્ષપક શ્રેણીરી ગજઘટા સા૦, હલકારો અરિહંત હો, શી૦

નાણુ ખડગ મુજ કર દિયો સા.,
ક્ષણમાં કરૂં અરીહંત હો, શી૦
કરૂણા નયણુ કટાક્ષથી સા,
રિપુદળ હોયે વિસરાળ હો, શી૦
**ક્ષમાવિજય** જીન સંપદા સા., પ્રગટે ઝાકઝમાળ હો, શી૦

( ૫૧ )

સુણો પાસ જિણેસર! સામી, અલવેસર અંતરજામી;
હું તો અરજ કરૂં શિરનામી, પ્રભુ સાથે અવસર પામી.
સ્વામી ! તારો ! તારો ! પ્રભુજી. [૧]

મુજને ભવસાગર તારો, ચિહુંગતીના ફેરા વારો;
કરૂણા કરી પાર ઉતારો,
એ વિનતી મનમાં ધારો હો. [૨]

સંસારે સાર ન કાંઇ, સાચો એક તુંહી સવાઇ;
તે માટે કરી થિરતાઈ,
મેં તુજ ચરણે લય લાઇ હો....સ્વામી૦ [૩]

તારક તું જગપ્રસિદ્ધો, પહેલે પણ તેં જસ લીધો;
સેવકને શિવ-સુખ દીધો, એક મુજશું અંતર કીધો હો. [૪]

ઈમ અંતર તે ન કરેવો, સેવકને શિવસુખ દેવો;
અવગુણ પર ગુણ કરી લેવો,
હેત આણી બાંહે ગ્રહેવો હો.... [૫]

સેવક ચૂકે કોઈ ટાણે, પણ સાહેબ મનમાં નાણે;
નિજ અંગીકૃત પરમાણે,
પોતાનો કરીને જાણે હો....સ્વામી૦ [૬]

તું ત્રિલોવનનાથ કહેવાયે, ઇમ જાણીને જિનરાય;
દ્યો ! ચરણ-સેવા સુપસાય,
જિમ હંસરતન સુખ થાય હો.... [૭]

( ૫૨ )

વામાનંદન હો ! પ્રાણ થકી છો પ્યારા,
નાંહી કીજે હો નયણ થકી ક્ષણ ન્યારા.
પુરીસાદાણી-શામળ વરણો, શુદ્ધ સમકિતીને ભાસે;
શુદ્ધ પુંજ જિણે કીધો તેહને,
ઉજ્વળ વરણ પ્રકાશે....વામાનંદ૦ (૧)

તુમ ચરણે વિષધર પિણ નિરવિષ, હંસણે થાએ બિડોજા;
જોતા એમ શુદ્ધ હુવે,
એહ અમે ગ્રહ્યા છો જા....વામાનંદ૦ (૨)

કમઠરાય મદ કિણ ગિણતીમાં, મોહ તણો મદ જોતાં,
તાહરી શક્તિ અનંતી આગળ,
કેઇ કેઈ મર ગયા ગોતાં....વામાનંદ૦ (૩)

તેં જીમ તાર્યા તિમ કુણ તારે ?
કુણ તારક કહું એહવો ?,

સાયરમાન તે સાયર સરીખો,
તિમ તું પિણ તું જેહવો....વામાનંદ૦ (૪)

કિમપિ ન એસો કરૂણાકર તે, પિણ મુજ પ્રાપ્તિ અનંતી,
જેમ પડે કણ કુંજર મુખથી,
કીડી બહુ ધનવંતી....વામાનંદ૦ (૫)

એક આવે એક મોજાં પાવે, એક કરે ઓળઝડી,
નિજ-ગુણ-અનુભવ દેવા આગળ,
પડખે નહીં તું બે ઘડી....વામાનંદ૦ (૬)

જેહવી તુમથી માહરી માયા, તેહવી તુમે પિણ ધરજ્યો,
રૂપ વિબુધનો મોહન પભણે,
પરતક્ષ કરૂણા કરજ્યો....વામાનંદ૦ (૭)

( ૫૩ )

પ્રભુજી પાસ જિણંદ! ત્હારી રે ત્હારી રે,
મુદ્રા અભિનવ મોહિની રે;
એહવી દુનિયા માંહી બીજી રે બીજી રે,
દીઠી મેં નહી કોઇની રે... [૧]

કામણગારી તુજ કીકી રે કીકી રે,
નીકી પરિ હિયડે વસી રે;
નેણાં લંપટ મુજ ચાહે રે ચાહે રે,
જોવા ખિણ ખિણ ઉલ્લસી રે... [૨]

તુજ દીઠે સુખ હોય તે કુણુ રે કુણુ રે,
જાણે કહો વિણુ કેવળી રે;
એહુ જ મુજ અરદાસ ચરણે રે ચરણે રે,
રાખો શું કહીએ વળી રે.... [૩]
શરણે રાખી નાગ તેને રે તેને રે.
કીધો નાગ તણો ધણી રે....
કમઠતણા અપરાધ બહુલા રે,
તું રૂઠયો નહી તે ભણી રે.... [૪]
દેઈ વરસીદાન જગના રે જગના રે,
જન સઘળા સુખિયાં કર્યાં રે;
એહવા બહુ અવદાત, તાહરા રે તાહરા રે,
ત્રિભુવનમાંહિ વિસ્તર્યાં રે.... [૫]
તો મુજને પરવાહ શાની રે શાની રે,
જે પોતે બાંહિ ગ્રહ્યો રે,
તુજ લયલીન એહજ રે એહજ રે,
શિવ મારગ મેં સદ્દહ્યો રે.... [૬]
ધનધન વામા માત જેહની રે જેહની રે,
કૂખે તું પ્રભુ અવતર્યો રે;
વિમલવિજય ઉવજ્ઝાય શિષ્યે રે શિષ્યે રે,
રામે જનમ સફળ કર્યો રે.... [૭]

( ૫૪ )

સેવો ભવિજન જિન ત્રેવીસમો, લંછન નાગ વિખ્યાત;
જલધર સુંદર પ્રભુજીની દેહડી,
વામા રાણીનો જાત....સેવો [૧]

ચઉદિશે ઘોર ઘટા ઘનશું મળ્યો, કમઠે રચ્યો જલધાર;
મૂશલધારે જલ વરસે ઘણું,
જલ થલનો ન લહુ પાર....સેવો૦ [૨]

વડ હેઠલ વ્હાલો કાઉસ્સગ રહ્યો, મેરૂ તણી પેરે ધીર;
ધ્યાન તણી ધારા વાધે તિહાં,
ચડીયાં ઉંચાજી નીર.... સેવો૦ [૩]

અચલ ન ચળીયો પ્રભુજી માહરો, પામ્યો કેવળ નાણુ;
સમોવસરણ સુર કોડ મળ્યા તિહાં,
વાજ્યાં જીત નિશાન...સેવો૦ [૪]

નવ કર ઉંચપણે પ્રભુ શોભતા, અશ્વસેન રાયના નંદ;
પ્રગટ પરચા પૂરણ પાસજી,
દીઠે હોવે પરમાનંદ....સેવો૦ [૫]

એક શત વરસનું આઉખું ભોગવી,
પામ્યા અવિચલ રિદ્ધ;
બુધ સુમતિવિજય ગુરૂ નામથી,
રામ લહે વર સિદ્ધ....સેવો૦ [૬]

卐

( ૫૫ )

કાંઇ જોજ્યો! કાંઇ જોજ્યો રે, સ્વામી મુને નેહભર જોજ્યો;
મુજરો લ્યો કે પાસ જીણંદા,
ટાળીજે ભવફેરા રે....સ્વામી० (૧)

મોહન મોહરસે લલચાણો,
જ્યું મૃગ રાગરયું ઘેર્યો રે...સ્વામી० (૨)

સાચી સેવા રેવારંગી,
આયો જ્યું ગજ નેડો રે....સ્વામી० (૩)
મેં મન દીધો હાથ તિહાં રે,
યે નહિ દિલ પ્રભુ કેરો રે....સ્વામી० (૪)

જીવન સૂરતી દેખી રસીલી,
મન હરખિત હોઇ મેરો રે....સ્વામી० (૫)

આઠે કરમકી ગાંઠ છિનક મેં,
મુંપે ચતુર ઉદવેરો રે....સ્વામી० (૬)
પ્રેમ વિબુધનો કાંતિ કહે હું,
ભવ ભવ સેવક તેરો રે....સ્વામી० (૭)

=*=

( ૫૬ )

ચિંતામણી પાસજી ગમે રે, પાસજી ગમે રે,
વાહલો ધ્યાનમાં રમે રે;
પ્રહ ઉઠી પ્રભુ મુખડું દીઠે, દુઃખડું શમે રે....ચિંતા० (૧)

ચિંતામણી પરે કામિત પૂરે, દુઃખ ગમે રે....ચિંતા૦ (૨)
ત્રિભુવન નાયક સુરપતિ પાયક, કામ દમે રે....ચિંતા૦ (૩)
પામી અમૃત ભોજન કુકસ, કોણ જમે રે....ચિંતા૦ (૪)
સાહિબ સમરથ સમકિત પામી, કોણ વમે રે....ચિંતા૦ (૫)
મિથ્યા મૂકી મુજ મન રાચે, શુદ્ધ ધરમેં રે....ચિંતા૦ (૬)
અધિકું ઓછું સેવક ભાખે, સ્વામી ખમે રે....ચિંતા૦ (૭)
ન્યાયસાગર પ્રભુ અહનિશ ચરણે, શીશ નમે રે....ચિંતા૦ (૮)

—o—

( ૫૭ )

મનનો માનીતો મિત્ર જો મળે,
હાંરે સાહિબ જો મિલે તો કહું મનની વાત જો.
દુઃખભંજન જિન આગળે જી, સુખિણી સાતે ધાત જો. ૧

મનમોહન મુજ વાલ્હોજી, સ્વામી શ્રી પાસ જીણંદ જો;
હોજી હો જસ સાંનિધેજી, તુરત થયો ધરણેંદ જો. મન૦ ૨

મન મિલિયાંશું વાતડીજી, તે અમૃતથી પણ મીઠ જો;
જેહથી તન મન બાંધિયું જી,
તસ દરિશન સહુથી ઉક્કીઠજી. મન૦ ૩

લંછન મિસી કરે વીનતીજી, ફણ ધરી રહીઓ નાગજી;
વિષધરપણું દૂરે કરોજી, માહરૂં પ્રભુ વડભાગ જો. મન૦ ૪

શ્રી અશ્વસેન સુત સુંદરૂજી, વામા માત મલ્હાર જો;
નીલવરણે ચરણે રહું જી, સેવક કરીશ આભાર જો.... ૫

ભવી મનવાંછિત પૂરવાજી, કલિ કલ્પદ્રુમ સમાન જો;
ન્યાયસાગર કહે માહરે જી,
પ્રભુધ્યાને વધતો માન જો. મનમોહન૦ ૬

( ૫૮ )

પાસ પ્રભુ ત્રેવીસમા રે, સહસ ત્યાશી સય સાત; લલના
પચાશ ઉપર વરસનું રે, આંતરૂં અતિહિ વિખ્યાત.
–સુખકારક સાહેબ સેવીયે હો૦
અહો! મેરે! લલના રે!, સેવતાં શિવસુખ થાય–સુ૦ [૧]
ચૈત્ર વદી ચોથે ચવ્યા રે, કરતાં ભવિ ઉપકાર; લલના.
પોષ વદી દશમ અગિઆરસે રે, જનમ ને થયા અણગાર; લ. [૨]
નવ કર જેહની દેહડી રે, નીલ વરણ તનુ કાંતિ; લલના.
ચૈત્ર વદી ચોથે લહ્યા રે, ક્ષાયિક જ્ઞાન નિભ્રાંતિ–સુ૦ [૩]
શ્રાવણ સુદિ આઠમ દિને રે, પામ્યા ભવનો પાર–લલના,
આઉખું સો વરસાતણું રે, અશ્વસેન–સુત સાર–સુ૦ [૪]
આદેય–નામ તણો ધણી રે; મહિમાવંત મહંત –લલના,
પદ્મવિજય પુણ્યે કરી રે, પામ્યો એહ ભગવંત–સુ૦ [૫]

( ૫૯ )

પરવાદી ઉલૂકોપરિ હરિ સમ, હરિ સેવે જસ પાયા,
હરિતવાને પ્રભુની ગતિ ગજ સમ હરિ સેવે જલ, પાયા;
પ્રભુજી! મહેર કરી મહારાજ! કાજ આજ મુજ સારો. [૧]

જિમ ઔષધિપતિ દેખી મનમાં કૌશિક આણંદ પામે,
તિમ પ્રભુ વક્ત્ર દ્વિજપતિ દેખી,
કૌશિક આણંદ પામે, પ્રભુજી મહેર કરી.... [૨]

જિમ ઔષધપતિ દેખી મનમાં, સરચકોર પ્રીત પામે;
તિમ પ્રભુ વસ્ત્ર તે દ્વિજપતિ દેખી,
સરચકોર પ્રીત પામે....પ્રભુજી૦ [૩]

જિમ રોહિણીપતિ જગમાં જાણો, શિવને તિલક સમાન;
તિમ પ્રભુ મોક્ષ ખેત્ર શોભાકરૂ,
શિવને તિલક સમાન....પ્રભુજી મહેર કરી. [૪]

જિમ રાજા ઝલહલતો ઉગે, નિજ ગોથી તમ ટાળે;
તિમ પ્રભુ સમવસરણ બેસીને,
નિજ ગોથી તમ ટાળે....પ્રભુજી મહેર કરી. [૫]

જિમ સિતરૂચી નભમાં ઉગીને, કુવલય કરે ઉલ્લાસ;
તિમ જીનવર જગમાં પ્રગટીને,
કુવલય કરે ઉલ્લાસ....પ્રભુજી મહેર કરી [૬]

નિશાપતિ જબ ઉગે હોયે, પુણ્ય સમુદ્ર વૃદ્ધિકારી;
થંભણુપાસ પદ પદ્મની સેવા,
પુણ્ય સમુદ્ર વૃદ્ધિકારી....પ્રભુજી મહેર કરી. [૭]

( ૬૦ )

પાર્શ્વજિન પૂર્ણતા તાહરીજી, શુભ–થિરતામાં સમાય;
પરમ–ઇશ્વર વિભુ જિનવરજી,
સહજ આનંદ વીયરાય....પાર્શ્વજીન પૂર્ણતા૦ [૧]
શુદ્ધ–શુદ્ધાતમે રાજતાજી, કર્મ રહિત મહારાય;
પામી અશુભને વામતાજી, નિરીહપણે સુખદાય. પા૦ [૨]
વિશ્વનાયક તુંહી સારહી જી, ત્યાગી ભોગી જીનરાજ;
ચઉબંધને પ્રભુ દંડીને જી, થયો માહરો શિરતાજ...પા૦ [૩]
ભવગિરિ ભંજન પવી સમો જી, તારક બિરૂદ ધરાય;
અમરપતિ નિત્ય નમે તુજ પદે જી, ભાવ ધરી નિરમાય. [૪]
અમ સરીખા જે મોહે ગ્રહ્યાજી, તેહને તુંહી સહાય;
સૌભાગ્ય લક્ષ્મીસૂરિ પદ વરે જી,
જેહ તુજને નિતુ ધ્યાય....પાર્શ્વજિન પૂર્ણતા૦ [૫]

( ૬૧ )

વામાનંદન પાસ જિણંદ,
પામ્યાં પૂરવ પૂણ્યે આણંદ....પ્રભુ એ ભલો૦
પામી નરભવ જે જપે પાસ,
પહોંચે સઘળી તેહની આશ પ્રભુ૦ (૧)
રોગ સોગ ન હોય મારિ હરિ,
નવી આવે પાસે કુનારી....પ્રભુ૦
પાસ પ્રભુનો જે કરે જાપ,
ના આવે પાસે અરિ કરિ સાપ....પ્રભુ૦ (૨)

આધિ-વ્યાધિ ન થાય દુકાલ,
જે પાસ જાપ કરે ત્રિકાલ; પ્રભુ૦
શાકણ-ડાકણ ભૂત-પ્રેત જાયે, નાઠા દુષ્ટ-સંકેત....પ્રભુ૦ (૩)

કામકુંભ ને જે સુર રત્ન,
વશ થાય પાસ ધ્યાને તત્કાલ; પ્રભુ૦
વિદ્યાદેવી વશ પાસને નામ,
રાયરાણા સવિ કરે પ્રણામ....પ્રભુ૦ (૪)

ત્રેવીશમો શ્રી પાર્શ્વનાથ,
સાચો લહ્યો મેં મુક્તિનો સાથ; પ્રભુ૦
ઋદ્ધિ ને કીર્તિ પ્રભુથી થાય,
અમૃતપદનો એહ ઉપાય....પ્રભુ૦ (૫)

( ૬૨ )

શ્રી કર શ્રી જિન પાસજી, અરજ સુણો મહારાજ;
પરભવ દાન પુણ્યયોગથી, પાયો દરસણ આજ;
નામીજી શિરનામી રે, દીઠી દોલત થાયી-નામ,
ભેટીયે ભાવઠ જાય નામી, સમરે સંપતિ આય-નામિ૦ [૧]

ઈચ્છા પૂરણ સુરતરૂ, પરતમ પરતો પેખ;
શરણે આવ્યો તાહરે, ઈણમાં ન મીન ને મેખ-નામિ૦ [૨]

સ્વપ્ને સુતે જાગતે, નામ જપું એક તાન;
હારિ લલ કરી અહી રહો, જનમથી જીવત માન-નામિ૦ [૩]

નિરખી નજર પાવન થઈ, જપતે જીભ પવિત્ર,
વડિમ કેતી ઘણી કહું, અકલ સ્વરૂપ ચરિત્ર–નામી૦ [૪]

મહેર કરી મીઠી જરા, દુઃખ ગયાં સવિ દૂર;
વિમલ નિપાયો આતમા, દેઈ દાન સનૂર–નામી [૫]

—*—

( ૬૩ )

નિરમલ નીરે અંગ પખાલી, પહિરો ખીરોદક સાડી રે,
માહરી સહીરે સમાણી;
બાવન્ન-ચંદન ભરીય કચોળી,
પાસ પૂજો ભંવરભોળી રે.... મા૦ (૧)

ચંપક કેતકી માલતી મોગર,
માંહિ બોલસિરી સુખકારી રે; મા૦
લાખીણો ટોડર કરી જિનવર,
કંઠે ઠવો જયકારી રે.... મા૦ (૨)

કર ગ્રહી વીણા વેણુ મૃદંગા,
હાથે દીઓ એક તાલી રે; મા૦
નવ-નવ રાગ મેલાવત ગાવત,
જિનગુણ-રંગ રસાલી રે.... મા૦ (૩)

મનવાંછિત-સુખ સુરતરૂ કંદો, વામાનંદન વંદો રે; મા૦
નિરખત નેહ અમીરસ વરષત,
જસ મુખ પુનિમ ચંદો રે.... મા૦ (૪)

પ્રાણ પિયારે મોહનગારે,
માહરૂં મનડું મોહીને લીધું રે; મા૦
દેખત હી નયણે નેહ લાગો,
જાણે કામણડું કાંઇ કીધું રે-મા૦ (૫)
અંતર જામી સાહિબ સેંતી,
જાણું ખિણ એક દૂર ન થાઉં રે; મા૦
અહનિશિ ચરણકમલ આરાધું,
બલિ થઉં તો સુખ થાઉં રે-મા૦ (૬)
શ્રી લાવણ્યવિજય ગુરૂરાયા,
પાસ પરમેશ્વર ધ્યાયા રે-મા૦
પંડિત મેરૂવિજય-ગુરૂ શિષ્યે,
**વિનીતવિજય** ગુણ ગાય રે-મા૦ (૭)

—*—

( ૬૪ )

શ્રી શંખેશ્વર પાર્શ્વ સુણો મુજ વિનતિ,
આવ્યો હું તુમ આશા મોટી ધરી;
લાખ ચોરાશી યોની દ્વારમાં હું ભમ્યો,
તેમાંહી મનુષ્ય જન્મ અતિહી દુલ્લહો. (૧)

તે પણ પૂરવ પુણ્ય પસાયે અનુભવ્યો,
તો પણ દેવ ગુરૂ ને ધર્મ ન ઓળખ્યા;
શું થાશે પ્રભુ મુજ તુજ કરૂણા વિના,
રઝળ્યો રાંકની પેરે પામ્યો વિડંબના. (૨)

ન દીધું દાન સુપાત્રે ભાવથી,
ન પાળ્યું વળી શિયલ વિડંબ્યો કામથી;
તપ તપ્યો નહિ કોઇ આતમને કારણે,
આજું શું કહું નાથ ! જાઉં નરક બારણે. (૩)

કીધાં જે મેં કર્મ, જો હું વિવરી કહું,
તો લાગે બહુ વાર ભજન કયારે કરૂં;
પૂર્વ વિરાધક ભાવથી ભાવ ન ઉલ્લસે,
ચારિત્ર ડહોળ્યું નાથ ! કરમ મોહની વશે. (૪)

ક્ષણ ક્ષણમાં બહુ વાર પરિણામની ભિન્નતા,
જાણો છો મહારાજ મારી ચપલતા;
નહિ ગુણનો લવલેશ જગત ગુણી કહે,
તે દેખી મન માહરૂં હરખે ગહગહે. (૫)

થયું મુજ આજ દરિસણ દેવ અતિ ભલું,
પૂરવ પુણ્યસંયોગે કલ્પવૃક્ષ જ ફળ્યું;
માગું દીનદયાળ ચરણોની સેવના,
હોજો ધર્મની બુદ્ધિ ભવોભવ ભાવના. (૬)

(૬૫)

જીરે આજ દિવસ ભલો ઉગિયો જી,
જીરે આજ થયો સુવિહાણ;
થયો આનંદ કુસલ કલ્યાણ હો !
સાજન, સુખદાયક જાણી સદા, ભવી પૂજો પાસ જિણંદ (૧)

જીરે ત્રિકરણ શુદ્ધિએ ત્રિહું સમે,
જીરે નિસીહી ત્રણ સંભાર;
ત્રિહું દિશ નિરખણ વરજીને,
દીજે ખમાસમણ ત્રણ વાર હો—સાજન૦ (૨)

જીરે ચૈત્યવંદન ચોવિસનો, જીરે સ્વર પદ વર્ગ વિસ્તાર;
અર્થ ચિંતન ત્રિહું કાલના,
જિનનાથ નિક્ષેપા ચાર હો—(૩)

જીરે શ્રી જીનપદ ફરસે લહે,કલિ મલિન ને પદ કલ્યાણ,
તે વેલી અજર અમર હુવે,
અપુનર્ભવ શુભ નિર્વાણ હો-સાજવ૦ (૪)

જીરે લોહભાવ મૂકી પરો, જીરે પારસ ફરસ પસાય;
થાએ કલ્યાણ કુધાતુથી,
તિમ જીનાદિ મોક્ષ ઉપાય હો—સાજન૦ (૫)

જીરે ઉત્તમ નારી નર ઘણા, જીરે મન ધરી ભક્તિ ઉદાર;
આરાધી જીનપદ ભલો,
થાએ જિન કરે જગ ઉપગાર હો—સાજન૦ (૬)

જીરે એહવું મન નિશ્ચલ કરી, જીરે નિશદિન પ્રભુને ધ્યાય;
પામે સૌભાગ્ય સ્વરૂપ ને,
નિવૃતિ કમલા વર થાય હો—સાજન૦ (૭)

—*—

( ૬૬ )

મનમોહન પ્રભુ પાસજી, સુણો જગત આધારજી;
શરણે આવ્યો રે પ્રભુ તાહરે,
મુજ દુરિત નિવારજી—મન૦ [૧]

વિષય-કષાયના પાસમાં, ભમીયો કાળ અનંતજી;
રાગ—દ્વેષ મહા ચોરટા,
લૂંટ્યો ધર્મનો પંથજી—મન૦ [૨]

પણ કાંઇ પૂરવ પુન્યથી, મળીયાં શ્રી જિનરાજ જી;
ભવસમુદ્રમાં બુડતા,
આલંબન જિમ જહાજજી—મન૦ [૩]

કમઠે નિજ અજ્ઞાનથી, ઉપસર્ગ કીધા બહુ જાતજી;
ધ્યાનાનલ પ્રગટાવીને, કીધો કર્મનો ઘાતજી—મન૦ [૪]

કેવળજ્ઞાનથી દેખિયું, લોકલોક સ્વરૂપ જી;
વિજય મુક્તિપદ જઇ વર્યા,
સાદિ અનંત ચિદ્દરૂપજી—મન૦ [૫]

તે પદ પામવા ચાહતાં, **મોહન** કમલનો દાસજી;
મનમોહન પ્રભુ માહરી,
પૂરજો મનની આશજી-મનમોહન પ્રભુ૦ [૬]

( ૧૭ )

પ્રણમું પદ પંકજ પાસના,
જસ વાસના અગમ અનૂપ રે,

મોહ્યા મન મધુકર જેહથી,
પામે તસ શુદ્ધ સ્વરૂપ રે. [૧]
પંક કલંક શંકા નહિ, નહિ ખેદાદિક દુઃખ દોષ રે;
ત્રિવિધ અવંચક યોગથી, લહે અધ્યાત્મ રસ પોષ રે. [૨]
દુર્દશા રે દૂરે કરી, ભજે મુદિતા મૈત્રી ભાવ રે;
વરતે નિજ ચિત્ત મધ્યસ્થતા,
કરૂણામય શુદ્ધ સ્વભાવ રે. [૩]
નિજ સ્વરૂપ કર થિર ધરે,
ન કરે પુદ્ગલની ખંચ રે;
સાખી હુવે વરતે સદા,
ન કદી પરભાવ પ્રપંચ રે. [૪]
સહજદયા નિશ્ચય જગે,
ઉમંગે અનુભવ રસ રંગ રે;
રાચે નહિ પરદ્રવ્યમાં,
નિજ ભાવમાં રંગ અભંગ રે. [૫]
નિજ સ્વરૂપ નિજમાં લખે,
ન ચખે પરગુણની રેહ રે;
ખીર નિર વિવરો કરે,
એ અનુભવ હંસ સુપેખ રે. [૬]
નિર્વિકલ્પ જે અનુભવે,
અનુભવે અનુભવની રીત રે;
ઓર ન કબહુ લખી શકે,
આનંદઘન પ્રીત પ્રતીત રે. [૭]

( ૬૮ )

શ્રી ચિંતામણી પાર્શ્વજી, વાત સુણો એક મોરી રે;
માહરા મનના મનોરથ પૂરજો,
હું તો ભક્તિ ન છોડું તોરી. [૧]

માહરી ખિજમતમાં ખામી નહિ,
તારે ખોટ ન કાંઈ ખજાને રે;
હવે દેવાની શી ઢીલ છે ?,
કહેવું તે કહીએ થાને રે. શ્રી૦ [૨]

તે ઉરણ સવિ પૃથ્વી કરી,
દાન વરસી વરસીદાને રે;
માહરી વેળા શું એહવા,
દીઓ વાંછિત વાનો વાન રે. શ્રી૦ [૩]

હું તો કેડ નહિ છોડું તાહરી,
લીધા વિણ શિવસુખ સ્વામી રે;
મૂરખને તે ઓછે માનશે,
ચિન્તામણી કરયલ પામી રે. શ્રી૦ [૪]

મત કહેશ્યો તુજ કર્મે નથી,
કર્મે છે તો તું પામ્યો રે;
મુજ સરીખા કીધા મોટકા,
કહો તેણે કાંઇ તુજ થામ્યો રે. [૫]

કાલ સ્વભાવ ભવિતવ્યતા,
તે સઘળા તારા દાસો રે;

મુખ્ય હેતુ તું મોક્ષનો,
　　　　એ મુજને સબળ વિશ્વાસો રે. [૬]

અમે ભકતે મુક્તિને ખેંચશું,
　　　　જિમ લોહને ચમક પાષાણો રે;
તુમ્હે હેજે હસીને દેખશો,
　　　　કહેશો સેવક છે સપરાણો રે. શ્રી૦ [૭]

ભક્તિ આરાધ્યાં ફળ દીએ;
　　　　ચિન્તામણી પણ પાષાણો રે;
વળી અધિકું કાંઈ કહાવશો,
　　　　એ ભદ્રક ભક્તિ તે જાણો રે. [૮]

બાળક તે જિમ તિમ બોલતો,
　　　　કરે લાડ તાતને આગે રે;
તે તેહશું વાંછિત પૂરવે,
　　　　બની આવે સઘળું રાગે રે. શ્રી૦ [૯]

માહરે બનનારૂં તે બન્યું જ છે,
　　　　હું તો લોકને વાત શીખાવું રે;
વાચક જશ કહે સાહિબા,
　　　　એ ગીતે તુમ ગુણ ગાવું રે. [૧૦]

---

( ૬૯)

તારાં નયનાં રે પ્યાલા પ્રેમનાં ભર્યાં છે,
દયારસનાં ભર્યાં છે, અમી છાંટનાં ભર્યાં છે. તારાં૦ [૧]

જે કાંઈ તારી નજરે ચઢી આવે,
કારજ તેનાં તે સફળ કર્યા છે. તારાં૦ [૨]

પ્રગટ થઈ પાતાળથી પ્રભુ તે,
જાદવના દુઃખ દૂર કર્યાં છે. તારાં૦ [૩]

પન્નગ–પતિ પાવકથી ઉગાર્યો,
જનમ મરણ ભય તેહના હર્યા છે. તારાં૦ [૪]

પતિતપાવન શરણાગત તુંહી,
દરશન દીઠે મારાં ચિતડાં ઠર્યાં છે. તારાં૦ [૫]

શ્રી શંખેશ્વર પાર્શ્વ જિનેસર,
તુજ પદ પંકજ આજથી ધર્યા છે. તારાં૦ [૬]

જે કોઇ તુજને ધ્યાને ધ્યાવે,
અમૃત સુખનાં રંગથી ભર્યા છે. તારા. [૭]

( ૭૦ )

પ્યારો પ્યારો રે હો,
વાલા મારા પાસ જિણંદ મને પ્યારો;
તારો તારો રે હો,
વાલા મારા ભવનાં દુઃખડા વારો.
કાશીદેશ વાણારસી નગરી, અશ્વસેન કુલ સોહીએ રે,
પાસજીણંદા વામાનંદા મારા વાલા;
દેખત જન મન મોહી રે, પ્યારો પ્યારો.... [૧]

છપ્પન દિક્કુમરી મીલી આવે, પ્રભુજીને હુલરાવે રે;
થેઈ થેઇ નાચ કરે મારા વાલા,
હરખે જીનગુણ ગાવે રે....પ્યારો૦ [૨]

કમઠ હઠ ગાળ્યો પ્રભુ પાર્શ્વે,
બળતો ઉગાર્યો ફણીનાગ રે;
દીઓ સાર નવકાર નાગકું,
ધરણેંદ્ર પદ પાયો રે....પ્યારો૦ [૩]

દીક્ષા લઈ પ્રભુ કેવળ પાવે,
સમવસરણે સુહાવો રે;
દીએ મધુર ધ્વનિ દેશના પ્રભુ,
ચૌમુખ ધર્મ સુહાયો રે....પ્યારો૦ [૪]

કર્મ ખપાવી શિવપુર જાવે,
અજરામર પદ પાવે રે;
જ્ઞાન અમૃતરસ ફરસે મારા વાલા,
જ્યોતિસે જ્યોત મિલાવે....પ્યારો૦ [૫]

( ૭૧ )

નિત્ય સમરૂં સાહિબ સયણાં,
નામ સુણતાં શીતળ શ્રવણાં;
જિનદર્શને વિકસે નયણાં,
ગુણ ગાતાં ઉલ્લસે વયણાં રે.

શંખેશ્વર સાહિબ સાચો,
બીજાનો આશરો કાચો રે.—શં૦ [૧]

દ્રવ્યથી દેવ દાનવ પૂજે,
ગુણ શાંત રૂચિપણું બીજે;
અરિહાપદ પજ્જવ છાજે,
મુદ્રા પદ્માસન રાજે રે—શં૦ [૨]

સંવેગે તજી ઘરવાસો,
પ્રભુ પાર્શ્વના ગણધર થાશો;
તવ મુક્તિપુરીમાં જાશો,
ગુણી લોકમાં વયણે ગવાશો રે—શં૦ [૩]

એમ દામોદર જિનવાણી, આશાઢી શ્રાવકે જાણી;
જિન વંદી નિજ ઘર આવે,
પ્રભુ પાર્શ્વની પ્રતિમા ભરાવે રે—શં૦ [૪]
ત્રણ કાળ તે ધૂપ ઉવેખે ઉપકારી શ્રી જિન સેવે;
પછી તેહ વૈમાનિક થાવે,
તે પ્રતિમા તિહાં લાવે રે—શં૦ [૫]

ઘણા કાળ પૂજી બહુમાને,
વળી સૂરજ ચંદ્ર વિમાને;
નાગલોકનાં કષ્ટ નિવાર્યાં,
જ્યારે પાર્શ્વપ્રભુજી પધાર્યા રે—શં૦ [૬]

યદુરાય રહ્યો રણ ઘેરી,
જીત્યા નવ જાએ વૈરી;

જરાસંઘે જરા તવ મેલી,
હરિ બળ વિના સઘળે ફેલી રે....શં૦ [૭]

નેમિજિન ચોકી વિશાલી,
અઠ્ઠમ કરે વનમાળી;
ત્રુઠી પદ્માવતી બાલી,
આ પ્રતિમાપે ઝાકઝમાળી રે....શં૦ [૮]

પ્રભુ પાર્શ્વની પ્રતિમા પૂજી,
બળવંત જરા તવ ધ્રુજી;
છંટકાવ ન્હવણજળ જોતી,
જાદવની જરા જાય રોતી રે....શં૦ [૯]

શંખ પૂરી સહુને જગાવે,
શંખેશ્વર ગામ વસાવે;
મંદિરમાં પ્રભુ પધરાવે,
શંખેશ્વર નામ ધરાવે રે....શં૦ [૧૦]

રહે જે જીનરાજ હજૂરે,
સેવક મન વાંછિત પૂરે;
એ પ્રભુજીને ભેટણ કાજે,
શેઠ મોતીભાઇને રાજે રે....શં૦ [૧૧]

નાના માણેક કેરો નંદ,
સંઘવી પ્રેમચંદ વીરચંદ;
રાજનગરથી સંઘ ચલાવે,
ગામોગામના સંઘ મિલાવે રે....શં૦ [૧૨]

અઢાર અઠ્ઠોતર વરસે,
ફાગણ વદી તેરસ દિવસે;
જિન વંદી આનંદ પાવે,
શુભવીર વચન રસ આવે રે–શંખેશ્વર.... [૧૪]

—o—

( ૭૨ )

મોહન! મુજરો લેજો રાજ!,
તુમ સેવામાં રહેશું—આંકણી૦
વામાનંદન જગદાનંદન, જેહ સુધારસ ખાણી;
મુખ મટકે લોચનને લટકે,
લોભાણી ઈન્દ્રાણી....મોહન૦ (૧)

ભવ પટ્ટણમાં ચિહું દિશિ ચારે ગતિ,
ચોરાશી લાખ ચઉટા;
ક્રોધ માન માયા લોભાદિક,
ચોવટિયા અતિ ખોટા....મોહન૦ (૨)

મિથ્યા મહેતો કુમતિ પુરોહિત, મદન સેનાને તોરે;
લાંચ લઈ લખ લોક સંતાપે,
મોહ કંદર્પને જોરે....મોહન૦ (૩)

અનાદિ નિગોદ તે બંધીખાનો, તૃષ્ણા તોપે રાખ્યો;
સંજ્ઞા ચારે ચોકી મેલી,
વેદ નપુંસક આંક્યો....મોહન૦ (૪)

ભવસ્થિતિ કર્મ વિવર લઈ નાઠો, પુણ્ય ઉદય પણ વાધ્યો;
સ્થાવર વિકલેંદ્રીયપણું ઓળંગી,
પંચેંદ્રીય પણું લાધ્યો....મોહન૦ (૫)

માનવભવ આરજકુળ સદ્‌ગુરૂ, વિમલ બોધ મળ્યો મુજને;
ક્રોધાદિક સહુ શત્રુ વિનાશી,
તેણે ઓળખાવ્યો તુજને....મોહન૦ (૬)

પાટણમાંહે પરમ દયાળુ, જગત વિભૂષણ ભેટયા;
સતર બાણુ શુભ પરિણામે,
કર્મ કઠીન બળ મેટ્યા....મોહન૦ (૭)

સમક્તિ ગજ ઉપશમ અંબાડી, જ્ઞાન કટક બળ કીધું,
ખિમાવિજય જિન-ચરણ રમણ સુખ,
રાજ પોતાનું લીધું....મોહન મુજરો૦ (૮)

( ૭૩ )

પ્રભુ જગજીવન જગબંધુ રે—સાંઇ સયાણો રે,
તારી મુદ્રાએ મનડું મોહ્યું રે, જૂઠ ન જાણો રે. (આંતરો)
તું પરમાતમ! તું પુરૂષોત્તમ !, તું પરબ્રહ્મ સ્વરૂપી;
સિદ્ધિ સાધક સિદ્ધાંત સનાતન,
તુ ત્રય ભાવ પ્રરૂપી રે....તારી૦ [૧]

તાહરી પ્રભુતા ત્રિહું જગમાંહી,
પણ મુજ પ્રભુતા મોટી;

તુજ સરીખો માહરે મહારાજા,
માહરે કાંઈ નહીં ખોટ રે...તારી૦ [૨]
તું નિર્દ્રવ્ય પરમપદ વાસી, હું તો દ્રવ્યનો ભોગી;
હું નિર્ગુણ તું તો ગુણધારી,
હું કરમી તું અભોગી રે....તારી૦ [૩]
તું તો અરૂપી ને હું રૂપી, હું રાગી તું નિરાગી;
તું નિરવિષ હું તો વિષધારી,
હું સંગ્રહી તું ત્યાગી રે....તારી૦ [૪]
તાહરે રાજ નથી કોઇ એકે, ચૌદ રાજ છે માહરે;
માહરી લીલા આગળ જોતાં,
અધિકું શું છે તાહરે ?....તારી૦ [૫]
પણ તું મ્હોટો ને હું છોટો,
ફોગટ કુલ્યે શું થાય ?;
ખમજો એ અપરાધ અમારો,
ભક્તિ વશે કહેવાય રે....તારી૦ [૬]
શ્રી શંખેશ્વર વામાનંદન, ઉભા ઓલગ કીજે;
રૂપવિબુધનો મોહન પભણે,
ચરણની સેવા દીજે રે...પ્રભુ તારી૦ [૭]

卐

( ૭૪ )

તાર મુજ તાર ત્રિભુવન ધણી,
પાર ઉતાર સંસાર સ્વામી;

પ્રાણુ તું ત્રાણુ તું શરણુ આધાર તું,
આતમારામ મુજ તું હી સ્વામી....તાર૦ [૧]
તું ચિંતામણી તુંહિ મુજ સુરતરૂ,
કામઘટ કામધેનુ વિધાતા;
સકલ સંપતિકરૂ વિકટ સંકટ હરૂ,
પાસ મંડેવરો મુક્તિદાતા....તાર૦ [૨]
પુન્ય ભરપુર અંકૂર મુજ જાગીઓ
ભાગ્ય સૌભાગ્ય મુખ નૂર વાધ્યો;
સકલ વંછિત ફળ્યાં માહરો દિન વળ્યો,
પાસ મંડેવરો દેવ સાધ્યો....તાર૦ [૩]
ધન્ય મરૂદેશ મંડોવરા નરવરી,
ધન્ય અયોધ્યા નયરી નૌકા;
ધન્ય તે ધન્ય તે ધન્ય કૃતપુણ્ય તે,
પાસ પૂજે સદા દેવલોકા....તાર૦ [૪]
પાસ તું મુજ ધણી, પ્રીતિ મુજ બની ઘણી;
વિબુધવર કહાનજી ગુરૂ વખાણી;
મુક્તિપદ આપજો આપ પદ થાપજો;
કનકવિજય આપણો ભક્ત જાણી....તાર૦ [૫]

—*—

( ૭૫ )

પાસજી તોરા રે પાય, સ્વામી ! પલક છોડયા ન જાય,
તુમસે લગન લગી (આંકણી);

લગી લગી અખીયાં ને રહી રે લોભાય,
દુનિયામાં દુજો કોઇ આવે ન દાય, તુમસે લગન લગી. (૧)
આદી આદી આંગીયાંને રંગ અનુપ;
અજબ બન્યું છ સાહિબા, આજનું રૂપ તુમસે૦....(૨)
શિર કાને કર હૈયે, સોહે ઉદાર;
મુગટ કુંડલ બાજુબંધને હાર....તુમસે૦ (૩)
તુમ પદ પંકજ મુજ મન ભૃંગ,
ચિલમાં લાગ્યો રે સાહિબા ચોળનો રંગ....તુમ૦ (૪)
દેવાધિદેવ તું તો દીનદયાળ,
ત્રિભુવન નાયક તુજને નમું ત્રણ કાળ....તુમસે૦ (૫)
લંબી લંબી બાહુડી ને, બડે બડે નેણુ,
સુરતરૂ સારિખા, સાહિબા શિવસુખ દેણુ...તુમસે૦ (૬)
જુની જુની મૂરતિને જ્યોત અપાર,
સૂરત દેખીને પ્રભુની મોહ્યો સંસાર....તુમસે૦ (૭)
સતરસે એંસી સમેને ચૈતર માસ,
પૂરણ માસે પહોતી પૂરણુ આસ....તુમસે૦ (૮)
ઉદયરતન વાચક વદે એમ,
પાસ શંખેશ્વર જોતાં વાધ્યો છે પ્રેમ...તુમસે૦ (૯)

( ૭૬ )

બીજું મને કોઈ ના ગમે,
એહિજ ઉત્તમ કામ;

સુકૃત કમાઈ ફલ પત પાઈ,
પામું પ્રભુનું નામ....બી૦ (૧)
ધન પખવાડો ધન તે દહાડો,
ધન તે ઘડી લય જાય;
સાર સંસારમાં એહીજ જાણું,
જે જપીએ જિનરાય....બી૦ (૨)
ધન તે ગામ નગર વર પટ્ટણ,
પુર સંબાધન ઠામ;
તેહિજ ભવન વિમાન અમાન ગુણ,
જિહા હોય જીનવર ધામ....બી૦ (૩)
કુષ્ટ ક્રિયા સવિ તુમ વિણ નિષ્ફળ,
જ્યું ગગને ચિત્રામ;
જે તુજ ચાર નિક્ષેપે ધીઠ્ઠા,
કરની તસ સવિ વામ....બી૦ (૪)
તુમ આણા વિણુ તેવે કાંઇ,
ભાગ્ય અસંખ બદામ;
તે ખસીયા પરે હાથ ઘસે નર,
દુઃખ લહે જીમ ગદ પામ....બી૦ (૫)
પાસ શંખેશ્વર પરચા પૂરણ,
પુહવી એ દશ શત ધામ;
જ્ઞાનવિમલ પ્રભુ સંગતિ એહીજ,
લખકોડી નિધિ દામ...બી૦ (૬)

—*—

( ૭૭ )

કોયલ ટહુકી રહી મધુવનમેં,
પાર્શ્વ શામળીઆજી બસો મેરે મનમેં....
કાશી દેશ વાણારસી નગરી,
જન્મ લીઓ પ્રભુ ક્ષત્રીય કુલમેં....કોયલ૦ [૧]
બાલપણામાં અદ્ભુત જ્ઞાની;
કમઠકો માન હર્યો એક પલમેં....કોયલ૦ [૨]
નાગ નિકાલા કાષ્ટ ચિરા કર,
નાગકું કિયો સુરપતિ એક દિનમેં....કોયલ૦ [૩]
સંયમ લઇ પ્રભુ વિચરવા લાગ્યા,
સંયમે ભીંજ ગયો એક રંગમેં....કોયલ૦ [૪]
સમેતશિખર પ્રભુ મોક્ષે સિધાવ્યા,
પાર્શ્વજીકો મહિમા ત્રણ ભુવન મેં....કોયલ૦ [૫]
ઉદયરતનકી એહી અરજ હૈ,
દિલ આકયો તોરાં ચરણકમલ મેં....કોયલ૦ [૬]

( ૭૮ )

અહો અહો પાસજી મુજ મળીયા રે;
મારા મનના મનોરથ ફળીયા—અહો૦
તારી મૂરતિ મોહનગારી રે;
સહુ સંઘને લાગે છે પ્યારી રે,
તમને મોહી રહ્યા સુર નર નારી—અહો૦ ૧

અલબેલી મૂરત પ્રભુ! તારી રે;
તારા મુખડા ઉપર જાઉં વારી રે,
નાગ નાગણીની જોડ ઉગારી—અહો૦ ૨

ધન્ય ધન્ય દેવાધિદેવા રે;
સુરલોક કરે તારી સેવા રે,
અમને આપોને શિવપુર મેવા—અહો૦ ૩

તમે શિવરમણીના રસીયા રે;
જઈ મુક્તિપુરીમાં વસીયા રે,
મારા હૃદય કમળ માંહે વસિયા—અહો૦ ૪

જે કોઇ પાર્શ્વતણા ગુણ ગાશે રે,
ભવભવના પાતિક જાશે રે;
તેના સમકિત નિરમળ થાશે રે. અહો૦ ૫

પ્રભુ ત્રેવીશમા જિનરાયા રે,
માતા વામાદેવીના જાયા રે;
અમને દરિશન દ્યોને દયાળા. અહો૦ ૬

હું તો લળી લળી લાગુ છું પાય રે,
મારા ઉરમાં તે હરખ ન માય રે;
એમ માણેકવિજય ગુણ ગાય રે. અહો૦ ૭

( ૭૯ )

ૐ નમો પાર્શ્વ પદ પંકજે,
વિશ્વ ચિંતામણી રત્ન રે;
ૐ હ્રીં ધરણેન્દ્ર પદ્માવતી,
વૈરૂટ્યા કરો મુજ યત્ન રે....ૐ૦ (૧)

અબ મોહે શાન્તિ તુષ્ટિ મહા,
પુષ્ટિ ધૃતિ કીર્તિ વિધાયી રે;
ૐ હ્રીં અક્ષર શબ્દથી,
આધિ વ્યાધિ સવિ જાય રે....ૐ૦ (૨)

ૐ અસિઆઉસા નમો નમઃ,
તું ત્રૈલોક્યનો નાથ રે;
ચોસઠ ઇન્દ્ર ટોળે મળી,
સેવે જોડી પ્રભુ હાથ રે....ૐ૦ (૩)

ૐ હ્રીં શ્રીં પ્રભુ પાર્શ્વજી,
મૂળના મંત્રનું બીજ રે;
પાર્શ્વથી સર્વ દુરિત ટળે,
આઇ મિલે સવિ ચીજ રે....ૐ૦ (૪)

ૐ અજિતા વિજયા તથા, અપરા વિજયા જયાદેવી રે;
દશ દિશિપાલ ગ્રહ યક્ષ જે,
વિદ્યાદેવી પ્રસન્ન હોય સેવી રે....ૐ૦ (૫)

ગોડી પ્રભુ પાસ ચિંતામણી, થંભણો અહિછત્રો દેવ રે;
જગવલ્લભ તું જગે જાગતો,
અંતરિક વરકાણો કરૂં સેવ રે....ઓ૦ (૬)

શ્રી શંખેશ્વર પુર મંડણો, પાર્શ્વજીન પ્રણુત તરૂકલ્પ રે;
વારજો દુષ્ટના વૃંદને,
સુજસ સૌભાગ્ય સુખ કલ્પ રે....ઓ૦ (૭)

( ૮૦ )

સકલ મંગલ સદા અતુલ સુખ સંપદા,
પાસજીન નામિ શુભ કામ થાઈ;
જગજ્નાધાર દીદાર તુજ દેખતાં,
દુરિત દોર્ભાગ દુઃખ ફીરી જાઈ. સકલ૦ (૧)

આજ મુજ અંગ આનંદ ઉલ્લટ ઘણો,
આજ રૂડી દશા ઉદયવંતી;
આજ જીનરાજ મુજ કાજ સઘલાં સર્યાં,
આજ સઘલી ફળી મનહ ખંતી. સકલ૦ (૨)

સુરવરા નરવરા અસુર વિદ્યાધરા,
જાસ નિતુ દાસ પરિ કરત સેવા;
તાહરૂં ધ્યાન સનમાન કરી જે વરી,
તે તરી ભવજલધિ નિત્યસેવા. સકલ૦ (૩)

તુજ મુખચંદ અરવિંદને જીપતું,
દીપતું સૂરપરિ નૂર ઝાઝઈ;

રંગની રેલી શુભ વેલિ ચઢતી સદા,
પુત્ર પરિવાર સુખકાર છાજઇ. સકલ૦ (૪)

તુંહિ જ મુજ માત તું તાત વિખ્યાત જગિ,
માત વામાઉયરી રાજહંસ;
અવનીપતિ અશ્વસેનાન્વયે અંબરિ,
ઉગીઓ ભવિ કમલ વિમલ હંસ. સકલ૦ (૫)

સામિ સંખેશ્વરા પાસ પરમેશ્વરા,
તરણિ પરી તેજ તુજ અધિક દીસે;
તાહરૂં નામ અભિરામ જપતાં સદા,
હર્ષ ભરા હિયડલું હેજી હીસે. સકલ૦ (૬)

પુરો મુજ કામિતં કામિત સુરતરૂ,
તાહરી ચાકરી વિજયવંતી;
વિજયવંતા વિનેયાદિ લચ્છી ઘણી,
કોઇ તુજ નામથી બુદ્ધિવંતી....સકલ૦ (૭)

શુદ્ધ સમકિત મતિ ધરણ પદ્માવતી,
પાર્શ્વની સેવ નિતમેવ સારે;
અહનિશિ માનસિ જેહને તું વસે,
તેહના દુઃખ દારિદ્ર વારે....સકલ૦ (૮)

(કલશ)

ઈમ થુણ્યો સુખકર પાસ જિનવર,
શંખેસર પુર દિનકરૂ;

પરિવાર સાર ઉદાર,
લચ્છીકરણ સુંદર સુરતરૂ;
સંસાર પારાવાર તારક,
દંદ દોહગ દુઃખહરૂ;
શ્રી જયવિજય કવિ ચરણ સેવક,
ગુણવિજય વાંછિત કરૂ....સકલ૦ (૯)

( ૮૧ )

પાસ શંખેસર ભેટીયે સાહિબજી,
જગગુરૂ જગદાનંદ રે;
મનમાન્યો જીણંદરાય તુમ થકી સા૦,
શંખેસર પુર મંડણો સા૦;
વદન ઇંદ નરિંદો રે....મન૦ (૧)

અશ્વસેન કુલચંદલો સા૦,
વામા માત મલ્હાર હો સા૦;
કમઠ હઠી મદ ગંજણો સા૦,
ભંજણો કુમતિ કુઠાર હો....મન૦ (૨)

જાદવ જરા નિવારણો સા૦,
સેવક જન આધાર હો સા૦;
સમર્યા સાહાય્ય દીયે સદા સા૦,
અડવડીયાં આધાર હો....મન૦ (૩)

સકલ દેવ સિરસેહરો સા૦,
નિલવરણ દ્યુતિ ધારે હો સા૦;
તન મનથી કરી સેવીએ સા૦,
ઉતરીયે ભવપાર હો....મન૦ (૪)

કેસર ચંદન ઘોલીએ સા૦,
પૂજીએ જીનવર અંગ હો સા૦;
દાનવિજય કહે ભાવથી સા૦,
પામે તે શિવસુખ સંગ હો....મનમાન્યો૦ (૫)

( ૯૨ )

સાહેબા શ્રી શંખેસરા પાસજી,
પ્રભુજી ભવોદધિતરણ જહાજ;
સંદેશો સુણજો વામાનંદજી,
સાહિબા ધારક તારક બિરૂદનો, પ્રભુજી અહો અહો
ગરીબ નિવાજ....સંદેશો૦ (૧)

સાહિબા અતીત ચોવીસીમાં વર્તતા,
પ્રભુજી દામોદર ભગવંત; સં૦
સાહિબા તેસલી જીવ ગણધર તેણે,
પ્રભુજી બિંબ ભરાવ્યો ગુણવંત...સંદેશો૦ (૨)

સા૦ ધ્યાન ધર્યું જબ આપનું,
પ્રભુજી શંખેસર રાય; સં૦

સા૦ પ્રગટ થયા પાતાલથી,
પ્રભુજી વિઘ્ન હર્યા સહુ જાય... સં૦ (૩)

સા૦ જન્મ મરણુ ભય સવિ હરો,
પ્રભુજી તો એ ઉપદ્રવ કુણ માત્ર; સં૦
સા૦ ઈંદ્ર ચંદ્ર નાગિંદ્રથી,
પ્રભુજી રૂપ અનંતગણું ગાત્ર....સં૦ (૪)

સા૦ પ્રાતિહાર્ય સવિ સુંદરૂં,
પ્રભુજી શોભિત ગુણવૃંદ; સં૦
સા૦ સુરપતિ નરપતિ મુનિવરા,
પ્રભુજી સેવિત પદ અરવિંદ....સં૦ (૫)

સા૦ અહોનિશ પદકજ સેવના,
પ્રભુજી ચાહું છું દરિસ દેદાર; સં૦
સા૦ દીપવિજય કહે દીજીએ,
પ્રભુજી તુમ દરિસણુ સુખકાર....સંદેશો (૬)

( ૮૩ )

(ઓલે પડવે સસરો સૂતો, પહેલે પડવે માજી-એ દેશી.)

રહેને રહેને અલગી રહેને,
હાજી કાંઇ કુમતિ પડી છે કેડે;
હાજી કાંઇ તુજ કૃતિને કોણુ તેડે અલગી;
હાંજી તું મુજને જ્ઞાને છેડે....અલગી૦ [૧]

તેં મુજ મહામદ પાયો,
તેણે હું થયો મતવાલો;
તૃષ્ણા તરૂણી આણી પેલી,
વચમાં કરીય દલાલો....અલગી૦ [૨]

કામ નટવો તું તેડી આવી,
તેણે પણ માંડી બાજી;
મિથ્યા ગીતતણે ભણુકારે,
મુજને કીધો રાજી....અલગી૦ [૩]

નરક નિગોદ તણા મંદિરમેં,
પાતક પલંગ બિછાયો;
મુજને ભોલવી ત્યાં બેસાડયો,
પણ સુમતિએ સમજાવ્યો....અલગી૦ [૪]

તવ મેં મદિરા છાક નિવારી,
સમક્તિ સુખડી ચાખી;
ઉપશમરસ સુધારસ પીધો,
ચિત્તો ચેતનતા રાખી....અલગી૦ [૫]

શ્રી શંખેસર ચરણ સરોરૂહ,
લાગી ધ્યાનની તાલી;
રૂપ વિબુધનો મોહન પભણે,
જીનગુણ સૂત લટકાળી....અલગી૦ [૬]

( ૮૪ )

પાસ જીન ગાઇએ, જીણંદ ગુણ ગાઇએ;
શ્રી શંખેસર જીનરાય, જીણંદ ગુણ ગાઇએ.... [૧]

કમઠ હઠી હઠ ભંજણો રે,
રંજણો રે જગત આધાર;
મંગલવેલી વધારવા,
પ્રભુ નવ પુષ્કર જલધાર....જી૦ [૨]

ત્રિભુવન તિલક સમોવડો રે,
દીપે તું જિન ભાણ;
યાદવ જરા નિવારણો,
પ્રભુ ભાવ મનોગત જાણ....જી૦ [૩]

તુમ્હ પદ પૂજે પ્રેમસ્યું રે,
તસ પાતિક દૂરે પલાય;
અષ્ટ મહાસિદ્ધિ સંપજે,
પ્રભુ નામે નવ નિધિ થાય....જી૦ [૪]

જલણે જલંતો ઉગારિયો રે,
નાગ તે નાગકુમાર;
ઇંદ્રતણે પદે થાપીઓ,
પ્રભુ એ તારો ઉપગાર....જી૦ [૫]

પુરિસાદાણી પાસજી રે,
પાવન પરમ કૃપાળ;
જગજીવન જગવાલહો,
પ્રભુ શરણાગત પ્રતિપાળ....જી૦ [૬]

સુરનર માનવ દાનવા રે,
સારે તેરી સેવ;
જ્ઞાનવિમલ કહે જગતમાં,
પ્રભુ તુંહિ જ દેવનો દેવ....જી૦ [૭]

( ૮૫ )

[ રાગ—વાલ્હેસરની દેશી ]

પાસ શંખેશ્વર ભેટીયે રે લોલ,
એ વિઘ્ન વિકાર રે વાલેસર;
અદ્ભુત કીર્તિ કળીયુગે રે લોલ,
ભવિજનને આધાર રે. વા૦ પા૦ [૧]

દેશ દેશના જન ઘણા રે લોલ,
યાત્રા કરવા રે કાજ; વા૦
આવે અતિ ઉલટ ભર્યાં રે લોલ,
લેઈ લેઈ પૂજ સમાજ રે. વા૦ પાસ૦ [૨]

નવરંગી આંગી રચે રે લોલ,
ભવિ અંગે ધરી ભાવ રે; વા૦
એહિજ ભાવના ભાવતાં રે લોલ,
ભવજલ તરવા નાવ રે. વા૦ પા૦ [૩]

કમઠ હઠી હઠ ભંજણો રે લોલ,
રંજણો જગ જન ચિત્ત રે; વા૦

સાથ મિલ્યો હવે તાહરો રે લોલ,
　　　　કીધો જન્મ પવિત્ત રે વા૦ પા૦ [૪]
વામાનંદન ! વાલહા રે લોલ, પ્રભાવતીના નાથરે; વા૦
જ્ઞાનવિમલ ગુણ બાંહ્યથી રે લોલ,
　ગ્રહીને કરો સનાથ રે....વાલેસર. પાસ શંખેસર૦ [૫]

( ૮૯ )

હરિસણુ ઘોજી ઘોજી ઘોજી,
　　　　શંખેસર સાહિબ હરિસણુ ઘોજી;
ત્રિભુવનના નાયક હરિસણુ ઘોજી.
　　　　મ્હેં ચ્છા તુમ પદના પાયક; હરિ.
જીમ પ્રકટે સમકિત પાયક, હરિ૦....
આશ કરી ઉમાહ્ય ધરીને,
　　　　અલગાંથી અમે આવ્યા;
મહેર ધરી જો હરસણુ આપો,
　　　　તો અમે સવિ સુખ પાયા....હરિ૦ (૧)
એકણુ ચિત્તે શુભ વિધિ રીતે,
　　　　અવિચલ પ્રીતિ ધ્યાતા;
ગતિ મતિ થિતિ છતી તુંહિ તુંહિ,
　　　　ઇમ બહુવિધ ગુણુજ્ઞાતા....હરિ૦ (૨)
લોચન લીલે અનુભવ શીલે,
　　　　અલક પલકમેં તારી;
તો એવડી શી ઢીલ કરો છો ?,
　　　　આજે અમારી વારી....હરિ૦ (૩)

દરિસણથી દર્શન હુએ નિર્મળ,
દર્શન ગુણ પણ આવે;
દર્શન મુદ્રા તેહી જ શુદ્ધિ,
ત્રિકરણ તુમ ગુણ આવે....દરિ૦ (૪)

જ્ઞાનવિમલ લીલાએ જાણો,
વાલ અમારી સ્વામી;
તુમ આણા અનુસારે સાચું,
એ પ્રતીત મેં પામી....દરિ૦ (૫)

( ૮૭ )

[ રાગ—વાલ્હેસરની—દેશી ]

પ્રભુજી પાસ શંખેશ્વરો રે લોલ,
ભેટ્યો ભવ ભય જાય રે જીણુંદરાય;
દીન દયાકર ઠાકુરા રે લોલ,
નિરખ્યે હરખિત થાય રે....જી૦ [૧]

મહિયલમાં મહિમા ઘણો રે લોલ,
તારો અગમ અપાર રે; જી૦
વચને ગુણે કહેવા થકી રે લોલ,
કુણ પામે તસ પાર રે ?.... જી૦ [૨]

નવનિધિ ઋદ્ધિ સિદ્ધિ સંપદા રે લોલ,
આવી માહરે હાથ રે; જી૦

અંતર અનુભવ જે લહ્યો રે લોલ,
તેહ સુખનો કોણ સાથ રે....જિ૦ [૩]
તારે મારે પ્રીતડી રે લોલ,
લૌકિક રીતિ ન હોય રે; જી૦
જેહ અભેદપણે રહે રે લોલ,
અવર ન એ સમ કોય રે....જી૦ પા૦ [૪]
અશ્વસેન નૃપ કુલ જલધિમાં રે લોલ,
વિધુસમ વામાનંદ રે જીણંદરાય;
જ્ઞાનવિમલ ગુણ વાધતા રે લોલ,
હોવે પરમાનંદ રે જીણંદરાય....પ્રભુજી પાસ૦ [૫]

( ૮૮ )

સમતા રાણીના વાલિમ છો રસિયા,
આપ ગુણે છકે છકીયા;
મે હું તુમ્હારે હાજર નજરે,
તું હિ જ મેરે મન વસીયા....સ૦ [૧]
હું તુમ્હ ચાહું ગોદ બિછાઉં,
પ્રેમકી કસવટી કશિયા....સ૦ [૨]
આતમકંતા તું મતિવંતા,
નિરખિંત રોમ ઉલ્હસિયા....સ૦ [૩]
તેરી દોલત અક્ષય સ્વભાવે,
દેખી મોહાદિક અરિ ખસીયા...સ૦ [૪]

તુમ્હ આણા વિણું તેવે કાંઈ,
ભાગ અસંખ અદામ....સં૦ [૫]

તે ખસીયા પરે હાથ ઘસે નર,
દુઃખ લહે જેમ ગદ પામ....સં૦ [૬]

પાસ શંખેસર પરત્તા પૂરણ,
પુહવીએ દશશત ધામ....સં૦ [૭]

જ્ઞાનવિમલ પ્રભુ અંગતિ એહીજ,
લાખ કોડી નિધિ દામ....સં૦ [૮]

---

( ૮૯ )

આવો અમચે ચિત્ત સોભાગી,
જીનજી આવો અમચે ચિત્ત;
ત્રિભુવનજનના ચિત્ત સોભાગી, આવો૦ [એ આંકણી]
સુખકર શ્રી શંખેશ્વર નામે,
નવનિધિ ઋદ્ધિ સંપતિ; સો૦
સુરવર દાનવ માનવ નાયક,
પાયકપરે પ્રણમંતિ. સો૦ આવો૦ [૧]

કામિત દાયક નાયક ભવિનો,
સુરતરૂ અધિક પ્રભાવ; સો૦
ભવજલ નિધિને તરવા હેતે,
નિરૂપમ તુમ પદ નાવ. સો૦ આવો૦ [૨]

પુરિસાદાણી ગુણમણિખાણી, રાણી વામાનંદ; સો૦
અવનીતળમાં અનોપમ દીસે,
મહિમાનો માકંદ. સો૦ આવો૦ [૩]

નીલવરણ તનુ નવ કર માને,
અશ્વસેન નૃપ તાત; સો૦
યાદવ જરા નિવારણ તુંહિ,
એ મહા અવદાત. સો૦ આવો૦ [૪]

આણ વહું અહનિશ તુમ્હચી,
એહીજ પરમ નિધાન; સો૦
જ્ઞાનવિમલથી સકલ ભવિનો, ભાવ લહો ભગવાન.
સોભાગી આવો સમયે ચિત્ત સોભાગી૦ [૫]

---

( ૯૦ )

આપ અરૂપી હોય કે પ્રભુ મારા,
જગતનાં જૂઈ રૂપ હો;
અકલ લીલા પ્રભુ તારી, પ્રભુ૦
કુણ કલિ તુજ સરૂપ હો;
દેવમાં નગીનો મારો, કેસરભીનો મારો;
ધ્યાનમાં લીનો મારો સાહિબો,
પ્ર. રતિ એક રૂપ દેખાડ હો૦ [૧]

વિશ્વમાં તુજ વ્યાપી રહ્યા,
પ્ર. નિરગુણ નામ ધરાવિ હો;

અરાગી સહુ નિરાગી કરી,
પ્ર. એ મનિ અચરિજ આવિ હો....દે૦ [૨]
નામ નિરંજન તારો,
પ્ર. પરગટ રૂપ પૂજાવિ હો;
લિખ્યાં ન જાઇ કાગલિ,
પ્ર. તો કિમ દર્શ દિખાવી હો....દે૦ [૩]
અચલ ચલાવ્યો નવિ ચલે,
પ્ર. જિહાં તિહાં તાણ્યો તાણી હો;
ધરતાં નવિ ધ્યાનમાં,
પ્ર. જગમાં જાય જયાય હો....દે૦ [૪]
બહુ રૂપે રમી રહ્યો,
પ્ર. રમતાં રમું નહિ રાજી હો;
મન વિણુ સહુ નામ ન હરિ,
પ્ર. એ સીમાડાં છઈ બાજી હો....દે૦ [૫]
પરમ પ્રભુતા ભોગવિ,
પ્ર. નિર્ધન નામ ધરાવિ હો;
દુનિયાની દૂખી રહે,
પ્ર. બેપરવાહી કરાવિ હો....દે૦ [૬]
શંખેસર પુર મંડણો,
પ્ર. વામાનંદન દેવા હો;
ઉદય સદા સુખ આપીયે;
પ્ર. તુજ પયપંકજ સેવા હો....દે૦ [૭]

( ૯૧ )

સખી ચાલ્ય શંખેશ્વરા દેવ વંદુ,
સવે વિઘનડાં દુઃખડાં દુરિ કંદુ;
જઉ દસમિ કલ્યાણક પોષ માસિ,
પ્રભુ પ્રણમી આજ નમીઆ નયર કાસી. [૧]
શ્રી અશ્વસેન કુલદેવા વામા,
કુખડી માડીઈ પૂજ કામા;
યસ્યુ રૂઅડુ ગારૂડી રત્નવાનિ,
તએ દીપએ તે નવ હસ્તવાનિ• [૨]
સતી દેવ પરભાવતી નાથભાવ,
કર સાર સિણગાર વલી ભિણિ આવ્યુ;
ભલાં કુલ અમૂલખ ભોગ લાવું,
મહાપૂજ શંખેશ્વરાની રચાવ્યું. [૩]
તિહાં નમણુનઇ જરા દુરિ નાઠી,
તુમ્હ દેવ દીઠઇ નાઠા પરાઠી;
તુમ્હ ભામણિ રે ભલી ભેટી લાધી,
તુમ્હ સેવતાં સુખની વેલી વાધી [૪]
તુમ્હ દરિસણ મુજ મતિ એહ બુદ્ધિ,
તુમ્હ નામિ લહિઇ પ્રભુ સકલ સિદ્ધિ;
તુમ્હ પાસ શંખેશ્વરા હર્ષ પૂરઓ,
તુમ્હ વિનવું શ્રી અમરરત્નસૂરિ—[૫]

—*—

( ૯૨ )

મંગલકારી શ્રી શંખેશ્વર, પાર્શ્વનાથ જગ જયવંતા;
વિઘ્ન નિવારક ભવનિધિ તારક,
જય જય શિવકર ભગવંતા... મંગલ૦ [૧]

જાદવ કુલની જરા નિવારી,
નવણુ નીરથી સુખકંદા;
મંત્ર મહાનવકાર સુણાવી,
કર્યો ધરણુપતિ સુખચંદા....મં૦ [૨]

ધ્યાઇએ નિશદિન નિર્મલ,
તુમ નામ શાંતિ સુખ દેનારા;
હાથ જોડી સંગાથ નાથજી,
વિનવીએ દુઃખ દલનારા....મં૦ [૩]

ચરણુ શરણુ ભય મરણુ નિહંતા,
કરણુ કોડ કલ્યાણુ તણું;
ભવ્ય નાથ મમ હાથ ગ્રહીને,
કરો દાસ અરદાસ ભણું...મં૦ [૪]

અમૃત અમ અમપર તુમ છાયા,
ભવોભવ હોજો સુખકારી;
રત્ન રમણુતા કરતાં એક દિન,
શિવલક્ષ્મી છે વરનારી...મં૦[૫]

( ૯૩ )

( નથડીની એ દેશી )

તત થેઈ તત થેઈ રાજ નાચે રે,
ઇંદ્રાણી ગાઈ જિન ગુણ ભાસ;
મારા સાંઈ હોજી રાજ, પૂજો રે
ભાવસ્યું ભવિ શંખેસર પાસ....મા૦ [૧]
ત્રિવિધ પૂજા રે ત્રિહું ટંક કરે સાર,
વાજે રે નોબત ભેરી ઘંટ ઝણકાર....મા૦ [૨]
સંઘ બહુલા આવે પ્રભુ દરબાર,
ગાય રે નાચે રે કરે થેઈ થેઈકાર....મા૦ [૩]
કેસર કુસુમ અગર ઘનસાર,
દીવો રે મંગળ ફલ નીવેદ ઉદાર....મા૦ [૪]
અક્ષત ધૂપ પત્ર શુદ્ધ જલધાર,
કરે રે પૂજા ભવિ આઠ પ્રકાર....મા૦ [૫]
અતીત ચોવીશી દામોદર દેવ,
વારે રે આષાઢે થાપ્યા પાસ સ્વયમેવ....મા૦ [૬]
ઇંદ્ર ચંદ્ર ધરણેન્દ્ર પૂજી જેહ,
આણી રે માધવે મૃત્યુલોકે ધરી નેહ....મા૦ [૭]
નમણ જલે જરા કુષ્ટ જવર જાય,
પૂજે રે ક્ષાયિક ભાવે શિવસુખ થાય....મા૦ [૮]
પ્રેમે નિહાલી કાંતિ જિનની સુભક્ત,
વાજે રે તસ ઘર જીત જસ નોબત....મા૦ [૯]

( ૯૪ )

શંખેશ્વર પાસ જીન વંદો,
ભવિક જન શંખેશ્વર પાસ જીન વંદો....ભવિ૦
સૂરત મંડન દુરિત વિહંડન,
એહ સાહેબ ચિર નંદો....ભવિ૦ (૧)
અશ્વસેન કુલ ગગન દિણયર,
વામા કુખ કજ ચંદો ભવિ;
નીલકમલ દલ નવ કર કયા,
સેવત લંછન ફણિંદો....ભવિ૦ (૨)
પ્રભુ મુખ દીઠે તિરિય ગતિ છેદી,
પદ પાયો ધરણીંદો ભવિ;
જીન પડિમા જીનવર સમ ભાવત,
પાવત પરમાનંદો....ભવિ૦ (૩)
અશુદ્ધ પૂંજ વિકલ્પને છાંડે,
પ્રગટયો સમરસ કંદો ભવિ;
શુદ્ધ સ્વરૂપી સહજાનંદી,
ધ્યાવો અસંગ અફંદો....ભવિ૦ (૪)
સંવત અઢાર છેંતાલે માધવ,
સિત દશમી જીન વંદો ભવિ;
પંડિત વીરચંદ કૃપાથી,
મલુકચંદ દુઃખ છંદ્યાં....ભવિ૦ (૫)

( ૯૫ )

શ્રી સંખેશ્વર સાહિબ વંદો, ભવના પાપ નિકંદો રે;
અશ્વસેન કુલ કમલ દિણંદો,
વામા માતાનો નંદો રે....શ્રી૦ (૧)

કરૂણાકર ઠાકર પ્રભુ મેરો, હું સેવક છું તેરો રે;
નેહ નજર કરી સાહિબ મેરા,
મેટો ભવનો ફેરો રે...શ્રી૦ (૨)

આસ કરી આવ્યા દરબારે,
તુમ વિણુ કહો કુણુ તારે રે;
મિથ્યાતમ આતમ દુખદાયી,
પ્રભુ વિના કુણુ નિવારે રે....શ્રી૦ (૩)

સકલ તીરથના નાયક સ્વામી, પૂરવ પૂન્યે પાયા રે;
શ્રી તપગચ્છ નાયક ગુણુલાયક,
વિજય જીણંદ સૂરિરાયા રે....શ્રી૦ (૪)

સંવત કર શર ગજ શશિમાંહે, શુદિ સાતમ સોમવાર રે;
શ્રી મહારાજે મેહર કરીને,
સહુ માજન તેડાવ્યા રે....શ્રી૦ (૫)

વિધિસ્યું સહુનો વેધ મિટાવી, જુગતે ભેલા જીમાયા રે;
જસ લીધો કારજ સવિ સીધો, શ્રી પ્રભુજીને પસાઇ રે,
કૃષ્ણવિજય ગુરૂ રાયનો સેવક,
રંગવિજય ગુણ ગાયા રે;
—શ્રી શંખેશ્વર સાહિબ વંદો.... (૬)

—*—

( ૯૬ )

શ્રી શંખેશ્વર પાસ જીણંદ કે, ચરણ કમલ ચિત લાગી;
સુણજો રે સજ્જન નિત્ય ધ્યાઉંગી,
એહવા પણ દઢ ધારી હિયાયેં;
અન્ય દ્વાર નહિ જાઉંગી....સુણજો રે૦ (૧)
સુંદર સુરંગ સલૂણી મૂરત,
નિરખ નયન સુખ પાઉંગી....સુણજો રે૦ (૨)
ચંપા ચમેલી અરૂ મોગરા,
અંગીયા અંગ રચાઉંગી....સુણજો રે૦ (૩)
શીલાદિક શણગાર સજી નિત્ય,
નાટક પ્રભુ હું દિખાઉંગી....સુણજો રે૦ (૪)
ચિદાનંદ પ્રભુ પ્રાણજીવનકું,
મોતીયન થાળ વધાઉંગી....સુણજો રે૦ (૫)

( ૯૭ )

શ્રી શંખેશ્વર પાસ જીનેસર અરજ સુનોજી,
કર મહેરબાની હાં રે; મેરી અરજી....(આંકણી)
તારક બિરૂદ સુની મેં આયો,
તુમ ચરણે શરનાં જાની....શ્રી૦ [૧]
સોલ સહસ મુનિ આદિ જુગતિ,
તારે તુમ અમૃત બાની;
ઉનકું આતિમ રૂદ્ધિ ભર સિદ્ધે,
પાએ પરમ પ્રભુજી દાની....શ્રી૦ [૨]

પન્નગ પાવક જલતો ઉગાર્યો,
જ્ઞાન દિસા તુમ પહેચાની;
ઉનકું હરસ સરસ ભયાં તેરા,
સુરપતિ પદવી છહેરાની....શ્રી૦ [૩]

મેં આયો એહ કીરત સુનકે,
વિનતી એક સુનિએ જ્ઞાની;
ભવોભવ તુમ ચરનોકી સેવા,
સાહીબ દીજે દિલ માની....શ્રી૦ [૪]

અશ્વસેન વામાજીકો નંદન, વંદત જગકે સુલતાની;
અબ તો લેહેર મ્હેહર મોય કીજે,
રંગ સદા શિવ સુખદાની શ્રી શંખેશ્વર પાસ૦ [૫]

—૦—

( ૯૮ )

ધરણીંદા કરે સેવના પ્રભુ તારી,
પૂજે પદ્માવતી જગ પ્યારી રે;
વામાદેવી માત મલ્હાર, ઘનઘાતી ચારેને ટાળ;
પામ્યા જ્ઞાન દર્શન શ્રીકાર,
તજીઆ ઘાતી તર્યા ભવપાર રે....ધરણીંદા૦ (૧)

એનું જોગમુદ્રાનું રૂપ,
દેખી મોહ્યા સુર નર ભૂપ;
પૂજતા મુંઘો ભવજળકૂપ,
વળી પ્રગટયો સહજ સ્વરૂપ રે....ધરણીંદા૦ (૨)

જીનજી શ્રી શંખેશ્વર પાસ,
પૂરી જાદવ લોકની આશ;
કીધો શંખેશ્વર પુર વાસ,
જસ ધ્યાતા હોયે અઘનાશ રે....ધરણીંદા૦ (૩)

ગણધર વાચક મુનિ સમુદાય,
દેવ ચતુર્વિધ તુમ ગુણ ગાય;
વંછિત કારજ એહના થાય,
કર જોડી નમે સહુ પાય રે....ધરણીંદા૦ (૪)

કારણથી જેમ કારજ હોય,
તેમ મેં સમર્યાં પ્રભુજીને જોય;
જીવપ્રદેશો મળને ધોય,
વધર્મચંદ કેવળ લહે સોય રે....ધરણીંદા૦ (૫)

( ૯૯ )

પ્યારા લાગો પ્રભુ પાસજી રે મારા આતમના આધાર;
પ્યારા લાગો છો રે.
અશ્વસેન કુળ દિનમણી,
પ્રભુ વામા માત મલ્હાર. પ્યારા,
અજર અમર અકલંક તું,
દાયક શિવસુખ દાન—પ્યારા૦ [૧]

પ્રેમ પ્રસન્ન પ્રભુતામઈ,
પ્રભુ જગ ઉપગારી દેવ, પ્યારા;
યાદવ જરા નિવારવા રે,
પ્રભુ આવ્યા સ્વયમેવ—પ્યારા૦ [૨]
માહરે તો એક તાહરો રે,
છે મોટો આધાર. પ્યારા;
સેવકને કરૂણા કરી રે,
પ્રભુ ભવસાગરથી તાર—પ્યારા૦ [૩]
શિવગામી સાહિબ વિના રે,
પ્રભુ એ વિનતિ કિહા થાય. પ્યારા;
મહેર નજર હોય તાહરી રે,
પ્રભુ અશુભ કરમ મટી જાય—પ્યારા [૪]
શ્રી શંખેશ્વર પાસજી રે,
પ્રભુ દ્યો દરિશણ જગદીશ. પ્યારા;
કરજોડીને વિનવે રે,
પ્રભુ કૃષ્ણવિજયનો સીસ—પ્યારા૦ [૫]

—*—

( ૧૦૦ )

સુંદર પાસ જીણંદ છબી રાજે છે,
પ્રભુ મેરૂ મહીધર ધીર ભાવઠી ભાજે રે;
અશ્વસેન કુલ અંબરે રવિ સોહે છે,
જસ નીલ કમલ દલ કાય ભવિ મન મોહે છે. [૧]

નિજ ગુણ શુદ્ધ સ્વરૂપમાં રતિ કીધી છે,
અલબેલી શિવ વધૂ સાર નિજ વશ કીધી છે;
જ્ઞાન અનંત પ્રકાશથી જે દીપે છે,
ભામંડલ તેજે સૂર શશિને જીપે છે. [૨]

શૈલેશી ગુણ દહનમાં તે બાળ્યાં છે,
જે ભવોપગ્રાહિક કર્મ મૂલથી ટાળ્યાં છે;
સાદિ અનંતે ભાગે સદા સુખ વરીયા છે,
પ્રભુ નિરૂપમ અવ્યાબાધ ગુણના દરિયા છે. [૩]

આઠ કરમના નાશથી ગુણ પાયા છે,
એકત્રીસ મનોહર નાથ શિવપુરે ઠાયા છે;
ધ્યાતા ધ્યેયના ધ્યાનથી ધ્યેય પામે છે,
પ્રભુ તિણે તુજ સેવા નિત્ય મુજ મન કામે છે. [૪]

મહિમા મહીમાંહે ઘણો નિત છાજે છે,
પ્રભુ સૂરય કોડી પ્રતાપ અધિકાં રાજે છે;
શંખેશ્વર મંડણો મન મોહે છે,
કહે રૂપ શંખેસરો પાસ અતિ ઘણું સોહે છે. [૫]

( ૧૦૧ )

શ્રી શંખેસર સુખકારી,
　　પ્રભુ મૂરત મોહનગારી હો સાહિબ સુખકારી;
દેખી મુજ મન મોહે,
　　ત્રિભુવનમાં સબળો સોહે હો સાહિબ સુખકારી૦ [૧]

અશ્વસેન કુલચંદા,
　　પ્રભુ વામાજીકા નંદા હો; સા૦
નગરી વાણારસી જાણો,
　　વહે ગંગાજલ સપરાણો હો....સા૦ [૨]

ચઉદે સુપને જાયા,
　　છપન કુમરી હુલરાયા હો; સા૦
જાદવકુલમાં જાણો,
　　ત્રણ ખંડમાં કાનડ રાણો હો....સા૦ [૩]
વાસુદેવ પ્રતિવાસુ ઝુઝે,
　　એક એકથી કોય ન બૂઝે હો; સા૦
જરાસંઘે જરા મેલી,
　　બલભદ્રને કાનડ બેલી હો....સા૦ [૪]

ગયા નેમ જિનેસર પાસે,
　　કહો નેમજી શું હવે થાશે હો; સા૦
અઠમના તપ કીજે,
　　નાગરાયનો ધ્યાન ધરીજે હો....સા૦ [૫]

ત્રીજે દિન નાગરાય,
કૃષ્ણજીને લાગે પાય હો; સા૦
પ્રતિમા પાસજી કેરી,
તુમે આપો નવલ નવેરી હો....સા૦ [૬]
જૂની મૂરત દીપે સારી,
પ્રભુ નમણે જરા નિવારી હો; સા૦
શંખપુરી સુખપાયા,
શંખેસર નામ ધરાયા હો....સા૦ [૭]
નગર શંખેસર વાસી,
પ્રભુ બેઠા જોત વિલાસી હો; સા૦
દીઠે દોલત આપે,
દુઃખિયાના દાલિદ્ર કાપે હો....સા૦ [૮]
ભાગ્યચંદ્ર ગુરૂરાયા,
નિત નમતાં પાતક જાયા હો; સા૦
ખુશાલચંદ્ર ગુણ ગાવે,
પ્રભુ જપતાં નવનિધ આવે હો....સા૦ [૯]

( ૧૦૨ )

સરસતિ સરસ વયણરસ,
માતા તું મુજ દેઈ રે;
શ્રી શંખેસર પાસજી,
ગાસ્યું હું બહુ હેયિ રે૦ [૧]

જય જય પાસ જીનેસરૂ (આંકણી)

અશ્વસેન ભૂમિપતિ,
કુલ આકાસ વિસાલા રે;
દિનપતિ દીપઇ જીનવરૂ,
ગુણ ગાઇ મુખી બાલા રે....જય૦ [૨]

કમઠ હઠી મદ ભંજનો,
ત્રીસ વરસ ગૃહવાસ રે;
પ્રભાવતી રાણી સાથી,
સુખ વિલસઈ ઉદાસ રે....જય૦ [૩]

અવસર લહી લોકાંતિક,
કહઇ પ્રભુ સંયમભાર રે;
લીજઇ દાન દેઈ કરી
કીજઇ પર ઉપગાર રે....જય૦ [૪]

સરસ ગહી કરીવર,
દાન મેહ પ્રભુ વરસી રે;
ઉત્સવ મહોત્સવ બહુ કરી,
સંયમ લીધું હરખી રે....જય૦ [૫]

એકાકી વિચરઇ જિન,
તપ તપઇ વિકરાલ રે;
કેવલજ્ઞાન વરી તવ,
પ્રતિબોધઇ જન સાલ રે....જય૦ [૬]

સમેતશિખર અણસણ કરી,
પહુતા મુગતિ મઝાર રે;
ભવિજન અહનિશિ ચિત ધ્યાઓ,
જગ લહો જીમ જયકાર રે....જય૦ [૭]

પરતખિ થઓ પૂરતો,
ચૂરતો આપદવૃંદ રે;
નાગેંદ્ર ને પદ્માવતી,
સેવ કરઈ આણુંદ રે....જય૦ [૮]

ગજપતિ સિંહ દવાનલ,
સર્પ સમર જલ આદિ રે;
જલોદર બંધન ભય ભંજઈ;
મુગદળ જિમ હરિ નાદિં રે....જય૦ [૯]

વિત ખરચી પૂજા કરો,
ભાવ ધરી હિયડઈ ચંગ રે;
પાસ વંદન નર જે કરઈ,
તે લહઈ સુખ અભંગ રે....જય૦ [૧૦]

શ્રી હીરવિજય સૂરીસરૂ,
વિમલહરિખ ઉવઝાય રે;
તાસ સીસ મુનિ ઇમ કહઈ,
સેવા દ્યો તુજ પાય રે....જય જય પાસ જીનેસરૂ૦ [૧૧]

( ૧૦૩ )

આજ સખી સંખેસરો,
નયણે મેં નિરખ્યો;
દેખત પેખત પાસજી,
મારો જીવ હરખ્યો હાંરે મારો જીવ હરખ્યો૦ [૧]
મનમોહન મોહી રહ્યો,
જિન જોવા સરીખો;
દેવ સરવમાં દીપતો,
મેં પુન્યે પરખ્યો....હાંરે મે૦ [૨]
પદ્માસન આસને ભલો,
સિવ વધુ મીલાવે;
ભાલ તિલક દીપે ભલો,
નાશા વંશ સુહાવે....હાંરે ના૦ [૩]
વદન સરીખો ચંદલો, ભવિયણ મન મોહિ;
મસ્તક મુગટ સોહામણો
કાને કુંડલ સોહિ....હાંરે કા૦ [૪]
જે ભાવે ભવિયણ વાંદસે, તેહને સુખ દેવઇ;
અલ્પ સંસાર હોઈ,
જે પ્રભુને સેવઇ....હાંરે જે૦ [૫]
મેં તું સાહિબ પામિયો,
હવે અવર ન ધ્યાવું;
શાત્ય દિવસ તો જાગતો,
તોરા ગુણ ગાવું....હાંરે તો૦ [૬]

પરતા પૂરે પરિપરિ રે,
અધિષ્ઠાયક દેવા;
ધરણીધર પદ્માવતી,
કરે તોરી સેવા....હાંરે કરે૦ [૭]
તુજ દીઠે દુઃખ વીસર્યાં, મુજ દહાડો વલીઓ;
ભવભીતનો ભે ટલ્યો,
મુજ સાહિબ મલીઓ....હાંરે મુ૦ [૮]
રાય રાણા આવી મલ્યા,
પ્રભુ સેવા કાજે;
ભારીકર્મા જે હોઇ,
દેવ દેખી લાજે....હાંરે દેવ૦ [૯]
શુભવિજય સુખ વીનતિ,
પ્રભુ સુણજો કહીઇં;
લાલવિજય કહિ ભવિ ભવિ,
તુમ ચરણુઇ રહીઈ.. હાંરે તુમ ચરણુઇ રહીઇ૦ [૧૦]

( ૧૦૪ )

શ્રી શંખેશ્વર પાસજી અલબેલા જિનવરજી,
ત્રેવીસમો જિનરાજ રે, વાલો મારો એહી રે જિનવરજી;
ત્રેવીસ વિષય દૂરે કરી, અલબેલાજી,
ત્રેવીસ સૂયગડ જાણુઇ....વા૦ [૧]
અસંખ પ્રદેશ નિરમલા કરી, અલ૦
ગુણ અનંતની ખાણુ રે; વા૦

તેહમાં આઠ મોટા કહ્યા, અલ૦
અષ્ટમી ગતિ દાતાર રે....વા૦ [૨]
જ્ઞાનાવરણીયે કરી, અલ૦
જ્ઞાન અનંત જિણંદ રે; વા૦
દર્શનાવર્ણી અભાવથી, અલ૦
દર્શન દેખે અનંત રે....વા૦ [૩]
વેદની કરમ દૂરે કરી. અલ૦
અવ્યાબાધ સુખ થાય રે; વા૦
મોહની કરમને ટાલી, અલ૦
ખાયક ચારિત્ર ધાર રે....વા૦ [૪]
આયુ કરમના નાસથી, અલ૦
અક્ષય સ્થિતિ ભંડાર રે; વા૦
નામ કરમના નાસથી, અલ૦
અગુરૂરુપી પ્રગટાય રે....વા૦ [૫]
ગોત્ર કરમ ટાલી કરી, અલ૦
અગુરૂલઘુ જિનરાજ રે; વા૦
અંતરાય સવિ ટાલીઓ; અલ૦
અનંત વીરજ ભગવંત રે....વા૦ [૬]
એમ અનંત ગુણ જાણીએ, અલ૦
કેવલી પીણ ન કહાય રે; વા૦
જિન ઉત્તમ પદ સેવતા, અલ૦
સીવ રૂપલક્ષ્મી ભરતાર રે....વા૦ [૭]

( ૧૦૫ )

જી પ્રભુજી પાસજી પાસજી કીજીઈ જી,
પ્રભુજી પાસજી છો પરમ આધાર રે, વાલા પ્રભુ.
જાસ પસાયથી પામીઈ જી,
નવનિધ ઋદ્ધિ સુખકાર રે. વાલા પ્રભુ.
દરિસણનો સુખ દીજીઈ જી,
પ્રભુજી કીજીઈ મહેર મહારાજ રે....વાલા જી૦ (૧)

ચારિત્ર જ્ઞાન તુમે કહ્યાં જી,
આતિમના ગુણ ગેહ રે; વા.
દરિસણ વિણુ નવિ શુદ્ધ છે જી,
જિમ દુરિજનનો નેહ રે....વાલા જી૦ (૨)

તે અનુભવ રસ રીઝથી જી,
જોયા દેવ અનેક રે; વા.
તત્ત્વ ન પામ્યો તેહથી જી,
મિથ્યા રમણ અવિવેક રે....વાલા જી૦ (૩)

આપ અનંત ઋદ્ધિના ધણી જી,
દાયક સૂણી જિન દેવ રે; વા.
પુણ્ય પસાયથી આસથી જી,
આવ્યો લહી તુમ સેવ રે....વાલા જી૦ (૪)

ગુણી સેવા ગુણ સંપજે જી,
એ જગ સાચી વાત રે; વા.

લોહ કનક હોય સંગથી જી,
પારસ જગ વિખ્યાત રે....વાલા જી૦ (૫)
શંખેશ્વર પુરના ધણી જી,
તારણ તરણ જીહાજ રે; વા.
રંગવિજય કહે દીજીઇ જી,
સેવકને શિવરાજ રે....વાલા જી૦ (૬)

( ૧૦૬ )

સાર કર સાર કર સ્વામી શંખેશ્વરા,
વિશ્વ વિખ્યાત એકાન્ત આવો;
જગતના નાથ મુઝ હાથ ઝાલી કરી,
આજ કિમ કાજમાં વાર લાવો ?....સાર૦ (૧)

હૃદય મુજ રંજણો શત્રુ દુઃખ ભંજણો,
ઈષ્ટ પરમિષ્ટ મોહે તુંહિ સાચો;
ખલક ખિજમત કરે વિપતિ સમે ખિણ ભરે,
નવિ રહે તાસ અભિલાષ કાચો....સાર૦ (૨)

યાદવા રણજણે રામ કેશવ રણે,
જામ લાગી જરા નિંદ સોહી;
સ્વામી શંખેસરા ચરણજલ પામીને,
યાદવાની જરા જાય રોતી....સાર૦ (૩)

આજ જિનરાજ ઉંઘે કિશ્યું આ સમે,
જાગ મહારાજ ? સેવક પનોત;

સુબુદ્ધિ મળે ટલે દુરતે દોલત હરે,
વીર હાંકે રિપુવૃંદ રોતા....સાર૦ (૪)
દાસ છું જન્મનો પૂરીયે કામના,
ધ્યાનથી માસ દશ દોય વીત્યા;
વિકટ સંકટ હરો નિકટ નયણાં કરો,
તો અમે શત્રુ નૃપતિકું જીત્યા....સાર૦ (૫)
કાલ મોંઘે અશન શીત કાલે વસન,
શ્રમ સુખાસન રણે ઉદક દાઈ;
સુગુણનર સાંભરે વિસરે નહી કદા,
પાસજી તું સદા છે સુખાઇ....સાર૦ (૬)
માત તું તાત તું ભ્રાત તું દેવ તું,
દેવ દુનિયામાં દૂજો ન વહાલો.
શ્રી શુભવીર જગ જીત ડંકો કરે,
નાથજી! નેક નયણે નિહાળો....ખાર૦ (૭)

( ૧૦૭ )

સહજાનંદી શીતલ સુખ ભોગી તો,
હરિ દુઃખ હરી સત્તા વરી;
કેશર ચંદન ઘોલી પૂજો રે કુસુમે, એ અંચલી
અમૃત વેલીના વૈરીની બેટી તો,
કંત હાર તેહનો અરિ—
તેહના સ્વામિની કાંતાનું નામ તો,
એક વરણે લક્ષણ ભરી....કેસરચંદન [૧]

તે ધુર થાપીને આગલ ઠવીએ તો,
ઉષ્માણ ચંદ્રક ખં ધરી. કેસરચંદન.... [૨]

ફરસનો વરણ તે નયન પ્રમાણે તો,
માત્રા સુંદર શિર ધરી, કેસરચંદન;
વીક્ષરાજ સુત દાહક નામે તો,
તિઅ વરણ આદિ દૂરે કરી. કેસરચંદન.... [૩]

એકવીશમેં ફરસે ધરી કરણ તો,
અર્થાભિધ ને સંહરી, કેસરચંદન;
અંતસ્થે બીજો સ્વર ટાલી તો,
શિવગામી ગતિ આચરી....કેસરચંદન. [૪]

વીશ ફરસ વલી સંયમ માને તો,
આદિ કરણ ધરી દિલ ધરી; કેસરચંદન;
ઇણે નામે જિનવર નિત્ય ધ્યાઉં તો,
જિન હર જિનકું પરિહરી ...કેસરચંદન. [૫]

ત્ર્યંબકે દાહ્યો વૃષ જન બોલે તો,
વાત એ દિલમાં ન ઉતરી; કેસરચંદન;
રામ ઈશ્વર સીતાદિ આગે તો,
જાસ વિવશ નટતા ભરી....કેસરચંદન. [૬]

તે જીન તસ્કર તું જિનરાજ તો,
હરિ પ્રણમે તુજ પાઉં પરી; કેસરચંદન;
બાલપણે ઉપગારિ હરિપતિ,
સેવન છલ લંછન ધરિ....કેસરચંદન. [૭]

પ્રભુ પદ પંકજ શમી હોત રહિએ તો,
ભવભવમાં નહિ શમી ખરી—કેસરચંદન;
મન મંદિર મહારાજ પધારે તો,
હરિ ઉદયે ન વિભાવરી....કેસરચંદન. [૮]

સારંગમાં ચંપા જયું ઝલકત,
ધ્યાન અનુભવ જો લહરી;
શ્રી શુભવીર વિજય શિવ વહુને તો,
ઘર તેડતાં હોય ઘરી....કેસરચંદન. [૯]

( ૧૦૮ )

જિનપતિ અવિનાસી કાસીધણી રે,
કે મનની રે આશા પૂરણહાર હો;
જિનપતિ ઓલગડી રે,
જિનપતિ અશ્વસેન કુલ-ચંદલો રે;
વાલો રે વામા માત મલ્હાર હો....જિન૦ (૧)

જિનપતિ ત્રણ્ય ભુવન સિર સેહરો રે;
કે સેવે રે ચોસઠિ સુરપતિ પાય હો; જિન.
જિનપતિ નાચે નવનવ છંદથી રે,
કે સુરવધુ મધુર સ્વરે વલી ગાય હો....જિન૦ (૨)

જિનપતિ તુજ રૂપે રતિપતિ ધર્યો રે;
કે અંગથી લાજી થયો છે અનંગ હો; જિન૦

જિનપતિ તુજ ઉપમ કોઈ જગ નહી રે,
કે તું છે ગુણની રાખી નિસંગ હો....જિન૦ (૩)

જિનપતિ નાગપતિ કર્યો નાગને રે,
કે કરૂણા રે કરી દીધો નવકાર હો; જિન.

જિનપતિ સોલ સહસ અણગારને રે,
કે સાહુણી અડતીસ સહસ નિસ્તાર હો....જિન૦ (૪)

જિનપતિ ધરણરાય પદ્માવતી રે,
કે સેવે રે પાસ જક્ષ વલી પાય હો; જિન.

જિનપતિ જાદવની નાસી જરા રે,
કે તો હવે અમને કરો સુપસાય હો....જિન૦ (૫)

જિનપતિ પાસ આસ મુજ પૂરવે રે,
સાચો રે સંખેસરો મહારાજ હો; જિન.

જિનપતિ શ્રી ગુરૂ પદ્મવિજય તણો રે,
કે માગે રે રૂપવિજય શિવરાજ હો....જિન૦ (૬)

# શલોકા સંગ્રહ

( ૧૦૯ )

## શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનો શલોકો

માત ભુવનેશ્વરી ભુવનમાં સાચી,
જેહની જગમાં કીરતિ જાચી;
દેવી પદ્માવતી ધરણેંદ્ર રાણી,
આપો શુભ મતિ સેવક જાણી [૧]

પાસ શંખેશ્વર કેરો શલોકો,
મન ધરીને સાંભળજો લોકો;
દેશ વઢીયાર માંહે જે કહ્યો,
કલિકાલ માંહે જાલમ પ્રગટયો. [૨]

જરાસંઘને જાદવ વઢીયા,
બાંધી મોરચા દલ બેહું લડીયા;
પડે સુભટ ને ફોજુ મરડાય,
કાયર કેતાં તિહાં નાશીને જાય. [૩]

રાગ સિંધુએ શરણાઈ વાજે,
સુણી સુભટને શુરાતન જાગે;

થાયે જુદ્ધ ને કોઇ ન થાકે,
ત્યારે જરાસંધ છલ એક તાકે. [૪]

છપ્પન્ન કુલ કોડિ જાદવ કહિયે,
એક એકથી ચઢિયાતા લહિયે;
પ્રાણ આપે પણ પાછા ન ભાગે,
એક મારે તો એકવીસ જાગે. [૫]

વઢતાં એહવો (નો) અંત ન આવે,
કરૂં કપટ તો રમત ફાવે;
એમ ચિંતિને મ્હેલી તિંહા જરા,
ઢલિયું જાદવનું સૈન્ય તિહાં ધરા. [૬]

જરા લાગી ને જાદવ તિહાં ઢલિયા,
નેમ કૃષ્ણ ને બલભદ્ર બલિયા;
ત્રણ પુરૂષને જરા ન લાગી,
કહે નેમને કૃષ્ણ પાય લાગી. [૭]

એહવો કોઇ કરો ઉપાય,
જેણે જરા તે નાશીને જાય;
કહે કૃષ્ણને નેમકુમાર,
કરો અઠ્ઠમ તપ ચોવિહાર. [૮]

પહેલાં ધરણેંદ્ર તમે ઉપાસો,
તેહને દેરાસરે દેવ છે પાસો;
તેહ આરાધ્યો આપશે બિંબ,
સરસે આપણો કામ અવિલંબ. [૯]

મુખથી મ્હોટો બોલ ના ભાખું
ત્રણ દિવસ લગે સૈન્ય હું રાખું;
જિનવર ભક્તિનો પ્રભાવ ભારી,
થાશે સઘલી વિધિ મંગલકારી. [૧૦]

ઇંદ્રે સારથિ માતલિ નામે,
મ્હેલ્યો જિનવરની ભક્તિને કામે;
આસન મારીને દેવ મોરારી,
અઠ્ઠમ કરીને બેઠા તિણે ઠારી. [૧૧]

તુઠો ધરણેંદ્ર આપે શ્રીપાસ,
હરખ્યા શ્રીપતિ અતિ ઉલ્હાસ;
નમણ કરીને છાંટે તેણીવાર,
ઉઠ્યું સૈન્ય ને થયો જયકાર. [૧૨]

દેખી જાદવનો જાલમ જોરો,
જરાસંધનો ત્રુટયો તિહાં તોરો;
ત્યારે લેઇને ચક્ર તે મેલ્યું,
વંદે કૃષ્ણને આવી તે પહેલું. [૧૩]

પછી કૃષ્ણના હાથમાં બેઠું,
જરાસંધને સાલ તો પેઠું;
કૃષ્ણે ચક્ર મેલ્યું તિહાં ફેરી,
જરાસંધને નાખ્યો તે વધેરી. [૧૪]

શીશ છેદ્યું ને ધરણી તે ઢલીઓ,
જય જય શબ્દ સઘળે ઉછલીઓ;

દેવ દુંદુભિ આકાશે વાગે,
ઉપર ફુલની વૃષ્ટિ બિરાજે. [૧૫]

તુમે વાસુદેવ ત્રણ ખંડના ભોક્તા,
કીધા ધર્મના મારગ સુગતા;
નયર શંખેશ્વર વાસ્યું ઉમંગે
થાપી પાસની પ્રતિમા શ્રીરંગે. [૧૬]

શત્રુ જિતીને સોરઠ દેશે,
દ્વારિકા નગરીમાં કૃષ્ણ નરેશે;
પાલે રાજ્ય ને ટાળે અન્યાય,
ક્ષાયિક સમકિત ધારી કહેવાય. [૧૭]

પાસ શંખેશ્વર પ્રગટ મલ્લ,
અવનિમાંહે તું એક અવલ્લ;
નામ તાહરૂં જે મન માંહે ધારે,
તેહના સંકટ દૂર નિવારે. (૧૮)

દેશી પરદેશી સંઘ જે આવે,
પૂજા કરાને ભાવના ભાવે;
સોના રૂપાની આંગી રચાવે,
નૃત્ય કરીને કેસર ચઢાવે. (૧૯)

એકમને જે તુમને આરાધે,
મનના મનોરથ સઘળા તે સાધે;
તાહરા જગતમાં અવદાત મહોટા,
ખરો તુંહી જ બીજા સર્વ ખોટા. (૨૦)

પ્રતિમા સુંદર સોહે પુરાણી,
ચંદ્રપ્રભુને વારે ભરાણી;
ઘણે સુરનરે પૂજ્યા તુજ પાય,
તેહને મુગતિના દીધા પસાય. (૨૧)

ઓગણસાઠ ને સત્તર વરસે,
વઇશાખ વદિ છઠ્ઠને દિવસે;
એહ સલોકો હરખે મેં ગાયો,
સુખ પાયો ને દુરગતિ પલાયો. (૨૨)

નિત્ય નિત્ય નવલી મંગળમાલા
દિન દિન દીજે દોલત રસાળા;
ઉદયરત્ન કહે પાસ પસાએ
કોડી કલ્યાણ સન્મુખ થાયે. (૨૩)

( ૧૧૦ )

## શ્રી શંખેશ્વરજીનો શલોકો

દેવી સરસતી પ્રણમું વરદાયી,
બ્રહ્માની બેટી કવિતાની માઇ;
અજારી આદિ કુમારી બાલિ,
દીયો વાણીરસ કાશ્મીર વાલી. (૧)

પાસ શંખેશ્વર શલોકો કહિયે,
પાપ નિવારી નિર્મળ થઇયે;

ચંદ્રપ્રભ જિન આઠમા વારે,
પ્રતિમા ભરાવી તેહુનો વિચારે. (૨)

ભણુશું સાંભળજો સહુ નર નાર,
સુણુતા પામી જે ભવસાગર પાર;
પહેલે દેવલોકે ઇંદ્ર વસંત,
એક દિન આવ્યો છે પાસ ભગવંત. (૩)

પ્રણુમી સ્વામીને પૂછે વિચાર,
અરિહંતજી છે તાહરો આધાર;
છો તુમે જગમાં મહોટા કિરતાર,
પામી જે તુમથી ચિહુંગતિ પાર. (૪)

ક્યારે પરમેશ્વર સંસાર તરશું,
મુગતિ નારીને કુણુ દિન વરશું;
ચંદ્રપ્રભુ તવ આપે ઉપદેશ,
નગરી વાણારસી કાશીનો દેશ. (૫)

અશ્વસેન તિહાં હોશે નરેશ,
વામા સતી તસ નારી વિશેષ;
ચઉદ સુપન રયણી ભર લેશે,
લક્ષણુવંતો તે પુત્ર જણુશે. (૬)

ચંદ્રપ્રભુ તવ ઇંદ્રને ભાખે,
ત્રેવીશમો તે તીર્થંકર થાશે;
તેને સમીપે મુનિવર થાશો,
મોટા વ્રત પાળી મુગતિમાં જાશો. (૭)

હવે તે ઇંદ્ર દેવલોક જાઈ,
પાસ પ્રભુની પ્રતિમા નીપાઈ;
પૂજી દેરાસર આઉખા સુધી,
પછી ચંદર સુરજ ને દીધી. (૮)

તે સહુ જાણે છે વાત પ્રસિદ્ધિ,
પૂજતાં સઘળે મુગતિ જ લીધી;
શ્રાવક દામોદર મૂરતિ ભરાવી,
ધરણેંદ્ર હાથે કોઇ દિન આવી. (૯)

ધરતી માંહે છે ધરણેંદ્ર વાસ,
તિહાં પણ પ્રતિમા પૂજે ઉલ્લાસ;
હંમેશા પૂજાયે છે શંખેશ્વર ગામે,
તે કેમ આવી મૃત્યુલોક ઠામે. (૧૦)

દ્વારિકા નગરીમાં કૃષ્ણજી રાજે,
રાજગૃહી નગરે જરાસંઘ છાજે;
એ બેહુ માંહે પડયું છે વેર,
સંગ્રામ કરતાં વરતાએ કેર. (૧૧)

જરાસંઘ છે અમરષનો ભરીયો,
દલ વાદલ લઇ લડવા પરવરિયો;
રાજન ઘણાને મનાવી આણ,
આવી મહોટે રે દીધા મેલાણ. (૧૨)

એહવે એક વિપ્ર અવસરનો જાણ,
દોડી કીધો છે દ્વારાવતી જાણ;

વૈરી આવ્યો છે વઢવાને ચાલી,
　　　　એહને સમજાવો ચોટિયે ઝાલી. (૧૩)

સામા જઇને શત્રુને વારો,
　　　　ખડગની ધારે નાદ ઉતારો;
ત્યારે સેવક એણી પરે કહેશે,
　　　　વાર્યો ન રહે પણ હાર્યો તે રહેશે. (૧૪)

કીડી મરણ જેમ હાથી પાંખે,
　　　　શત્રુ મલી સહેજે ઇમ આલ જ ભાંખે;
સાંભળી એહવું કૃષ્ણ મહારાજ,
　　　　સંગ્રામ કેરો મેલ્યો તે સાજ. (૧૫)

ક્ષત્રીકુલ રૂડું જાદવની સાખ,
　　　　ગજ સજજ કીધા બેંતાલીસ લાખ;
ઘોડા અઇરકી તુરકી ને કચ્છી,
　　　　કહેડા કંબોજા હંસલા લચ્છી. (૧૬)

પાણીપંથા ને ઘાટે સુરંગા,
　　　　લાખ પંચોતેર મેલ્યા પચરંગા;
ગણ્યા ન જાયે સુભટ પાલા,
　　　　શૂરા રણમાં બંદૂક કડીવાલા. (૧૭)

ભરીયા હથિયારે રથ ઘણા દીસે,
　　　　વાસુદેવના લાખ હજાર વીસે;
ગદા પદ્મ ને ચક્રને શંખ,
　　　　છત્રીશ આયુધ નામ છે સંખ્ય. (૧૮)

ધનુષ હાથમાં તેહને છે ઢાલ,
તીર તરકશિ ને બરછી કરવાલ;
ગુરંજ ગેડિઓ ને ગોફણુ ફરશી,
કરણુ ફુકરહા કટારી સરસી. (૧૯)

કબાણુ મૂશલ કોકબાણ ભલકા,
હાથીની શૂંઢે સાંકળોના ખલકા;
વજ્ર ત્રિશૂલ ને તીર તિખાલા,
ગોલા બંદુકો તોપ નાલીવાળા. (૨૦)

બરછી ગુપ્તિ કહિને હથિઆર,
જીવ ન રાખે એમ છત્રીશે સાર;
ત્રિકમ તતક્ષણુ કીધા તૈયાર,
થયા રથ ઉપર પોતે અસવાર. (૨૧)

હલચલ હુઆ દશે દસાર,
છપ્પન કુલ કોડી જાદવ જુંઝાર;
અવર વ્યાપારી પાર ન જાણુ,
ખોણી કેઈ લખે લશકર મંડાણુ. (૨૨)

ચડતી નિશાને નોબત વાજી,
શૂરા રણુજણીયા હણુહણીયા વાજી;
હાથી રથ ઘોડા પાળશું સાર,
વહેલો પણુ ચાલે જોજન ચાર. (૨૩)

ઓલંગી ધરતી નદી ને નાલાં,
જોવા દિશે દલ વાદલ કાલાં;

આગલેં બખતરિયા હાલકલોલા,
ચાલે ઘરહટશું લોહના ગોલા. (૨૪)

ગડયા અગંજા ભૂપ હઠાવ્યા,
દડવડ દેશે વઢિયારે આવ્યા;
ઉંડુ પંચાસર જિંજપરનું હિયે,
ધામા મેમાણું લોલાણું લહિયે. (૨૫)

આદરિયાણે જાડિયાણા ઠામે,
લશ્કર મુકયાં મહુઆ રાણી ઠામે;
મોટે રથે પણ જરાસંધ ચડિયો,
આવી ઢુંકડો વાઘેલેં પડિઓ. (૨૬)

હવે જરાસંઘ ઝૂંજ્યા અબૂજ,
મોટા સંઘાતે માંડે છે જુઝ;
મુજપર સમી ને લુંટાને ઠામ,
મલિયા દલ બિહું માંડયો સંગ્રામ. (૨૭)

શરણાઈ વાજે સિંધુડે રાગે,
શૂરા જૂઝે રણ કાયર ભાગે;
હુઓ ટહુકારા વીરહાકો વાગી,
જબકે બીજલી તરવારો નાગી. (૨૮)

ખાંડા ખડખડયા ભડભડયા ભીમ,
બંદૂક છૂટે તડાતડ તેમ;
ધુબકે નાલો હુડુહુડુ બોલે,
ઘરહડે ધરતી ધીંગા ધમરોલે. (૨૯)

બલિઆના ઘા બખતરમાં બૂડે,
ભાલાની અણીયે અંગારા ઉડે;
રડવડે મસ્તક જોદ્ધા અથડાએ,
કાયર ઉભા કમકમ થાએ. (૩૦)
રક્ત ધારા વડે ચડ ચડ થાય,
ખેચરી કેરા પતર ભરાય;
જૂઝે રણ શૂરા રણ સામા જાય,
બીજા મરીને વ્યંતર થાય. (૩૧)
કૃષ્ણ જરાસંઘ જુદ્ધ અપાર,
કરતાં તે વરસ વોલી ગયા બાર;
ન જિતે કોઇ નહિં કોઈ હારે,
એહવે જરાસંઘ મનમાં વિચારે. (૩૨)
મારે હાથે છે જરાનો દંડ,
શત્રુ મૂર્ચ્છાની વિદ્યા અખંડ;
કેશવના લશ્કર ઉપર ફેરૂં,
મૂર્છા મૂકીને સઘલાને ઘેરૂં. (૩૩)
એહવું વિચારી જરા તિહાં મૂકે,
જાદવ દલ પડિયું કોઈ ન દ્રકે;
કાન એકાકી જાયે સંભાલી,
એકણુ હાથે વાજે ન તાલી. (૩૪)
કેમ એ જીતાશે જરાસંઘરાય,
જદુપતિ રણમાં દિલગીર થાય;

બાવીશમા છે તીર્થંકર નેમ,
તેહને પૂછે કૃષ્ણજી એમ. (૩૫)
નેમજી ભણે સુણો કૃષ્ણ ઉપાઈ,
જે છે નાગેંદ્ર નાગલોકમાંહિ;
તેહને આરાધો ધ્યાન ઉલ્લાસે,
અઠ્ઠમનો તપ કરજો ઉલ્લાસે. (૩૬)

તેહની પાસે છે ત્રેવીશમો પાસ,
ન હોય તેને કોઈથી ત્રાસ;
પ્રગટ થઈને પ્રસન્ન થાશે,
તુમારા મનની ચિંતવી થાશે. (૩૭)

પાર્શ્વ પૂજીને નમણનું પાણી,
સુભટને છાંટજો હોંશે ગુણખાણી;
જાશે જરા ને મૂર્છા પણ મટશે,
જગતમાંહે તીર્થંકર પ્રગટશે. (૩૮)

ત્રણ ઉપવાસ ત્રિકમજીએ કીધા,
તૂઠા ઇંદ્ર શ્રી પાસજી દીધા;
પૂજીને નમણ છાંટે સુભટ,
ઉઠી ઉભા થયા લડવા એકઠ. (૩૯)

ફરી સંગ્રામ રણમાંહે કીધો,
ભાગ્યો જરાસંઘ ચપટીમાં લીધો;
ખડગે હાંકયો જેમ ગેડીથી દડિયો,
હાર્યો થકો જઈ હારીજ પડિયો. (૪૦)

જીત્યો રણ જાદવનો સાથ,
વારૂ દેખાડયા છે વૈરીને હાથ;
ધરતિ ને આભે પૂગે જેમ સાદ,
કાને કીધો તિહાં શંખનો નાદ. (૪૧)

મહોટાનું જુગ મહોટાનાં નામ,
રાખવા માટે શંખેશ્વર ગામ;
નવું વસાવી બેસાડયા પાસ,
હજી તે પૂરે સહુકોની આશ. (૪૨)

પૂર્યું છે શંખ જીત્યાનું જેહ,
નામે તો ગામ શંખેશ્વર એહ;
સહુ કો વખાણે તીરથ સાર,
વરતાણી શાંતિ હુઓ જયકાર. (૪૩)

પ્રગટ પરમેશ્વર શંખેશ્વર પૂજો,
એહવો જગમાંહિ દેવ ન દૂજો;
જૂની ધરતિ છે કીરતી અપાર,
હું તો ન જાણું શાસ્ત્ર લગાર. (૪૪)

પૂછી પંડિતને કરજો નિરધાર,
સાંભળતાં ભણતાં તરશો સંસાર;
સંવત સત્તર ચોરાસી વરખે,
મહાશુદિ પાંચમ શુક્રવારે. (૪૫)

દીપવિજય ગુરૂ ચરણ પસાયે,
કીધો શલોકો મન ઉમાયે;

ભગવંતના જે ગુણ ગાય,
દીપવિજય કહે મંગલ થાય. (૪૬)

---

( ૧૧૧ )

## શ્રી શંખેશ્વર પાર્શ્વજિન છંદ

સેવો પાસ શંખેશ્વરો મન્ન શુદ્ધે,
નમો નાથ નિશ્ચય કરી એક બુદ્ધે;
દેવી દેવલાં અન્યને શું નમો છો,
અહો ભવ્ય લોકો ભૂલાં કાં ભમો છો? (૧)

ત્રિલોકના નાથને શું તજો છો,
પડ્યા પાસમાં ભૂતને કાં ભજો છો;
સુરધેનુ છંડી અજા શું અજો છો,
મહાપંથ મૂકી કુપંથે વ્રજો છો. (૨)

તજે કોણ ચિંતામણિ કાચ માટે,
ગ્રહે કોણ રાસભને હસ્તિ સાટે;
સુરદ્રુમ ઉપાડી કુણ આક વાવે,
મહામૂઢ તે આકુલા અંત પાવે. (૩)

કિહાં કાંકરો ને કિહાં મેરૂશૃંગ,
કિહાં કેશરી ને કિહાં તે કુરંગ;
કિહાં વિશ્વનાથં કિહાં અન્યદેવા,
કરો એક ચિત્તે પ્રભુ પાર્શ્વ સેવા. (૪)

પૂજે દેવી પ્રભાવતી પ્રાણનાથં,
સહૂ જીવને જે કરે છે સનાથં;
મહા તત્ત્વ જાણી સદા જેહ ધ્યાવે,
તેના દુઃખ દારિદ્ર દૂરે પલાવે. (૫)

પામી માનુષ્યયોનિ વૃથા કાં ગમો છો,
કુશીલે કરી દેહને કાં દમો છો;
નહિ મુક્તિવાસં વિના વીતરાગં,
ભજો ભગવંતં તજો દ્રષ્ટિરાગં. (૬)

ઉદયરત્ન ભાખે સદા હેત આણી,
દયાભાવ કીજે પ્રભુ દાસ જાણી;
આજ માહરે મોતીડે મેહ વુઠા,
પ્રભુ પાસ શંખેશ્વરા આપ તુઠા. (૭)

( ૧૧૨ )

## શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ છંદ

સરસતી માત સદા સુખદાઈ, કમણા નાવે નામે કાંઈ;
મનરા વાંછીત પૂરે માઇ, આપે સુમતિ સેવકને આઇ. (૧)

માતા તું જગ મોહનગારી, સોને રૂપે તું શણગારી;
ભૂષિત અંગ વિભૂષણ ભારી,
સોભે કાંતિ ઝલામલ સારી. (૨)

શારદચંદ વદન સોહંતો, મણિધર વેણી મન મોહંતો;
અધર પ્રવાલીદલ ઓપંતો, નાક દીવારી ધાર દીપંતો. (૩)

મોત્તાહલ જીમ દશન મનોહર,
　　　　સોહે સારંગ લોચન સુંદર;
કંચણુ કુંભ ઉરોજ સુહાકર,
　　　　કટિ તટિ ઝીણી જાણે કેસરી. (૪)

જંઘા કદલી થંભ કહીજે,
　　　　ચરણુ કનક કછપ ચરચીજે;
ગતિ મયગલ મલપતિ ગાઇજે,
　　　　લઈ માતા ચરણે લાઈજે. (૫)

## ( દોહા )

લઇ લાઇજે માતસું, સમર્યા આપે સાદ;
સેવકને સાનિધ કરે, ટાલે સયલ વિખવાદ. (૬)

કર જોડી તુમને કહું, આઈ સુણી અરદાસ;
સરસ વચન દ્યો સારદા, પભણું ગુણ શ્રીપાસ. (૭)

સકલ દેવ સંખેસરો, પરતા પૂરણહાર;
બોલું હું બાલક પણે, કિરત પાસ કુમાર. (૮)

## ( છંદ જાતિ )

તો પાસકુમાર જયો પરતખ્ખ, વડા નર તુજ કહે સુરવૃખ્ખ;
અહોનીસી સેવકની પૂરઇ આસ, પ્રગટ પ્રતાપ સંખેસર પાસ. (૯)

દીવો જગમાંહે તુંહી જે દેવ, સુરાસુરનાથ કરે પાય સેવ;
રંગીલી દેવી ગાવે શ્રીપાસ,　　　　　　પ્રગટ. (૧૦)

નવનીધી અપાઈ ત્રુઠો, અખુટ ન ખુટે હેતાં આથ;
...............*.................................................
.................................................................
.........................અહું દિલકી ધોતે પ્રભુ સજ,
પુર્યો હુરિ અંબુજ હર્ષ પ્રકાશ, પ્રગટ. (૧૮)
ગુણે સંખેસર વાસ્યો ગામ, નવખંડે તે જાણ્યો નામ;
ઉગતો સૂરજ જેમ ઉજાસ, પ્રગટ. (૧૯)
પૂજે નર પ્રેમ ધરી જે પગ,
અહોનીસી જેહ કરે ઓલગ;
ન જાએ તેહ કદેઇ નીરાસ, પ્રગટ. (૨૦)
..............ભલાઇ, લીધા તે લોક વચ્ચે બીરૂદાઇ;
વસાવો સાહેબજી નિજ વાસ, પ્રગટ. (૨૧)
..............તુંહિજ, બીરૂદાલા બોધતણો ઘો બીજ;
નીરાશ્રવ કર્મ તણો કરો નાસ, પ્રગટ. (૨૨)
વડો નર તું જગમાં વરીયામ,
કરે નીજ સેવક વંછીત કામ;
કરો મન મેલી કરો ઈકલાસ, પ્રગટ (૨૩)
સજે સુરનારી ભલા સણગાર,
ઉપંગ મૃદંગ કંસાલ અપાર;
રીઝાવે રાગ ખેલે નૃત્ય ખાસ, પ્રગટ (૨૪)

---

*અગિયારમી કડીના ઉત્તરાર્ધથી તે અઢારમી કડીના પ્રથમ ચરણ સુધીનો પાઠ ખંડિત હોવાથી નથી મળ્યો.

જયો જયો સહૂ કરે જયકાર,
નમો સુર કોડી અપછરનાર;
ભગતિ તણો બહુ ભાંતિ અભ્યાસ, પ્રગટ. (૨૫)

..............નિસંક, થાકા નર તુંહિ કાઢચુ વંત;
અંગજણુ ગંજયુ કીધ અભ્યાસ, પ્રગટ. (૨૬)

.........નમો નિકલંક, નમો અહિઅંક નીસાવણુ સંક;
નમો ગુણવંત નમો ગુણરાસ, પ્રગટ. (૨૭)

નમો સુરનાથ નમો શિવ સાથ,
ગુણી જણુ ગાવે તોરા સાથ;
અપાર સંસાર અર્પો અવકાસ, પ્રગટ. (૨૮)

મહાનૃપ શ્રી આસસેણુ મલાર,
વામાદેવી કુખે અવતાર;
કલજુગ કીરત ઉજલ જાસ, પ્રગટ. (૨૯)

અનંતા દુઃખ સહ્યાં અસમાન,
ભમતા પામ્યો મેં ભગવાન;
વધાવ્યો પ્રભુ વંછીત વાસ, પ્રગટ. (૩૦)

નીહાલો નેહ સલુણો નાહ,
દયા કરી ઓલવીજે દુઃખદાહ;
અરજ કરૂં દ્યો સિદ્ધિ આવાસ, પ્રગટ. (૩૧)

( કલશ )

પાસ આસ પુરણો પાસ નામે સુખ પામે,
પાસ વધારણુ પ્રેમ પાસ દુઃખ દોહગ દામે;

પાસ છેદે ભવપાસ પ્રભુતા પદ આપે,
પાસ હુઇ સુપ્રસન્ન સુથિર સેવક કરી થાપે,
શ્રી પાસ ચરણ નીત પ્રણમતાં પાતક નાસે પંડિરા;
સકલાપ દેવ સંખેસરો નમે લોક નવખંડરા. (૩૨)

નમો નાથ જગનાથ નમો વસુધાભયવારણ,
નમો કમઠ હઠ કઠીણ તાહિ બલ તાસ નીવારણ;
નમો ધરણીપતિ નાગ કીયો તો આણે કરૂણા;
નમો દયા કરી દેવ નમો ભૂમી જસ ભરણા,
નર આદિ તુજ જાણે જકો, શ્રી સંખેસર જગ જયો,
જિનહરખ તારણ તરણ થૂણતાં બહુ પરિ સુખ થયો. (૩૩)

( ૧૧૩ )

## શંખેશ્વરજીનો છંદ

સારદ માતા સરસતી, પ્રણમું તેહના પાય;
શ્રી શંખેશ્વર ગાયસ્યું, જિમ મુઝ આણંદ થાય. [૧]
ઉપજે આનંદ અતિ ઘણો, સમરંતા જિનરાજ;
છંદ ભેદ ભાવે કરી, ગાસ્યું ગરિબનીવાજ. [૨]
ગરિબનીવાજ સાહિબ સૂણો, સેવકની અરદાસ;
મોજ કરી મહારાજ તુમ, આપો લીલ વિલાસ. [૩]
લીલવિલાસી ભગવંત તું, પરતા પૂરણહાર;
પરતખ સુરતરૂ અવતર્યો, ઋદ્ધિ સિદ્ધિ દાતાર. [૪]

દાતારી તુમ સમ અવર, મેં નવિ દેખ્યો કોય;
દેખંતા સવિ દુઃખ ટળે, આનંદ અધિકો હોય. [૫]

ઢાલ પહેલી ( છંદ અડિઅલ્લ )

શ્રી શંખેશ્વર સાહિબ દીઠો,
તે મુઝ નયણે અમીય પઈઠો;
દીસે મૂરતિ મોહનગારી,
તે મુઝને લાગે અતિ પ્યારી. [૬]

આષાઢ નામે સમકિતધારી,
અતીત ચોવિસી થયો ઉપગારી;
અષ્ટમ જિન દામોદર વારે,
પુછે તે મુજને મુક્તિ કિ વારે. [૭]

વલતું જિનવર ઇણીપરે ભાસે,
પાર્શ્વનાથ વારે ઉલ્લાસે;
થાસ્યો ગણધર શિવગતિ ગામી,
પાર્શ્વનાથ ગુરૂ અંતરજામી. [૮]

આર્યઘોષ નામે ગણધાર,
વિનયવંત બહુગુણ ભંડાર;
આવતી ચોવિસી ચોથે આરે,
પંચમગતિ લહસ્યો નિરધારે. [૯]

ઢાલ બીજી (છંદ)

આષાઢ શ્રાવક જીસ્યો પાવક,
કર્મવન દહવા ભણી,

અતિ ભાવ આણી લાભ જાણી,
નિપાયો ત્રિભુવન ધણી;
શ્રી પાર્શ્વનાથનું બિંબ મનોહર,
જીસ્યો શશિધર દીપતો;
જાગતિ જ્યોતિ જિણંદ કેરી,
તેજે તરણિ જીપતો [૧૦]

તિણ ભક્તિ આણિ સૂણી વાણી,
સોહમ સુરપતિ નિજ ઘરે;
તે પાર્શ્વનાથનું બિંબ મનોહર,
ઇંદ્ર પૂજે શુભ પરે;
બહુ કાલ સુધી નિર વિરોધી,
શિવદાયક જાણી કરી;
પૂજે તે મનમાં લાભ જાણી,
ઈંદ્ર ઇંદ્રાણી હેત ધરી. [૧૧]

વૈતાઢ્ય ઉપરિ નમિ વિનમિ,
રૂષભવારે અતિ ઘણું;
પૂજી તે પ્રતિમા જન્મ સુધી,
અજવાલ્યું કુલ આપણું;
ઇતિ ભીતિ ને સબલ ભય તે,
પાર્શ્વ નામે સવિ ટલે;
ગુણવંત ગીરૂઆ મોક્ષ વરવા,
સ્વર્ગ સુખ તે સવિ મલે. [૧૨]

વલિ સોહમ સૂરપતિ તેહ પ્રતિમા,
પૂજતો ઉલટ ધરિ,
ભવભીતનાસન સુખ વિકાસન,
પાર્શ્વજિન હેજે કરિ;
વલી સૂર્યરાય સૂરિંદ્ર જિનનો,
વચન સૂણીને હરખીયો;
તે પાર્શ્વનાથનું બિંબ શિવસુખદાયક,
નિશ્ચે પરખીયો. [૧૩]

ઢાલ ત્રીજી ( છંદ )

બહુ કાલ લગે તે પૂજે, રીઝે મનધરી હર્ષ અપાર,
વલી પદ્માવતી દેવી ઈણી પરે, પ્રેમે પૂજે પુન્ય ભંડાર
ધરણેંદ્ર નાગકુમાર તે હરખે નિરખે જીમ જગનાથ,
ઉલટ બહુ આણે મનમાં જાણે સાચો એ શિવસાથ [૧૪]

ઈણીપરિ સુરપતિ સુરનર કિંનર વિદ્યાધરની કોડિ,
જિન પૂજે પાતિક ધ્રૂજે તેહના જે પ્રણમે કરજોડિ;
ગિરનારે મૂકે સપ્તમ ટુંકે તિહા પૂજે નાગકુમાર,
તે કંચન બલ્હાણું સહુએ જાણ્યું સુરગિરિને અણુહાર. [૧૫]

[ દેશી છંદ ]

જબ જરાસંધ મુકુંદ ઉપરિ સેન સબલો લાવિઓ,
બલવંત નેમિકુમાર સાથે દ્વારાપુરપતિ આવિઓ;
કરે યુદ્ધ સબલા નહિ નબલા ગર્વ મદભર પૂરિયા,
ગજધાર હાર્યા ન રહે વાર્યા શત્રુ સઘલા ચૂરિયા. [૧૬]

તિંહા કુંત બાણુ કબાણુ ખડગ ને નાલી ગોલા ઉછલે,
ધીરા તે પગ પાછા ન દે તિહાં કાયર કંપે કલમલે;
ઈમ યુદ્ધ કરતાં ક્રોધ ધરતાં હારે ન કોઈ જીતે નહિં,
તવ જરાસંધ ક્રોધવશ હુઓ મૂકે જરા અવસર લહી. [૧૭]

જબ જરા ધાર્યા સહુ હાર્યા શ્રીપતિ મન ચિંતા વસી,
તવ નેમિનાથ જિણંદ બોલ્યા નારાયણ ચિંતા કિસી;
કહે સુણો સ્વામી શીશ નામી સહુને આવી જરા,
કિમ યુદ્ધ કીજે જય વરીજે કહો શ્રી નેમીશ્વરા. [૧૮]

તવ કહે યદુપતિ સુણો શ્રીપતિ અષ્ટમતપ તુમે આદરી,
ધરણેંદ્ર સાધો મન આરાધો પાર્શ્વપ્રતિમા હિત ધરી;
તસ નમણ જલસું સીંચી તે કરી અવર ચિંતા છે કિસી,
ધરણેંદ્ર સાધી પાર્શ્વપ્રતિમા તિહાં આણે ઉલ્લસી. [૧૯]

તસ નવણ નીરિ સહુ સરીરિ સુભટ હુઆ સજજ એ,
જરાસંધ હાર્યો ચક્ર માર્યો શ્રીપતિ સર્યું કજજ એ;
તિહાં પાસ કેરૂં અતિભલેરૂં. ભવન કીધું દીપતું,
તિહાં નગર વાસ્યું સંખપુરીસ્યું સુરલોગથી પણ જીપતું. [૨૦]

ઢાલ ચોથી ( છંદ અડીઅલ્લ )

શ્રી શંખેશ્વર પાસ સુહંકર, થાપી શ્રીપતિ શ્રીગુણઆગર;
પુહતા દ્વારામતી વિશ્વેશ્વર, સંખપુરી માંહિ સંખેશ્વર. [૨૧]

છયાંસી સહસ વરસ ઇણ ઠામે, શંખેશ્વર શંખેશ્વર ગામે;
પ્રરતા પૂરે શિવગતિગામી, એ પ્રભુ મેરા અંતરજામી. [૨૨]

સંવત ઇગ્યાર પંચાવન વરખે, સજન શેઠે તે મન હરખે;
નિપાયો પ્રાસાદ ઉદાર, પામ્યો શેઠ તે ભવનો પાર. [૨૩]

દુર્જનશલ્ય નામે ભૂપાલ, ધર્મવંત ને અતિ સુકુમાલ;
કુષ્ટ ટલ્યો તસ પાસ પસાઈ,
વિમાન સમાન પ્રાસાદ નીપાવઇ [૨૪]

( છંદ ત્રિભંગી )

પ્રાસાદ કીધો સુજસ લીધો,
સીધા સવિ તસ કાજ;
પ્રત્યક્ષ સુરતરૂ સમો નિર્મમ,
જિનવર આપે અવિચળ રાજ;
સુરમણિ સમ વંછિત ઇચ્છિત પૂરે
ચૂરે કર્મ જંજાલ એ;
સપ્તફણામણી પાસ સંખેશ્વર,
પરમેશ્વર પ્રતિપાલ એ. [૨૫]

મઇ પૂરવ પૂન્યે પ્રભુજી પામ્યો,
સાચો સાહિબ એહ;
દેખંતા દુઃખ સવિ દૂરે નાસે,
વાધે ધરમ સનેહ;
શંખેશ્વર સ્વામી અંતરજામી,
શિવગતિ ગામી દેવ;
સેવકના સાહિબ કામ સુધારો,
આપો ચરણુની સેવ. [૨૬]

તું ચિત્તમાં વસીઓ નવલ સનેહી ગુણગેહી ગુણવંત,
તું ત્રુઠો આપે શિવપદ સંપદ સેવકને અરિહંત;
ઘર ઘોડા હાથી પાયકદલ વલી મણિ માણિકય ભંડાર,
ધણ કંચણ રયણની રાશિ મનોહર તું આપે કિરતાર. [૨૭]

ઘર ગૌરિ ગોરિ બહુ ગુણવંતિ વાલમને તું પ્યાર,
મુખ મીઠું બોલઈ હીઈડું ખોલઈ ડોલઈ નહીય લગાર;
સપ્ત ભોમી આવાસેઈ મનને ઉલ્લાસેઇ વિલસેહ ભોગ અપાર
તુમ નામઈ પામેઇ જે મની કામી બહુલા અરથ ભંડાર. [૨૮]

શિર મુગટ મનોહર નાસા સુંદર આભૂષણ અતિસાર,
એહવી રૂદ્ધિ દીસે હીઅડું હીસે તે સવિ તુમ ઉપગાર;
કલિકાલે પ્રગટયો સાચો સુરતરૂ પરતા પૂરણહાર;
પ્રભુ પૂજી પ્રણમી નયણે નીહાલી સફલ કીયો અવતાર. [૨૯]

ઢાલ પાંચમી ( દુહા )

સફલ કીઓ અવતાર મેં, દેખ્યા શ્રી જિનરાજ;
દુઃખ દોહગ દૂરે ગયા, સીધ્યા વંછિત કાજ. [૩૦]

મુરતી મોહન વેલડી, પરખત નયણે નિહાલ;
ખીણ ખીણ ચિત્તથી ન વિસરે, એ ત્રિભુવન પ્રતિપાલ. [૩૧]

ચિરંજીવો જગદીશ તું, આશા પૂરણહાર;
આસ અમ્હારી પૂરવો, તો ઉતારો ભવપાર. [૩૨]

દોલતદાઈ દેખીઓ, શ્રી શંખેશ્વર પાસ;
સુખ સોભાગ સંપત્તિ ઘણી, આપો લીલ વિલાસ. [૩૩]

અરજ અમારી સાંભલો, મનમાં ધરી સનેહ
દરિસણ દીજે ઇણીપરે, જેમ મોરાં મન મેહ. [૩૪]

પાર્શ્વનાથ પ્રભુ સમરીઈ, પ્રહ ઉગમતે ભાણ;
વામાનંદન પૂજીઈ, દિન દિન ચઢતે મંડાણ. [૩૫]

પાસ જિણેસર ગાવતાં, ઉપજે અતિ આણંદ,
ઇતિ ભીતિ વ્યાપે નહીં, નિત નિત પરમાણંદ. [૩૬]

( કલશ )

ઇમ ત્રિજગનાયક મુગતિદાયક પાર્શ્વ શંખેશ્વર ધણી,
શશિ જલધિ સંવત વેદ બાણે (૧૭૪૫) ગાયો ભક્તિ ધરી ઘણી;
શ્રાવણ વદિ તેરસ મનોહર દેવ સ્તવીયો સાર એ,
શ્રી લાવણ્યવિજય ઉવઝાય સેવક,
નિત્યવિજય જયકાર એ. [૩૭]

( ૧૧૪ )

## શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનો છંદ

સાહેબ શ્રી શંખેશ્વર પાસં,
સેવકની સાંભલ અરદાસં;
વારૂ દ્યો મુઝ વચન વિલાસં,
ગુણ ગાઉં તોરા અવિનાસં. [૧]

( છંદ પદ્ધડી )

અવિનાશી આગર સમતાસાગર નાગર નિર્મલ અંગ,
જિનપદ જિહાં કાશી વલી વણારસી સુવિલાસી સહસંગ;

અશ્વસેન અભંગા રાય અસુરંગા પરસંગા ગુણ ગ્યાન,
પદમણી પટ્ટરાણી વામા વાણી ગુણખાણી ગજમાન. [૨]
નંદન જસ નામી કુંઅર કામી શિવગામી શિરદાર,
પ્રભુ પાસ શંખેશ્વર અતિ અલવેસર પરમેસર દાતાર;
તું ત્રિભુવન તારક ભવ દુઃખવારક સારક સઘલાં કાજ,
ઘર મંગલ માલા ઝકઝમાલા રંગ રસાલા સાજ. [૩]
નિલકંત તું નાથં હર્ષિત હાથં સાથં સબલ સખાય,
દેરાશર દીપે જગને જીપે છીપે નહિ છતિ કાય;
પરતખ તું ખાસા દેહ દિલાસા આસા દ્યેં આસીસ,
કરજે કિરતારં સાંઝ સવારં સંસારં સુજગીશ. [૪]
પામી તલપદવાસં લીલ વિલાસં આવાસં અવનિસ;
પરિમલ ધન પાવે ભક્તિ સભાવે ગુણ ગાવેં નીસદીસ;
ધરણિધર ધ્યાયો તલ તું આયો ગાયો ગુર્જર દેસ,
મહિમા વઢિયારં પાર અપારં અધિકારં અમરેસ. [૫]
નામે તુજ નાસિ, જાઈ ત્રાસિ, આવા અરિયણ ચોર,
દંતી જે દુષ્ટં કેશરી કષ્ટં રિષ્ટં રણ બહુ સોર;
ફણિધર ફૌકારં હાહાકારં આધારં અરિહંત,
ભય એતા ભજ્જં સામસકજ્જં સંખેશ્વર ભગવંત. [૬]
પાવક પરજોગેં સંતતિ સોગે ભોગે જલભય હોય,
પ્રભુ પાસ પ્રતાપેં જપતા જાપઇં તાપઇં નહિ તસ કોય;
પરિવારે પૂરા પુન્ય પડૂરા સાંમ સનૂર લોક,
તે પાસ પ્રભાવેં સહેજ સ્વભાવેં પાવે સઘલા થોક. [૭]

મનગમતા મેવા સાહિબ સેવા દેવા દ્યો નિતમેવ,
મહિલા મતિવંતી હેજ હસંતી ગુણવંતી ગૃહ હેવ;
વલિ વર્જ્જિતદૂષણ વસ્ત્રવિભૂષણ પોષણ શ્રી જિનપાસ,
દેશે પરદેશે નામનીવેશેં સુવિસેસેં જસ વાસ. [૮]

સુણીઓ મેં સાચો જયું રવિ જાચો કાચો નહિ કુમઘંત,
અક્ષર સેં ઉજ્જલ સાંમસકજ્જલ સજલ કામ સોહાથ;
તેહની તું આશા પૂરેં પાસા સુવિશ્વાસા શિવસાથ,
તુઝને જે ધ્યાવે બહુ સુખ પાવે પામેં સુખ સનાથ. [૯]

( કલશ )

સુવિશ્વાસ તાહરો, જગ પ્રસારો, જાણતાં છે જિનવરો;
માનતાં છે મન્ન મોટો, સ્વામી નામ સંખેશ્વરો. [૧]

મુનિ એક સંવત, અષ્ટ નંદન માન પોસ સુપાસ એ;
ધનતેરસી સમ અધિક દિન એ, વાર ભાનુ સુવાસ એ. [૨]

બુધ નિત્ય પંડિત જીવ સીસ જીવન તું જયંકરો,
પ્રભુ પાસ છંદે પ્રાત પઢયા, નામથી નિત્ય જયંકરો. [૩]

( ૧૧૫ )

## શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનો છંદ.

સરસતિ ચરણ નમી કરી, ધવલ કમલ સમ કાય;
વીણા વારૂ કછપી, સેવઇ કવિજનરાય. (૧)

ચરણે ચમીકરતણાં નૂપુરનો ઝમકાર;
વિદ્યા વર દ્યો સામિની, ઉર મુક્તાફલહાર. (૨)

શ્રુત અમરી સમરી સદા, નિજગુરૂ પ્રણમી પાય;
વામાનંદન ગાયસ્યું, જિમ મનવાંછિત થાય. (૩)

જલ થલ પરવત ભૂમિકા, વન અટવી અહિઠાણ;
શંખેસર ચિત્ત સમરતાં, પામહ કોડી કલ્યાણ. (૪)

## ( છંદ સારસી )

કલ્યાણદાતા વિમલવદનો નાગરાજ સેવા કરઈ,
ધરણેંદ્ર નામા સબલ હસ્તિવાહનો મદ વન ઝરઇ;
કરકમલ જોડી જક્ષ રાજા સેવઇ અહનિશિ સામિણી,
તે સયલ સુખકર પાસ નામઇં સમરી સંખેસર ધણી. (૫)

જે કમઠ તાપસ હેલિ ગાહ્યો કમઠની પરિ આકરો,
વલી જરાસિંધી સબલ કીધી કૃષ્ણ રાયસ્યું સંગરો;
જબ હારિ જાણી જરા મુકી હરિ છપ્પન કોડની,
તે સયલ સુખકર પાસ નામઇં સમરિ સંખેસર ધણી. (૬)

મદવારિ ઝરતો સબલ સિંધુર સજલ જલધર ગજ્જએ,
ઉદ્દંડ ચંડ પ્રચંડ સુંડા પેખી નરવર ભજ્જએ;
કપોલમૂલી મત્ત ચઢિઆ ભમિંતતિ રોલંબણી,
તે સયલ સુખકર પાસ નામઇં સમરિ સંખેસર ધણી. (૭)

જસ નાદિ ગજ્જઇ સયલ મયણું મત્ત મયગલ ડુલ્લએ,
વર મુખ ગલ સુવર્ણ લેહિ નયન આવર્ત્ત ચલ્લએ;
નર હસ બીહઇં ઇસ્યો દેખી હરઇ ગર્ભુરનો ધણી,
તે સયલ સુખકર પાસ નામઇં સમરિ સંખેસર ધણી. (૮)

જલધિ જલ કલ્લોલમાલા ચપલ ચિહુ દિસિ ચલ્લએ,
જલજંતુ પીના મીન આકુલ બઈસિ પ્રવહણ હલ્લએ;
વલી અસિ સંકટ પડયા મનુજા લહઈ કુશલ વધામણી,
તે સયલ સુખકર પાસ નામઈ સમરિ સંખેશ્વર ધણી. (૯)

વિકરાલ કાલ કરાલ કોપિ દોહ રસના ચાલતો,
વર ફાર ફણધર ફુંક મૂકઇ વાય તરૂઅર બાલતો;
તે ઇસ્યો દેખી ભીતિ આલઇ પાસ ગોત્ર જપો ગુણી,
તે સયલ સુખકર પાસ નામઈ સમરિ સંખેશ્વર ધણી. (૧૦)

આકાશે ઉંચી ઝાલ ઝબકઈ વિકટ તે દાવાનલો,
વન જંતુ દેખી કોડી ત્રાસઇ કરઈં ઘન કોલાહલો;
ધનધૂમ આકુલ થઈ દશ દિશ પાસ મંત્રની છાંટણી,
તે સયલ સુખકર પાસ નામઈં સમરિ સંખેશ્વર ધણી. (૧૧)

નર મુંડ ખંડ કપાલ માલા ધારણી પ્રેતાવલી,
બિભત્સરૂપા રૂદ્ર કામા પિંગલા કેશાવલી;
ભઈરવ ચંડી કર્ણ મોટી ભીષણ બહુ ડાકણી,
તે સયલ સુખકર પાસ નામઇ સમરિ સંખેશ્વર ધણી. (૧૨)

દઢ ક્ષેત્રપાલા ભૂત ચાલા હાથ ડમરૂ ડાકલા,
ઝોટીંગ કાલા બીહઈં બાલા વદન માંગઈ બાકલા;
ઘર કોણ બઈઠા રહ્યા ધુણઈ હોય તે વલી રેવણી,
તે સયલ સુખકર પાસ નામઇ સમરિ સંખેશ્વર ધણી. (૧૩)

વા ચોરાશી ખયન ખાસા રોગ સોગા દુર્દ્ધરા,
ઉદ્ભૂત ભીષણ સૂલ જલોદર ભારનઆ નરવરા;

ગંભીર કર્ણક શોક પીનસ દુઃસ્થવસ્થા થઇ ઘણી,
તે સયલ સુખકર પાસ નામઇં સમરિ સંખેશ્વર ધણી. (૧૪)

ખસ પેટપીડા ગુલ્મ ગોળા કહિડિ રોગા દુદ્દંકરા,
ગડ ૬૫ ગુંબડ કોઢ પાઠું તાવ સાસ ભગંદરા;
એ સાત ભયની દુષ્ટ પીડા નાસિં જાઈ ભવિતણિ,
તે સયલ સુખકર પાસ નામઇં સમરિ સંખેશ્વર ધણી. (૧૫)

શુભ સ્નાત્ર મહોત્સવ કરઇં શ્રાવક ઘાટ વાજઈં સુંદરા,
વર અપછરાના વૃંદ નાચઇં પાઇં બાંધી ઘુઘરા;
શ્રીપાસ નામઇં કામકુંભો મલઇ વારૂ સુરમણી,
તે સયલ સુખકર પાસ નામઇં સમરિ સંખેશ્વર ધણી. (૧૬)

નિસ દિવસ સૂતાં જાગતાં પ્રભુ પાસ ચિતમઇં ધ્યાયઇં,
પય સેવ કરતાં પાસ નામઇં સિદ્ધિ સુંદરી પાયઇં;
કર જોડી સેવક સદા સુખચંદ દિએ મંગલ ધોરણી,
તે સયલ સુખકર પાસ નામઇં સમરિ સંખેશ્વર ધણી. (૧૭)

( કવિત )

ગુજ્જર ધરા પવિત્ર પાસ શંખેશ્વર સોહઈં,
ચરણ પોમાવઈ દેવી પાસ જક્ષ ચરણે સોહઇ;
પંડિતમાંહી પ્રગટ વિબુધ ઉદયચંદ ભણિજજઈ,
તસ ચરણાંબુજ ભ્રમર શિષ્ય સુખચંદ કહિજજઈ;
એ છંદ બંધ કીધો સરસ સુણઇ તસ મંગલકરા,
બુધ રૂદ્ધિચંદ્ર સુપસાય લઇ પ્રભુ સાર કરિ સંખેસરા. [૧૮]

( ૨૧૬ )

## શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજિન છંદ

સકલ સાર સુરતરૂ જગજાણું,
સુજસવાસ સકલ પરિમાણું;
સકલદેવ સિર મુગટ સુચંગં,
નમો નમો જિનપતિ મનરંગં. [૧]

જો જનમનરંગં અકલભંગં તેજ તુરંગ,
નિલંગં સવિ સોભા સંગં;
હરખત અંગં, સિસ ભુજંગં ચતુરંગં,
બહુ પુન પ્રસંગં નિત ઉછરંગં;
નવનવરંગં નારંગં કિલત જલગંગં,
દે સહુરંગં સુરપતિ શૃંગં સારંગં. [૨]

સારંગવકત્રં પૂન્યપવિત્રં, રૂચિરચરિત્રં જિવિત્રં;
તે ભોજન મિત્રં પંકજપત્રં, નિર્મલનેત્રં, સાવિત્રં;
જગજીવન મિત્રં, તરૂસતસત્રં, મિત્રામિત્રં માવિત્રં;
વિશ્વત્રય ચિત્રં, ચામર છત્રં સીસધરિત્રં પાવિત્રં. [૩]

પાવિત્રાભરણું, ત્રિભુવનસરણું, મુકટાભરણું આચરણું;
સુરવર ચિતચરણું, શિવસુખકરણું, દાલિદ્રહરણું આવરણું;
સુખસંપત્તિભરણું ભવજલ તરણં, અધસંહરણું, ઉદ્ધરણું;
ગોઅમૃતઝરણું, જનમનહરણું, વરણાવરણું, આદરણું. [૪]

આદરણા પાલં, ઝાકઝમાલં, નિજ ભૂપાલં અજુઆલં,
અષ્ટમી શશિભાલં, દેવદયાલં, ચેતન ચાલં, સુકુમાલં;

ત્રિભુવન રખવાલં, કાલ દૂકાલં, મહાવિકરાલં, બેટાલં,
શૃંગાર રસાલં, મહકે માલં હૃદય વિશાલં, ભૂપાલં. [૫]

( કલશ )

અકલ રૂપ અવતાર સાર શિવ સંપત્તિ કારક,
રોગ સોગ સંતાપ દુરિત્ત દુઃખદોહગ નિવારક;
ચિહું દિસિ આણ અખંડ ચંદ તપ તેજ દિણંદહ;
અમર અપછર કોડ આવે જસ નામે નરિંદહ,
મુનિ મેઘરાજ કહે જિનવર
જયો શ્રી પાર્શ્વનાથ ત્રિભુવન તિલો;
શ્રી શંખેશ્વર સુરમણી પામ અધિક મંગલ નીલો. [૬]

—×—

( ૧૧૭ )

## શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ છંદ

### (પધડી છંદ)

સરસતી સાર સદા બુધ જાગી,
સમરંતા દુઃખ દૂરમતિ ભાગી;
શ્રી શંખેશ્વર પાર્શ્વ પ્રતાપી,
ધરણીધર જસ મહિમા થાપી. [૧]
ઋષભાદિથી પહેલી ચોવીસી,
દામોદર જે નવમે જગીસી;
આષાઢ શ્રાવક વંદે ભાવે,
દામોદર જિન ભક્તિ ઉપાવે. [૨]

જિન કહ્યો પાસ જિનેસર વારે,
ગણધર મુક્તિ પચે હિત ઠારે;
ભાવી જિન પાસ મૂરતિ પ્રેમે,
નિજઘર પૂજે અલંકૃત નેમે. [૩]

પહેલે કલ્પે ઉપનો આષાઢ,
સુરવર પાર્શ્વ પૂજે જિન દાઢ;
શ્રી ઋષભ દેવતણા વર પોત્રા,
નમિ વિનમિ વિદ્યાધર ગોત્રા. [૪]

વૈતાઢ્ય શૈલે પાર્શ્વજી થાપ્યા,
પૂજી પ્રણમીને શિવસુખ વ્યાપ્યા;
ઇંદ્રાદિક સુરનર તિહાં પૂજે,
ચંદ્રપ્રભુ વારે ઇન્દ્ર પ્રયુંજે [૫]

ચંદ્ર સૂર્ય તિહાં જિનના મુખથી,
પાસજિન વારે છુટશો દુઃખથી;
અજરામર પદ દાયક જાણી,
ગુરૂ ભાવના ભાવે મન આણી. [૬]

કંચન બલાણે જાઈ ભેટ્યા,
જન્માદિક ત્રિક તુમથી મેટ્યા;
ઇમ ઘણા ઇંદ્ર ઓલગ કરતા,
નાગેંદ્રાદિક ભક્તિ ઉદ્ધરતા. [૭]

પદ્માવતી વર શાસન રાગી,
મુક્તિલીલા લેહે લલના લાગી;

આગામિક જસ ઉદયો સ્વામી,
યદુકુલ વંછના પોહોતી કામી. [૮]

પ્રતિહરી જરાસિંધુ કહાવે,
બાલપણા મોટે બીહાવે;
કૃષ્ણ નેમ ને બલભદ્ર ભાઈ,
હેમવર્ણું દ્વારકાં નિપાઈ. [૯]

ઋદ્ધિ સબલ પરિવાર પનોતા,
કંશ વિડારણ પગલાં જોતા;
યદુપતિ જરાસંધસું અડિયો,
ભરપૂરે પંચાસરે ભડિયો. [૧૦]

જરાસંધે તિહાં શસ્ત્ર જ જોડયો,
નવિ રહે કોઇનો રાખ્યો ન ઓડયો;
ગડીત ચલિત બડીત ભડ ભાલી,
હરિ બલ જિનજી જૂઈ સભાલી. [૧૧]

ધરણેંદ્ર પૂજે પાસ જિન ભાવી,
નમણ જલેં હિયો જરા ઉઠાવી;
અઠમ તપથી આપે પાસ,
સુખ સંપત્તિનો છે આવાસ. [૧૨]

પૂજી પ્રણમીને નમણ ભણાવી,
જયવર શંખ તે શબ્દ સુણાવી;
જરા નાઠી જરાસંધ સેના ત્રાઠી,
ચક્રધારી હરિ બલ ભુજા કાઠી. [૧૩]

છપ્પન્ન કુલ કોડીશું યાદવ,
　　　　　　　પૂજે પ્રભુને ઓધવ માધવ;
શ્રી શંખેશ્વર સંખપુર થાપી,
　　　　　　　લોટી દૈત્યને શિક્ષા આપી. [૧૪]

ભાવિ જિનેસર પાસજિન વારે,
　　　　　　　તીર્થ ઘણાં થાપી નિસ્તારે;
ઉદ્ધાર એહ ઠામે અધિકેરા,
　　　　　　　વિક્રમ ભોજકૃત ભલેરા. [૧૫]

ઉદયસૂરીશ્વરને અધિકારે,
　　　　　　　દેવ અધિષ્ઠિત પદ આધારે;
વંછિત લેવા સુરપતિ સૂરા,
　　　　　　　ભક્તિ કરે નવરસ સનૂરા. [૧૬]

ઇગ્યારસે પંચાવન વરષે,
　　　　　　　દુરિજન સજ્જન સાથે હર્ષે;
ઝઝુપુર સૂર્યપુર નામી,
　　　　　　　સજ્જન શેઠ બડો ધનધામી. [૧૭]

દેવ વિમાનસો મંદિર કીધો,
　　　　　　　લક્ષ્મી તણો બહુ લાહો લીધો;
આજ લગે સંખેશ્વર વાસી,
　　　　　　　ઘણા સુખી સાધુજન ઉપાસી. [૧૮]

તું ચિંતામણિ કામકુંભ વારુ,
　　　　　　　વઢિયાર દેશમાં વસ્યો દિદારુ;

કલ્પવૃક્ષ ને કામજ ધેનુ
તુજ સેવથી કાંઇ નહિ ઓણુ. [૧૯]

વાટઘાટમાં રક્ષા તારી,
નીલવરણુ આશ પૂરજો અમારી;
ધરણેંદ્ર પદ્મ જસુ જયકારી,
નવનિધ રિદ્ધિ સદા દગ તારી. [૨૦]

ધર શુદ્ધ પૂજા ચાહિ જો કીજે,
મનવંછિત ફલ સહેજે લહીજે;
"ઠોસલો પ્રભુ" નું નામ પ્રસિદ્ધો,
બહુરૂપી શંખેશ્વર કીધો. [૨૧]

અહર્નિશ રહેજો હૃદય જ માંહિ,
એહિ જ માગું અવર ન કાંહિ;
અંતર ટાલો તો આવું હજુરે,
ભવભવ મલજો એહ પુન્ય પુરે. [૨૨]

તપગચ્છનાયક ભાવ ભલેરા,
શ્રી દાનરત્નસૂરીશ્વર મેરા;
શાંતિ સુધારસ સુજસ ગાજે,
વિબુધ હંસરત્ન બિરાજે. [૨૩]

શ્રી શંખેશ્વર તુમહિ જ શરણું,
કેનકે સદા મન આનંદકરણું;
ત્રિભુવન ત્રાતા તુમથી તરણું,
શીઘ્ર મહાસિદ્ધિ સદા જયકરણું; [૨૪]

સંવત શશિ નાગ મહિ દ્રગ આશા
　　　　રવિ શુદ્ધ પંચમી પોસહ માસા;
પધડી છંદ પૂર્ણ ચૂર્ણ કીધો,
　　　　સાંભલતા સભ શિવ સુખ લીધો. [૨૫]

( ૧૧૮ )

## શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનો છંદ

( દોહા )

શ્રી જિન ત્રિભુવન મંડણો, સ્વામી લીલવિલાસ;
જાગે જગ મહિમા નિલો, જયો શંખેશ્વર પાસ. [૧]
સેવ્યો સુખ સંપત્તિ કરે, પૂજ્યો પૂરે આશ;
અશ્વસેન કુલ ઉદ્ધરણ, સાધ્યો શિવપુર વાસ. [૨]
વાસવ નાગ કુમારનો, પદ્મમાવઇ સંજુત;
સપ્તફણો ધણિ શિર ધરે, સુર સેવે નિત્ય નિત્ય. [૩]
સિદ્ધિ વધૂ સંગમ સુજસ, જો કીજે મન આસ;
તો પ્રભુ સમરથ સેવીયે, શ્રી શંખેશ્વર પાસ. [૪]

( છંદ ચાલ )

સેવો શ્રી જિણંદપાય, દીઠે દુઃખ દૂરે જાય;
　　　　આણંદ અધિક થાય, સંપત્તિ મિલે;
નયણ નિર્મલ થાય, સેવક વંછિત પાય;
　　　　અહર્નિશિ ગુણ ગાય, આરતિ હમે;

પ્રભુ ત્રુઠો દીયે શિવ સિદ્ધિ, માન બહુત યશ રિદ્ધિ
સકલ સંયોગ મિલે રંગભરે;
પૂજો શ્રી જિણંદ પાસ, પૂરે મન કેરી આશ;
અગર કપુર વાસ કુસુમ ભરે. [૫]

( દોહા )

સત્તર ભેદ સવિધે કરી, પૂજે સમકિત ધાર;
અંગોપાંગે ઉપદેશ્યા, નમણાદિક નિરધાર. [૬]

નવો સુજિણંદ અંગ, લુહો આણિ ચીર ચંગ;
અંગી રચો નવરંગ, વિવહ પરે;
કેસર સુખડે કરી કનક કચોલી ભરી,
હિયે ભલો ભાવ ધરી, દાહિણ કરે;
અતિ ખાંતે ખપ કરી, વિચિત્ર વિજ્ઞાન વરી;
અવિનય દૂર કરી, ભગતિ ભરે, પૂજો શ્રી જિણંદ પાસ. [૭]

( દોહા )

સાચું એ સોહામણો, થંભણપૂર શ્રીપાસ;
મૂરતિ રતિ કરી વંદિએ, શ્રી શંખેશ્વર પાસ[૮]

વંદુ શ્રી વિનય પુરિ પ્રભાત ઉગતે સૂર;
વાજત પરહ ભેરિ, ઝલ્લર ઝણે;
ગાઓ શ્રી ચતુરનર, અભિનવ સુરતરૂ;
પ્રભાવતી રાણી વર, આદર ઘણે;
જોડી સુમસ્તકે હાથ, શિવપુર શુદ્ધ સાથ,
પ્રણુસું અનાથ નાથ, ભગતિ ભરે પૂજો શ્રી જિણંદ પાસ. [૯]

( દોહા )

જરાસિંધુ યાદવ પ્રતે જરા જર્જર કિય જામ;
પાસ શંખેશ્વર પ્રગટીયા પાપપખાલણ તાસ [૧૦]
સદા સુસમર વીર, ન લાગે તોમર તીર;
જસુ નામે થાયે ધીર, સુભટ કટા;
હિંસે ગજવર ઘાટ, બિરૂદ તે બોલે ભાટ;
સોહતિ સોવન ઘાટ, કરે તે ઘટા;
જેહની પ્રશસ્તિ પાસ, સંપત્તિ સુય ધરિ તાસ;
વયણ સુવાસ વાસ, લક્ષ્મી કરે પૂજે શ્રી જિણંદ પાસ. [૧૧]

( કલશ છપ્પય )

લક્ષ્મી કરે વિલાસ, આશ સઘલી સંપૂરે;
પઉમાવઈ ધરણિંદ, પાશ સબ સંકટ ચૂરે;
કેવલ દંસણ નાણ, સુખ વલી ચારે અનંતા;
સબ લહિયે મન શુદ્ધ, જસુ પથ સેવ કરંતા;
દેવાધિદેવ સ્વામી સકલ, પારસનાથ હિયેમેં ધરે;
કવિ કહે ચઉવિહ સંઘને, સુપ્રસન્ન સ્વામી શંખેશ્વરે. [૧૨]

( ૧૧૯ )

## શ્રી જિનહર્ષમુનિ વિરચિત
## શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્તોત્ર

સકલ સુરાસુર સેવે પાય, કરજોડી ઉભા સુરરાય;
ગુણ ગાવે ઈન્દ્રાણી જાસ, પ્રણમું શ્રી શંખેશ્વર પાસ. [૧]
જેહને નામે નવનિધિ થાય, પાતિક દુસમન દૂરે જાય;
મહિયલ મહે વાધ્યે જસ વાસ, પ્રણમું૦ [૨]

લખમી મંદિર થાયે અખૂટ, રાય રાણા કોઇ ન સકે લૂંટ;
નવનિધ રહે સદા ઘર વાસ, પ્રણમું૦ [૩]
અણુતેડી આવે સંપદા, જાઇ અલગી સહુ આપદા;
નાસે રોગ દુષ્ટ ખય ન ખાસ, પ્રણમું૦ [૪]
વીછડીયાં વાલેસર મળે દેષી દુશમન પાછા ટળે;
લહીઇ વંછિત ભોગ; પ્રણમું૦ [૫]
જરા ઉતારી જાદવ તણી, વાધી પ્રભુની કીરતિ ઘણી;
હરિ પૂર્યો તિહાં સંખ ઉલ્લાસ, પ્રણમું૦ [૬]
ધરણીધર ને પદ્માવતી, જેહની સેવ કરે સાસ્વતી;
દુઃખે ચૂરે પૂરે સહુ આસ, પ્રણમું૦ [૭]
જેહની આદિ કોઇ નવી લહે,
ગીતારથ ગુરૂ ઈણીપરે કહે;
કહે જિનહરખ સદા સુખવાસ, પ્રણમું૦ [૮]

---

( ૧૨૦ )

શ્રી પદ્મવિજયજી શિષ્ય શ્રી રૂપવિજયજી વિરચિત.

## શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ચૈત્યવંદન

સકલ ભવિજન ચમત્કારી ભારી મહિમા જેહનો,
નિખિલ આતમ રમા રાજિત નામ જપીએ તેહનો;
દુષ્ટ કર્માષ્ટક ગંજરી જે ભવિક જન મન સુખ કરો,
નિત્ય જાપ જપીએ પાપ ખપીયે સ્વામી નામ શંખેશ્વરો. [૧]

બહુ પુન્ય રાશી દેશ કાશી તથ્થ નયરી વાણારશી,
અશ્વસેન રાજા-રાણી વામા રૂપે રતિ તનુ સારશી;
તસ કુખે સુપન ચૌદ સુચિત સ્વર્ગથી પ્રભુ અવતર્યો,
નિત્ય૦ [૨]

ત્રણ લોક તરૂણી મન પ્રમોદી તરૂણ વય જબ આવીયા,
તવ માત તાતે પ્રસન્ન ચિત્તે ભામિની પરણાવીયા;
કમઠ શઠ કૃત અગ્નિકુંડે નાગ બળતો ઉદ્ધર્યો, નિત્ય. [૩]

પોષ માસે કૃષ્ણ પક્ષે દશમી દિન પ્રભુ જનમીયા,
સુર કુમરી સુરપતિ ભક્તિ ભાવે મેરૂ શૃંગે સ્નાપીયા;
પ્રભાતે પૃથ્વીપતિ પ્રમોદે જન્મ મહોત્સવ અતિ કર્યો,
નિત્ય૦ [૪]

પોષ વદી એકાદશી દિન પ્રવ્રજ્યા જિન આદરે,
સુર અસુર રાજી ભક્તિ તાજી સેવના ઝાઝી કરે;
કાઉસ્સગ્ગ કરતાં દેખી કમઠે કીધ પરિસહ આકરો, નિત્ય૦ [૫]

તવ ધ્યાનધારારૂઢ જિનપતિ મેઘધારે નવિ ચળ્યો,
તિહાં ચલિત આસન ધરણ આયો કમઠ પરિસહ અટકળ્યો;
દેવાધિદેવની કરે સેવા કમઠને કાઢી પરો. નિત્ય૦ [૬]

ક્રમે પામી કેવળજ્ઞાન કમળા સંઘ ચઉવિહ સ્થાપીને,
પ્રભુ ગયા મોક્ષે સમેતશિખરે માસ અણસણ પાળીને;
શિવરમણી રંગે રમે રસિયો ભવિક તસ સેવા કરો.
નિત્ય૦ [૭]

ભૂત પ્રેત પિશાચ વ્યંતર જલણ જલોદર ભય ટળે,
રાજરાણી રમા પામે ભક્તિ ભાવે જો મળે;
કલ્પતરૂથી અધિક દાતા જગતત્રાતા જયકરો. નિત્ય૦ [૮]

જરા જર્જરીભૂત યાદવ સૈન્ય રોગ નિવારતા,
વઢીયાર દેશે નિત બિરાજે ભવિક જીવને તારતા;
એ પ્રભુ તણા પદ પદ્મ સેવા રૂપ કહે પ્રભુતા વરો,
નિત્ય૦ [૯]

( ૧૨૧ )

## કવિ રાજપાલ વિરચિત

## શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ચંદ્રાઉલા સ્તવન.

॥ श्री गुरुभ्यो नमः ॥

સરસતીનઈ સમરી કરી રે, લાગું સહિ ગુરૂ પાયો,
તવન કરૂં હું હર્ષ ધરી રે, તું દેજો વરદાનો;
વઢીયાર દેસઇ મંડણો રે, શ્રી સંખેશ્વર પાસો,
ત્રિણિ કાલ પૂજા કરૂં રે પહુંચઈ મનની આસો. (૧)

પહુંચઈ મનની આસ તે સ્વામી,
નિત નિત પ્રણમું હું શિર નામી;
આવાગમન કરંતા વારો,
ભવસાયર નઈ પાર ઉતારો, જી શંખેશ્વરજી રે. (૨)

નવ ભવ પહિલા શ્રીપાસના રે, સાંભળતા સુખ થાયો,
અમરભૂત પહિલઇ હુવા રે, બીજઈ ગજ ગંભીરો;
ત્રીજઇ દેવલોકિ સુર થયા રે, ચઉથઈ વિદ્યાધર રાયો;
પ્રાણુત દેવલોક પાંચમઇ રે, છઠઈ પૃથ્વીપાલો. (૩)

છઠઇ પૃથ્વીપાલ તે લહઇ,
અચ્યુત દેવલોકિ સાતમઈ કહીઈ;
આઠમઈ ષટખંડ નાથ તે સાર,
નુમઇ ભવિ દસમ દેવલોકિ અવતાર, જી. (૪)

નયરી વાણારસી જાણીઈ રે, અમરાપુરી સમ તોલો;
વાડી વનખંડ અતિ ઘણાં રે, સેવંત્રી જાય વેલ્યો;
દમણો મરૂઉ માલતી રે, કેતકી કરઈ કલ્લોલો,
ચાંપો વાલઇ વીંટીઓ રે, મોગર જુઇ મચકંદો. (૫)

મોગર જુઇ મચકંદ તે કહીઇ,
અખોડ બદામનું પાર ન લહીઇ;
નીમજા પસ્તા ષલઇલાં સાર,
દ્રાખ ચારુલી દાડિમ અતિફાર, જી. (૬)

ગલાલ ગંધિ આગલાં રે, જાસૂ રૂપ સરૂપો;
કણઇર કાંબલ લકી રહી રે, પાડલ પોઢા ફુલો;
કમલઈ કુન્ની પાંખડી રે, કેવિડ કાંટા ધારો;
કરણી પુફમઈ કહ્યા રે, અવર ઘણી છઇ જાયો. (૭)

અવર ઘણી છઇ જાત તે જાણો,
પુષ્ફ સઘલાં પૂજાનઈ આણો;

અઢાર ભાર વનસપતિ તિહાં લહીઇ,
પાંચ સાતનાં નામ જ કહીઈ જી. (૮)
નાલીઅરી ગુણ નિરમલી રે, કદલી કુંલા થંભો;
સહિકાર અતિ સોહામણો, રાયણ રૂડા રંગો;
નારંગી કમરખ સહી રે, બીજોરાની સેઘો;
અમૃતફલ અંજીર ઘણાં રે; પાનવાડી છઇ હેઠયો (૯)
પાનવાડી છઈ હેઠિ તે જાણો,
નીલી સોપારી લવિંગ જ આણો;
એલચી ડોડા ઘણુ ગંધ સાર,
બાવના ચંદન વન વિસ્તાર, જી. (૧૦)
સેલડી રસિ આઝલિ રે, ખજુરી સદા ફલ સારો;
ફાલસાંની ફુલહુલિ ભલી રે, કરણી કર્મંદા ઝાડો;
હરડે આંબલાનાં ગુણ ઘણાં રે, લીંબુ સરસ સવાદો;
વરસોલી વન છાઈ રહી રે, પંચ ઉંબર ગહિર ગંભીરો. (૧૧)
પંચ ઉંબર ગહિર ગંભીર તે કહીઇ,
ત્રબુજ ફણુસ તિહાં તે લહીઇ;
તલાવમાં સીંઘોડી બાધઇ,
કણ સઘલાં બાણારસી લાધઈ, જી. (૧૨)
સાલિ સુગંધ સોહામણી રે, ગુંહેવાલીં લીહો;
જારિં જગતે ઉધરુ રે, અઢહિ દીધું આધારો;
મગ્ગિં મહિમા રાખીક રે, તૂઈરિ ત્રણી દેહો;
કોદ્રિર કામ સ× હયાં કર્યા રે, ઝાગર ઝલી મુઠ્યો (૧૩)

× અહિં પાઠ ત્રુટિત છે.

ઝાલર ઝાલી મુંઠિ તે કહીઇ,
ચુલા મસૂર તિહાં તે લહીઇ;
બાજરી બાવટુ બરટી નામ,
ચીણા કાંગનિ કલથી ઠાંમ, જી. [૧૪]

વન ગંભિર અતિ દીપતું રે, જાણે મોહણ વેલ્યો,
ચાસ મોર કોઇલ ઘણી રે, સુક સાલહી કરિ જેલ્યો;
લાવાં તેતર હોલો હસિ રે, બગ સારસ ચકોરો,
સસા સંભર હરણ રોસહી રે, વાઘ સંઘકી તાસારો. [૧૫]

વાઘ સંઘકી તાસાર તે કહીઇ,
રાતા પોપટ નૂરી લહીઇ;
સકરા બાજ હંસ તિહાં તે સોહીઇ,
વન દેખી મોહનિ રહીઈ....જી૦ [૧૬]

બાર જોયણ નયરી ભલી રે, નવ જોયણ વિસ્તારો,
ગંગા નીર અતિ નિરમલાં રે, કૂઆ તલાવ નઇ વાવ્યો;
ગઢ મઢ મંદિર માંલીઆં રે, બારે દરવાજે વાટો.
ચઉરાસી ચહુટાં ભલાં રે, ચકલઇ ચકલઇ હાટો. [૧૭]

ચકલઈ ચકલઈ હાટો તે સાર,
દહેરાં પોસાલ ન લાધઇ પાર;
તિહાં વસઈ વ્યવહારીઆ લોક,
સાધુ સાધ્વીના દીસઈ થોક....જી૦ [૧૮]

દાનિઈ તુંગીઆં જાણુઈ રે, જેહવા વિસમણ દેવો,
દાનિ પુણ્ય ગુણિ આગલા રે, ભલા આચાર વિવેકો;

સીઅલ સમકિત અતિ નિરમલા રે, નવતત્વના જાણો,
પોસા સામાયિક કઇ રે, પડિકમણું બિ વારો. [૧૯]

પડિકમણું બિ વાર તે જાણઈ,
હૈડિ જીવદયા તે આંણુઈ;
પ્રતિમા ઉપધાન શ્રાવકનાં વહઇ,
ત્રિણુ કાલ દેવપૂજા કરઈ....જી૦ [૨૦]

પુણ્ય પવિત્ર નગરી ભલી રે, લખિમીનું જિહાં વાસો,
એકઇ જીભઇ સ્યું કહું રે, ગુણસાગર અવદાતો;
અશ્વસેન તિહાં રાજીયો રે, ન્યાઈ પાલિ રાજો,
વામાદેવી રાણી ભલી રે, સતી શિરોમણિ સારો. [૨૧]

સતી શિરોમણિ સાર તે સ્વામી,
ચઉદ સુપન મોટાં તે પામી;
દશમઈ દેવલોકિથી ચવી આવ્યા જેહ,
ત્રેવીસમો તીર્થંકર તેહ....જી૦ [૨૨]

ચઉદ સુપન સહિત આવીઆ રે, ત્રિણુ લોકિનું નાથો,
અશ્વસેન ઘરિ ઉલટ થયા રે, અપાઈ અવારી દાનો;
ગજ રથ ઘોડા પાયક વાધીઆ રે, ભુઇનઈ ભંડારો,
વામાદેવી રાણી કુખી રહ્યા રે, નવ માસ દિન સાતો. [૨૩]

નવ માસ દિન સાત તે સાર,
પોષ શુદિ દશમિ અવતાર;
મધ્ય રાતિ જનમ્યા જગદીશ,
ચઉસઠ ઇંદ્રઇં નાંમ્યાં શીસ....જી૦ [૨૪]

ભગવંતનું જનમ જાણી કરી રે, આવી છપન કુમારી,
સુચિ કરમ સઘળાં કર્યાં રે, સાર્યાં પોતાના કાજ;
ઇંદ્ર આસણ તવ કંપીઆં રે, જોઉ અવધિજ્ઞાનો;
જન્મ દીઠો શ્રી જિનવરુ રે, વાગા ઘંટા નાદો [૨૫]

વાગા ઘંટાનાદ તે પૂરા,
ચઉસઠિ ઈંદ્ર આવ્યા સવિ સૂરા;
ખીર સમુદ્રના આણ્યા પાણી,
જનમોત્સવ જગદીશનું જાણી, જી. [૨૬]

ચઉસઠિ સુરપતિ તિહાં મિલ્યા રે, અમર ન લાધઈ પારો,
મેરૂનઈ શૃંગિ લેઇ ગયા રે, જનમોત્સવ કરઈ સારો;
સમક્તિ તે નિરમલ કરઈ રે, સફલ કરઇ અવતારો;
માણિક મોતી થર ભરી રે, મુંકઈ જણણી પાસો [૨૭]

મુંકઈ જણણી પાસ તે લહીઇ,
મસ્તક મુગટ સોહામણો કહીઈ;
કાનિ કુંડલ કોટિ હાર,
ભાલ તિલક શોભઇ બીજા સવિ શૃંગાર, જી. [૨૮]

રયણી સઘલી વહી રે, સૂર ઉગ્યો પરભાતો,
ચઉરાશી વાજિત્ર વાજિ ખરાં રે, મંગલ ગાઇ નાર્યો;
ઘરિ ઘરિ ગુડી ઉછલિ રે, તલીવા તોરણ બાર્યો
નાટકીઆ નાટક કરઇ રે, ગંધ્રપ ગાઈ ગીતો [૨૯]

ગંધ્રપ ગાઇ ગીત તે ગોરી,
જેઠીમલ્લ વઢઈ ભલો ધોરી;

માગણ જણ નઈ આપઈ દાન,
ધણું જીવ તું અશ્વસેન રાજાન. જી. [૩૦]

દસ દિવસ વુલ્યા સહી રે, કીધા દશઉઠણા કાજો;
સાજન સર્વ મિલી કરી રે, પહિરાવ્યા પરિવારો;
નામ તણી થાપના કરી રે, એતે પાસ કુમારો;
અનુક્રમઇ પાંચ વરસ થયા રે, સુત મુકયા નિસાલો. [૩૧]

સુત મુકયા નિસાલિં કહીઇ,
વિદ્યાતણો તો પાર ન લહીઇ;
બહુતિર કલાના થયા તે જાણ,
ત્રિણ ખંડી મનાવી આણ, જી. [૩૨]

કુંવર રૂપ અતિ સુન્દરો રે, જાણે મયણ તણો તે ઇંદ્રો,
સાયરની પરઇ ગંભીર સદા રે, ગુણઇ ગંગાનું નીરો;
ધનિઇ દારિદ્ર છેહ કરઈ રે, વચનિ અમૃત વાંણ્યો,
સોભાગી સુખ ભોગવઇ રે, મુખ જિસ્યું પુનિમ ચંદો. [૩૩]

મુખ જિસ્યું પુનિમ ચંદ્ર તે દીપઇ,
સયંવરા મંડપ સહિજઈ જીપઇ;
ભુજાઇ મહાબલ વીર તે કહઇ.
તેજઇ ઉગતો સૂર તે લહીઇ, જી. [૩૪]

યોવન વયિ જિનવર થયા રે, યુવરાજ પરધાનો;
પ્રસેનજિત રાય આવી રે, અમ્હ ઘરિ કન્યા છઈ વર યોગ્યો,
અશ્વસેન મનિ હર્ષ થયો રે, વીવાહ મેલ્યો રંગો;
કુટુંબનઈ કંકોતરી મોકલી રે, તેડાવ્યા રાજાનો. [૩૫]

તેડાવ્યા રાજાન સવિ સાર,
મંડપ તણો ન લાધઇ પાર;
સગા સણીજા આવી મિલીએ,
પકવાનની સંખ્યા નવિ ગણીઇ, જી. [૩૬]

ખાજા લાડુ ઘેવર** રે, મોતીઆ મરચી સારો;
જલેબી મસૂપ ચાંદસાહી સહીરે,હેસમી અમૃતી નહી પારો
નગદી વરસોલા પિંડા ખરા રે, ગાંઠીઆ ગુંદવડા ધારો;
સેવ સુંહાલાં સાંકલી રે, મુલાં ઝેવર ડૂંઠા સવાદો. [૩૭]

મુલાં ઝેવર ડૂંઠા સવાદ તે કહઇ,
લાખણસાઇ લાડૂઆ તિહાં લહીઇ;
લહૂસાહી લાડૂઆ ગંધ સાર,
દલીઆ લાડૂઆ પ્રીસિ ફાર, જી. [૩૮]

નગરી સર્વંરણ કરી રે, માઝન આપ્યાં ફોફલ પાનો,
વરઘોડિ ચઢી સંચર્યો રે, વાગાં ઢોલ નિસાણો;
લગ્ન મુરતિ દિન શુદ્ધિ જોઇ રે, કન્યા આપી વરદાનો,
સુંરનર સર્વ જોવા મિલ્યા રે, ઇંદ્રાણી ગાઇ ગીતો. [૩૯]

ઇંદ્રાણી ગાઈ ગીત તે દેવા,
ચઉસઠિ સુરરાય કરઈ તે સેવા;
રાજ કરઇ વાણારસીસા,
પ્રભાવતી રાણી ભરતાર, જી. [૪૦]

** અહિં પાઠ ત્રુટિત છે.

રૂપિંઇ રંભા રતિપતિ રે, મયણ મનાવ્યો આંણો,
ચિત્રાલંકી ચાલતી રે, પગે નેઉરનું ઝણુકારો;
ભાલ તિલક સોભઇ સહારે, કંઠિ એકાઉલિ હારો,
કાંનિ કુંડલ ઝલહલિ રે, કટિ મેખલા સણુગારો [૪૧]

કટિ મેખલા સણુગાર તે દીપઇ,
તેજઈ તારા ચંદ સૂર જીપઈ;
હાથે વીટીં કંકણુ સાર,
નયણે કાજલ સવિ સિણુગાર; જી૦ [૪૨]

નર નારી રંગિ રમઇ રે, ખેલઇ વસંત માસો,
કેસુ તિહાંકણુ કસકસઇ રે, દીસઇ લાલ ગુલાલો;
ખડોખલી કરિ જીલણું રે, કેસર છાંટા છાંડયો,
ચૂઆ ચંદન અંગિઇ ભરિઇ રે,
કપૂર કસ્તૂરી જબાદો. [૪૩]

કપૂર કસ્તૂરી જબાદ તે ગંધઇ,
અંગો અંગિ બાંધઇ તે બંધઇ;
ગેલઈ ગાઇ વસંતનો રાસ,
વાણુારસીઇં શ્રી પારશ્વનાથ. જી૦ [૪૪]

તાપસ એક તિંહા આવીઓ રે, મન ધરી અતિ અભિમાનો;
પંચાગનિ સાધઇ ખરી રે, પુતાનું વધારઇ માનો;
અમરભૂતિનો ભાઇ હતો રે, દસમઇ ભવિ કમઠનું જીવો,
અજ્ઞાનકષ્ટ કરઇ ઘણું રે, નગરમાં કરસ્યઇ રીવો. જી૦ [૪૫]

નગરમાં કરસ્યઇ રીવ તે પ્રાણી,
પાર્શ્વનાથ આવ્યા તિહાં જાણી;

કાઢુ　ખોડ નિ દીધું ઘાય,
　　　　　બલતું પન્નગ કાઢયું રાય. જી૦ [૪૬]

ભગવંતના દરશન થકીરે, ઉત્તમ હુઓ અવતારો,
સઇ મુખ્યઇ નવકાર કહિઓ રે, ઉતાર્યું ભવપારો;
ધરણેંદ્રની પદવી લહી રે, તુચ્છ કર્યું સંસારો,
માનભ્રષ્ટ કમઠ થયો રે, દશ ભવનું જાગ્યું વઇરો. [૪૭]

દશ ભવનું જાગ્યું વઇર તે જાણી,
　　　　　રુદ્ર ધ્યાન મનમાંહિ આંણી;
આર્તધ્યાનિં કીધું કાલ,
　　　　　મેઘમાલિ થયો તતકાલ. જી૦ [૪૮]

એણી પરઈ રાજ ભોગવિ રે, કરઈ પરઉપગારો,
આજ્ઞા કો લોપઇ નહી રે, નર તો વરતઈ ન્યાયો;
મનિ વયરાગ આણી કરી રે, જાણ્યો અથિર સંસારો,
રાજ ઋદ્ધિ છંડી કરી રે, લીજઈ સંયમભારો. [૪૯]

લીજઈ સંયમભાર તે સાર,
　　　　　ભવસાયર ઉતરવા પાર;
આગઇ હુઆ અનંત જેહ,
　　　　　દીખ્યા લેઇ વન ગયા તેહ જી૦ [૫૦]

દીખ્યા સમઈ જાણી કરી રે, આવ્યાં લોકાંતિક દેવો,
દાન સંવત્સરી જિન દીઓ રે, અમ્હિ કર્યું તુમ્હારી સેવો;
આગઇ તીર્થંકર જે હુવા રે, દીધાં વરસીદાનો,
એક કોડિ આઠ લાખ દિનપ્રતિઇ રે, ગજ રથ ભુઇ ભંડારો. [૫૧]

ગજ રથ ભુંઇ ભંડાર તે આપું,
જિનનું શાસન તુમ્હિ તે થાપું;
દેઈ દાન નઇ દીખ્યા લીજઇ,
કાજ પોતાનાં એણી પિરઇ સીજઈ જી. [૫૨]

દાન સંવત્સરી જિન દીઇં રે, દીખ્યા તણુઇ અધિકારો,
ચઉસઠિ સુરિંદ્ર આવીઆ રે, સાથઈ દેવ પરિવારો;
શીબિકા રચી સુહામણી રે, કીધી નવલઇ ઘાટ્યો,
પાલખી બઈસી સાંચર્યા રે, બિરુદાવલિ બોલઈ ભાટો. [૫૩]

બિરુદાવલિ બોલઈ ભાટ સુણો સ્વામી,
તુમ્હો તીર્થંકર કેવલનાણી;
દેવતા તમ્હારી સેવા વાંછિ,
અરિહંત નામ તુમ્હારું છાજઈ જી૦ [૫૪]

એણી પિરિ વનમાંહી સાંચર્યા રે, સહિસ કુમર સંઘાતો;
સુરનાર બાજાં વાજઇ ઘણાં રે, ત્રિભુવન જય જય કારો;
અશોકવૃક્ષ હેઠલિ જઇ રહ્યા રે, છંડઈ આભરણ સારો;
લોચ પંચ મુષ્ઠઇ કરી રે, લીધું સંયમનું ભારો. [૫૫]

લીધું સંયમનું ભાર તે સાર,
ભવસાયર ઉતરવા પાર;
અઠમતણું પચખાણ જ લીધું,
વિહાર કર્મ ભગવંતઇ કીધું, જી. [૫૬]

ભગવંત વનિ કાઉસગ્ગ રહ્યા રે, જાુઇ કમઠનું જીવો;
વયરતણું અવસર લહી રે, ગાજ્યો ગહિર ગંભીરો;

અખંડ ધારા વરસિ સહી રે, મુસલધાર પ્રમાણો;
નાશિકાતાંઈ નીરસ્યું રે, પરીસો કીધું અપારો. [૫૭]

પરીસો કીધુ અપાર મેઘમાલી,
તઈ સમક્તિની વેલડી બાલી;
દેવપણું કીધું તે ફૂલ,
સમક્તિ તણા તઈ કાઢયાં મૂલ, જી. [૫૮]

એણિ સમઇ ધરણેંદ્ર જુઇ રે, કિહાં છઈ માહરો નાથ;
જસ પસાઇ પદવી લહી રે, તુછ કર્યું સંસારો;
કાઉસગ રહ્યા દીઠા જિનવરુ રે, વરસાત વરસઇ અપારો;
મસ્તકિ ફણા ટોપ કર્યું રે, હથેલી ઉપરિ ભગવંતો [૫૯]

હથેલિ ઉપરિ ભગવંત નઈ રાખઇ,
વરસાત વરસતું કિમઇ નવિ થાકઈ;
અવધિજ્ઞાની જોઉં જામ,
મેઘમાલા દીઠો તે તામ, જી. [૬૦]

ઈંદ્રિ કોપ કીધુ ઘણું રે, વજ્ર લીધું તે હાત્યો,
પાપી પાપ ઘણું કર્યું રે. યમ મેલું સંઘાતો;
નાઠો સઘલઇ ત્રપડિ રે, રહિવાનુ પામઇ ઠામો;
ભગવંતનઇ સરણુઈ રહિઓ રે, રાખિ રાખિ તુ આધારો; [૬૧]

રાખિ રાખિ આધાર મુખિ ભાખઈ,
હવઈ સીખામણ મુજનઇ લાગઈ;
વાર વાર ખમાવઇ નામિ શીસ,
ભવિ ભવિ સરણ તુમ્હારુ જગદીસ, જી. [૬૨]

મેઘઇ સમક્તિ પામીઓ રે, ઉતાર્યું ભવપારો;
ઇંદ્ર હર્ષવદન થયા રે, ભગવંતનઇ નિરમલ નાંણો;
સમોવસરણ તિહાં સુર કરઈ રે, ત્રિણ ગઢ મંડાણો;
પર્ષદા બારિ તિહાં મિલી રે, વાણી જોઅણ પ્રમાણો. [૬૩]

વાણી જોઅણ પ્રમાણ જગ જાણઈ,
ચઉદ પૂરવના અર્થ વખાણઈ;
ચ્યાર મહાવ્રત યતીના કહઈ,
બાર વ્રત શ્રાવકનાં છઇ, જી. [૬૪]

અરિહંતના અતિશય ઘણા રે, મોટા ત્રીસ નઇં ચ્યારો,
અવરની સંખ્યા નહી રે, કહિતાં ન લાભઇં પારો;
ધર્મધ્વજા તિહાં લહઇ રે, ભામંડલ દીપંતો;
આસોપલ્લવ અતિ ભલો રે, દેવ દુંદુભી આકાશો. [૬૫]

દેવદુંદુભી આકાશઇ વાજઈ,
અમૃત વાણી મેઘ જિમ ગાજઈ;
તીન છત્ર શિર ઉપરિ ધરઈ,
ચિહું પાસિઈ ચામર તે કરઇ, જી. [૬૬]

દેવ છંદો બઈસવા કરઇ રે, પાદપીઠકા પદ હેઠો,
પંચવરણ ફુલ ઢીચણ સમાં રે, ઉંધઇ બીંટ સુગંધો;
ધૂપઘટી તિહાં ઉપશમઈ રે, પ્રીમલ બહુ પ્રસરંતો,
ઈત્ય સઘલી તિહાં ઉપશમઈ રે, વિર ન ધરિ કોપો. [૬૭]

વિર ન ધરિ કોધ નવિ આંણઇ,
અરિહંતની ભાષા ત્રીજંચ જાંણઈ;

બારિ પર્ષદા જાણુઈ સહૂ કોઇ,
જીવદયા વિણુ ધર્મ ન હોઇ. જી. [૬૮]

આઠ ગણુધર ઉત્તમ હુવા રે, સોલ હજાર તે સાધો;
અડત્રીસ હજાર સાધવી સહી રે,
શ્રાવક એક લાખ ચઉસઠિ હજારો;
ત્રિણુ લાખ શ્રાવિકા કહી રે, ઉપરિ સતાવીસ સહિસો;
અઉઠસઇ પૂરવ તિહાં ભણુઇ રે, એક હજાર કેવલનાંણો. [૬૯]

એક હજાર કેવલ નાણુ તે જાણુ,
અગ્યારસઇ વૈક્રિયલબ્ધિ વખાણું,
ચઉદસિ અવધિજ્ઞાની સાર,
સાતસઈ પંચાસ મનપર્જાઈ જ્ઞાની, જી. [૭૦]

સમોવસરણુ બઇસી ધર્મ કહ્યા રે,ઉગઇ શશિ જિહા ભાણો;
આઠ કર્મનું ક્ષય કરી રે, ભગવંત પહુંતા શ્રી નિરવાણો,
નીલવરણુ નવ હાથ કહ્યા રે, સત વરસનું આયો;
ધરણેંદ્ર નઈ પદ્માવતી રે, નિશ દિન પ્રણુમઇ પાયો. [૭૧]
નિશ દિન પ્રણુમઈ પાઇ તે લહીઈ,
ધરણેંદ્ર પદ્માવતી અધિષ્ઠાયક કહીઇ;
સેવા સારો તુમ્હિ જિનની સાર,
ભવસાયર ઉતરવા પાર, જી. [૭૨]

બીજું અધિકાર તુમ્હે સાંભલું રે, દુખભંજન શ્રી પાસો;
શ્રી શંખેશ્વરની પ્રતિમા થઇ રે, તેહનું કહું અવદાતો;
શ્રી ચંદ્રપ્રભ વારિ હવા રે, મોટા ઇંદ્ર જેઓ;
તેણુંઇ પરસન પૂછીઓ રે, અગ્હનઇ કહીઈ ભવપારો. [૭૩]

અમ્હનઇ કહીઈ ભવપાર કહું સ્વામી,
તુમ્હો તીર્થંકર કેવળનાણી;
ત્રેવીસમો હોસઈ શ્રીપાસ,
આઠમા ગણધર થઈ નઇ મુગતિનો વાસ, જી; [૭૪]

અરિહંતના વચન સાંભલી રે, હર્ષ્યા સુહમ ઇંદ્રો;
તુચ્છ સંસાર અમ્હનઇ કહ્યું રે, સુખસાગર દાતારો;
શ્રીપાસની પ્રતિમા કરા નઇ રે, પૂજઇ ત્રિણઇ કાલો;
ચઉપન લાખ વરસ પૂજા કરી રે, ઉતરીયા ભવપારો. [૭૫]

ઉતરીયા ભવ પાર તે સ્વામી,
નિર્મલ ઉજલ મુગતિ જ પામી;
ઘણે ઇંદ્રે ઇમ પૂજા કીધી,
તેહનઇ અવિહડ મુગતિ જ દીધી, જી. [૭૬]

ધરણેંદ્ર ઇમ મહિમા જાણી કરી રે, પ્રતિમા રાખી પાતાલો,
'કંચણબલાણઇ' મેહલી કરી રે, પૂજા કરી અતિસારો;
આતમા તે નિરમલ કરઈ રે, સુકૃત ભરઇ ભંડારો,
સેવા સારઇ જિનતણી રે, ધિન ધિન ઇદ્ર અવતારો. [૭૭]

ધિન ધિન ઐંદ્ર અવતાર તે જાણું,
કૃષ્ણ કથા વાત હઈઇ આંણું;
કુલદેવ્યા આડિ તે થઈ,
તું વસ્યા દ્વારકા જઇ. જી૦ [૭૮]

રાજગૃહિ જરાસંધિ રાજ કરઇ રે,
સૂરીપુર સમુદ્રવિજય રાજાનો;

આજ્ઞા માનિઇ જરાસંધ તણી રે ત્રિણ ખંડ પૃથ્વીપાલો,
વસુદેવનઈ કંસસ્યુ પ્રીતિ ઘણી રે, રહિવું એકઈ ઠામો;
કૃષ્ણઇ કંસનઇ મારીઓ રે, સાથિ બલદેવ રાયો. [૭૯]
સાથિ બલદેવ રાય તે જાણઈ,
ઉચાલા દ્વારિકા આંણઈ;
બાર જોયણ નયરી તે વાસી,
કૃષ્ણરાજ કરઇ તિહાં નાસી. જી૦ [૮૦]
જરાસંધનઇ જાણ થયું રે, કૃષ્ણ કરઇ છઈ રાજો;
છપનકૂલ કોડિ યાદવ મિલા રે, જાણું ઇંદ્ર સમાનો;
ગઢ મઢ મંદિર માલીયા રે, સોવનમઇ પ્રાસાદો,
સાગરદેવ સમરી કરી રે, સમુદ્રઈ દીધું માગો. [૮૧]
સમુદ્રઇ દીધું માગ તે પાણી,
જરાસંધિ આવ્યું તિંહા જાણી;
નીસાંણિ વલી આ તે થાય,
સામ્હું સાંચર્યો વાસુદેવરાય. જી૦ [૮૨]
કૃષ્ણસ્યું કલેશ માંડીઓ રે, જરાસંઘ રાજાનો,
ઘણા દિવસનું યુદ્ધ થયું રે, તુહિ ન આવિ પારો;
જરાસંધિ મૂકી જરા રે, કટક કર્યું અચેતો,
ચિંતા ઉપની કૃષ્ણનઈ રે, નેમિનાથિ કહ્યું સંકેતો. [૮૩]
નેમિનાથઈ કહિઓ સંકેત તે જાણું,
પારસનાથની પ્રતિમા આંણું;
નમણ કરી નઈ છંટુ સાર,
યાદવ દલ જીવાડણહાર જી૦ [૮૪]

તે પ્રતિમા કિમ પામઈ રે, તેહની કહુ મુજ વાતો,
ધરણેંદ્રનઈ દેહરાસરિ અછિ રે, રતનમઈ પ્રતિમા સાતો;
શ્રીપાસનો મહિમા અતિ ઘણું રે, સીજઈ વંછિત કાજો,
સંકટ તુમ્હારાં તુટલઇ રે ત્રણિ કરો ઉપવાસો. [૯૫]
ત્રણિ કરૂં ઉપવાસ તિહાં થાપી,
ધરણીધરિ પ્રતિમા તે આપી;
પૂજા કરીનઈ લાગા પાય,
જરા નાઠી તવ યાદવરાય જી૦ [૯૬]
જરાસંધનઈ જીપીઓ રે, તુમો વાસુદેવ કરિ રાજો;
નગર શંખેશર વાસીઓ રે, થાપ્યા સંખેસર પાસો;
ઉત્તંગ તોરણો પ્રાસાદ કર્યો રે, જાણે સ્વર્ગ વિમાનો;
મહિમા પાર ન પામીઇ રે, શ્રી સંખેસર પાસો. [૯૭]
શ્રી સંખેસર પાસ તે કહીઈ,
મહિમાનું તો પાર ન લહીઈ;
પ્રગટ પ્રભાવિ પૂરઈ આસ,
મન સમરૂં શ્રી પાર્શ્વનાથ, જી. [૯૮]
જખ્ય રક્ષ ઉલગ કરઈ રે, સુર નર સેવઈ પાયો;
મહિમા મહિઅલ વિસ્તર્યો રે, દેવાંગના ગુણ ગાયો;
રોગ શોગ સંકટ ટલઇ રે, વિષમ વ્યાધિ ચઉરાશી જાયો;
સાસ ખાસ હિઆ હેડકી રે, પાઠું ભગંદર જાયો. [૯૯]
પાઠું ભગંદર જાય તે જાણુઇ,
રોગ સઘલાનું અંત જ આણુઇ;

સાર કરઈ શંખેસર દેવ,
કોઢ અઢાર જાઈ તે હેવ. જી. [૯૦]
મૂરતિ મોહન વેલડી રે જોતા ત્રિપતિ ન હોયે;
શ્રી સંઘ આવઈ ઉલટયા રે, પૂજા અષ્ટ પ્રકારો;
સનાત સહૂ રંગિ કરઈ રે, સતર ભેદ વિસ્તારો;
નાટક નૃત્ય કરઈ ભાવના રે, અષ્ટમંગલ ઉદારો; [૯૧]
અષ્ટમંગલ ઉદાર તે આણું,
ત્રણિ તત્ત્વ સૂધાં તે જાણું;
ચઉદ પૂર્વમાંહિ નુકાર તે સાર,
સંસાર સાગર ઉતારિ પાર જી૦ [૯૨]
જલાલપુર મુખ્ય મંડણો રે,શ્રીઋષભ શાંતિ પ્રાસાદો;
તસ પસાઇ મઈ સ્તવ્યો રે, શ્રી સંખેસર પાસો;
નવ નિધાન લહ્યાં મિં નિરમલાં રે,ચઉદ રયણ ગુણ ખાણ્યો,
સુખસાગર ઘરિ ઉલટયું રે, આણંદ અંગિ ન માયો. [૯૩]
આણંદ અંગિ ન માય તે લહીઇ,
હીરવિજયસૂરિ ગુરુ તે કહિઈ;
વિજય સેનસૂરિ ગુરુ ગોયમ જાણું,
તસ પસાઈ શ્રીપાસ વખાણું. જી૦ [૯૪]
અશ્વસેન કુલિ ચંદલુ રે, વામા કુખિ અવતારો,
નયરી વાણારસી જનમીઆ રે, પ્રભાવતી ભરતારો;
બાવીસ તીર્થંકર આગઈ હૂઆ રે, ત્રેવીશમા શ્રીપાસો,
તેહનું તવન રાજપાલિ કર્યું રે.મનિ ધરી અતિ ઉલ્હાસો.[૯૫]
મન ધરી ઉલ્હાસ તે ગણીઈ,
પ્રભાતિ ઉઠી તવન જ ભણીઈ,

સંવત સોલએકેતેરા ( ૧૬૭૧ ) સાર,
આવણ સુદિ પંચમી ગુરૂવાર,
તવન નીપનું તહીઈ ઉદાર. જીવ [૬૬]

ઇતિ શ્રી સંખેશ્વરા પાર્શ્વનાથ ચંદ્રાઉલા સ્તવન સંપૂર્ણમ્
સં. ૧૬૭૪ વર્ષે ભાદ્રવા વદિ ગુરૌ લિખિતમ્

(૧૨૨)

## શ્રી પાર્શ્વનાથજીના ૧૦૮ નામનો છંદ

(રાગ પ્રભાતી કડખો)

પાસ જીનરાજ સુણી આજ સંખેશ્વરા,
પરમ પરમેસરા વિશ્વ વ્યાપ્યો;
ભીડ ભાંગી જરા જાદવોની જઈ,
થીર થઈ શંખપુરી નામ થાપ્યો....પાસ૦ ૧

સાર કરી સારી મનોહારી મહારાજ તું,
માની મુજ વિનતિ મન માની;
અવર દેવાતણી આસ કુણ કામની,
સ્વામીની સેવના એક સાચી....પાસ૦ ૨

તુંહી અરિહંત ભગવંત ભવતારણો,
વારણો વિષમ ભય દુઃખ વાટે;
તુંહી સુખકારણો સારણો કાજ સહુ,
તુંહી મનોહારણો સાચ માટે....પાસ૦ ૩

અંતરીક અમીઝરા પાસ પંચસરા,
ભીંયરા પાસ ભાભા ભદેવા;

વિજય ચિંતામણી સોમ ચિંતામણી,
સ્વામી શ્રી પાસતણી કરો ચરણસેવા....પાસ૦ ૪
ફેલવર્ધી પાસ મનમોહના મગસીયા,
તારસલ્લા નમું નાંહી તોટા;
સઠ બલેચા પ્રભુ આસગુલ અરજીયા,
ખંભણા થંભણા પાસ મોટા....પાસ૦ ૫
ગેબી ગોડી પ્રભુ નીલકંઠા નમું,
હલધરા સામલા પાસ પ્યારા;
સુરસરા કંકણા પાસ દાદા વલી;
સુરજમંડન નમું તરણતારા....પાસ૦ ૬
જગતવલ્લભ કલિકુંડ ચિંતામણી,
લોઢણા સેરીસા સ્વામી નમીએ;
નાકોડા ન્હાવલા કલીયુગા રાવણા,
પોસીના પાસ નમી દુઃખ દમિયે....પાસ૦ ૭
સ્વામી માણેક નમું નાથ સીરોડીયા,
નાકુંડા જોરવાડી જગીસા;
કાપડી દૌલતી પ્રશમીયા મુજપરા;
ગાડરાયા પ્રભુ ગુણ ગીરેસા....પાસ૦ ૮
હમીરપુર પાસ પ્રણમું વલી નવલખા,
ભીડભંજન પાસ ભીડ ભાંગે;
દુઃખભંજન પ્રભુ ડોકરીયા નમું,
પાસ જીરાવલા જગત જાગે... પાસ૦ ૯
અવંતી ઉજ્જેણીયે સહસફણા સાહેબા,
[illegible] મહીમાવદી કોકો કડેરા;

નારિંગા ચંચુચલ્લા ચવલેસરા,
તીવરી ફલવિહાર નાગેંદ્ર નેરા....પાસ૦ ૧૦
પાસ કલ્યાણ ગંગાણીયા પ્રણમીયે,
પલ્લવિહાર નાગેંદ્ર નાથા;
કુકૂંટેસરા પાસ છત્રા અહી,
કમઠ દેવે નમ્યા શક્ર સાથા....પાસ૦ ૧૧
તીમરી ગોગો પ્રભુ દુધીયા વલ્લભા,
સૂંખલ ધૃતકલ્લોલ બુઢા;
ધીંગડમલ્લા પ્રભુ પાસ ઝોટીંગજી,
જાસ મહિમા નહી જગત ગુઢા....પાસ૦ ૧૨
ચોરવાડી જિનરાજ ઉદામણી,
પાસ અજાહરા નેવ ગંગા;
કાપરડા વજેલો પ્રભુ છેછલી;
સુખસાગરતણા કરાયે સંગા...પાસ૦ ૧૩
વીજાુલા કરકંડુ મંડલીકા નલી,
મહુરીયા ફલોધી આનીંદા;
અઉઆ કુલપાક કંસારીયા ભીબરા,
અણીયાલા પાસ પ્રભુસું આનંદા....પાસ૦ ૧૪
નવસારી નવપલ્લવા પાસજી,
શ્રી મહાદેવ વરકાણુવાસી;
પરોકલા ટાંકલા નવખંડા નમો,
ભવતણી જાય જેહથી ઉદાસી....પાસ૦ ૧૫
મનવાંછિત પ્રભુ પાસજીને નમું,
વલી નમું નાથ સાચા નગીના;

દુઃખ દોહગ તજી સાધુ મારગ ભજી,
કરમના કેસરીથી નાહ બીના....પાસ૦ ૧૬
અશ્વસેન કુલચંદ પ્રભુ અલવરા,
બીબડા પાસ કલ્યાણરાયા;
હોય કલ્યાણ જસ નામથી જય હુવે,
જનની વામાના જેહ જાયા...પાસ૦ ૧૭
એક શત આઠ પ્રભુ પાસ નામે થુણ્યા,
સુખ સંપતિ લહો સર્વ વાતે;
ઋદ્ધિ જસ સંપદા સુખ શરીરે સદા,
નહી મણા માહરે કોઈ વાતે....પાસ૦ ૧૮
સાચ જાણી સ્તવ્યો મન્ન માહરે ગમ્યો,
પાસ હૃદયે રમ્યો પરમ પ્રીતે;
સમીહિત સિદ્ધિ નવનિધિ પામ્યો સહુ;
મુજ થકી જગતમાં કોન જીતે....પાસ૦ ૧૯
કાજ સહુ સારજે શત્રુ સંહારજે,
પાસ સંખેસરા મોજ પાઉં;
નિત્ય પ્રભાતે ઉઠી નમું નાથજી,
તુજ વિના અવર કુંણ કાજ ધ્યાઉં....પાસ૦ ૨૦
અઢાર એકાસીયે ફાલ્ગુન માસીએ,
બીજ ઉજવલ (ઉજ્જલ) પખ્ખે છંદ કરીયો;
ગૌતમ ગુરૂતણા વિજય ખુશાલને,
ઉત્તમ સંપદા સુખ વરીયો....પાસ૦ ૨૧

---

( ૧૨૩ )

## શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ છંદ

શ્રી સંખેશ્વર પ્રણુમી પાય,
દરિસણ દીઠે નવનિધ થાય;
સેવક જનની પૂરે આસ,
જયો જયો શ્રી સંખેસર પાસ. ૧

જેહને ધ્યાને સંકટ ટળે,
નામ જપંતા લચ્છી મલે;
પૂજા રચતાં અતિ ઉલ્લાસ,
જયો જયો શ્રી સંખેસર પાસ ૨

ભૂત પ્રેત વ્યંતર નવી છલઈ,
દુષ્ટ દેવ તેહનાં મદ ગલઈ;
તુમ નામે દુઃખ નાવે પાસ,
જયો જયો શ્રી સંખેસર પાસ. ૩

અશ્વસેન રાયા કુલચંદ,
વામા રાણી કેરા નંદ;
જન્મ હુવો તવ પોહતી આસ,
જયો જયો શ્રી સંખેસર પાસ. ૪

ડાકણુ સાકણુ ને વ્યંતરી,
તુમ નામે તે કિંકરી;
દુષ્ટ શીકોતરી પામે નાસ,
જયો જયો શ્રી સંખેસર પાસ. ૫

તાવ તેજરે નહીં એકંતરો નાસે રોગ જો પાસ ચિત્ત ધરો;
સસણી ચાંટીયો નાસે ખાસ, જયો જયો શ્રી સંખેસર પાસ. ૬
ઋદ્ધિ સિદ્ધિ સંપતિ સવિ મીલે પાસતણાં ગુણ હિયડે ધરે;
પુત્રાદિકની પહોંચે આસ, જયો જયો શ્રી સંખેસર પાસ. ૭
મન શુધ્ધૈ જે અભિગ્રહ કરે, વિઘન તેહનાં સવિ બેઠા હરે;
સફલ ફલે મનવંછિત તાસ, જયો જયો શ્રી શંખેસર પાસ. ૮
પાદ કમલ સેવે નાગરાજ, સેવક જનના સારે કાજ;
સાંનિધ કરે પદ્માવતી તાસ, જયો જયો શ્રી સંખેસર પાસ. ૯
મસ્તક મુકુટ કુંડલ ને હાર, બાંહિ બહીરખા દીપઇં સાર;
સોહઈ સામી સુખ નિવાસ, જયો જયો શ્રી સંખેસર પાસ. ૧૦
સૂઆ ચંદન ચરચે ગાત્ર, આગલ નાચે અપછર પાત્ર;
મધુરી વાણઈ ગાવઇં ભાસ, જયો જયો શ્રી સંખેસર પાસ. ૧૧
અગર કપૂર ઉવેખે ધૂપ, દેસ દેસના આવઈ ભૂપ;
બઇઠા ગાવે જિનગુણ રાસ, જયો જયો શ્રી સંખેસર પાસ. ૧૨
તાલ મૃદંગ વીણા અતિ સાર નાટિર નાચૈ અતિ ઉદાર;
અબિલ ગુલાલ ઉછાલે વાસ, જયો જયો શ્રી સંખેસર પાસ. ૧૩
ઠાંમ ઠાંમ જે પાડે વાટ, ઉભા દીસે રુંધી ઘાટ;
દુષ્ટ ચોર તે થાઇ દાસ, જયો જયો શ્રી સંખેસર પાસ. ૧૪
શ્રી સંખેસર સ્તવીઓ જિનરાય,
ગુણ જસ સૌભાગ્ય તણે સુપસાય;
ભવ ભવ દેજયો તુમ પય વાસ,
જયો જયો શ્રી સંખેસર પાસ. ૧૫

# પૂ. આગમોદ્ધારકશ્રીના વચનામૃતો

[૧] ગુરૂપણાના ગુણ અને સર્વવિરતિનો સુશોભિત વેષ બંને હોય તો જ ગુરૂપદને શોભાવે છે.

[૨] મોક્ષાર્થી સિવાય સાચા સુખનો અર્થી જગતભરમાં કોઇ નથી.

[૩] આત્માએ પરમાત્મા બનવું હોય તો સ્વ–સ્વરૂપમાં રમણતા કરવી.

[૪] અનંત ઉપકારીઓએ વસ્તુતઃ ધર્મ અને મોક્ષ એ બે જ પુરૂષાર્થ માન્યા છે. અર્થ તથા કામને પુરૂષાર્થ–માનેલ નથી.

[૫] અનાદિ દુઃખની પરંપરાનું કારણ અનિષ્ટ સંજોગો છે. માટે અનિષ્ટ સંયોગોની સામે ધસારો કરો.

[૬] જેટલા અંશે મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ તેટલા અંશે કર્મનો બંધ છે.

[૭] શ્રી જિનેશ્વર મહારાજની વાણી સિવાય કોઈ પણ આત્મા સાચી સ્વતંત્રતા હાથ કરી શકતો નથી.

[૮] મુક્તિ પામેલો જીવ ફરીને સંસારમાં આવતો જ નથી ફરીને સંસારમાં આવે તેને મુક્તિ કઈ રીતે કહી શકાય ?

[૯] શ્રી સિદ્ધચક્રજી કે જેમાં આરાધ્ય એવા પાંચ પરમેષ્ઠિરૂપ ગુણો અને શ્રી સમ્યગ્દર્શનાદિ ચાર આરાધ્ય ગુણોની સ્થાપના થાય છે તેનું મંડલ.

[૧૦] ચૈત્ર શુદ પાંચમથી ચૈત્ર વદી ૧ સુધી મહા અસ્વાધ્યાય ગણવાનું શાસ્ત્રસિદ્ધ હોઈ શુદ ૧૪ ના અસ્વાધ્યાયના દિવસે કાલગ્રહણ અને પદારોપણ વિગેરે કાર્ય થવું તેને કોઇ પણ આગમાનુસારી તો સંમુર્ચ્છિમ ક્રિયા જ માને.

[૧૧] અરિહંત તત્ત્વને આરાધનારા જ આચાર્ય, ઉપાધ્યાય અને સાધુઓ પરમેષ્ટિપદે સુશોભિત છે.

[૧૨] ગુણીજનો પ્રત્યે બહુમાન અને આદરભાવ વિના આત્મભાવની સન્મુખ જવું એ પણ બહુ મુશ્કેલ છે.

[૧૩] ગુણો પ્રાપ્ત થયા પછી જ ગુણી પ્રત્યે બહુમાન, પ્રેમ, અને સાચી સેવા સંપાદન થાય છે. માટે ગુણના ગ્રાહક બનો.

[૧૪] ચૌદ રાજલોકમાં સર્વકાળ માટે અભયદાન દેનારી તો દીક્ષા જ છે.

[૧૫] ભાવદીક્ષાના અર્થીઓને પણ દ્રવ્યદીક્ષા તો ગ્રહણ કરવાની ખાસ આવશ્યકતા જ છે.

[૧૬] જૈનશાસનની સીડી પર ચઢેલો મનુષ્ય મોક્ષ સિવાય બીજી સાધ્યતા રાખવાવાળો હોય જ નહિ.

[૧૭] ભવિષ્યમાં પડવાની સંભાવના લાગે તેટલા માત્રથી વ્રત-નિયમો કરવા નહિ. એવી માન્યતાવાળાને તો ધર્મ પણ પ્રાપ્ત થઈ શકે નહિ.

[૧૮] જે પરિણામથી સાધુપણું લેવામાં આવે છે તે પરિણામને હંમેશા નિભાવી રાખવા જરૂરી છે.

[૧૯] મોક્ષનો ઉપદેશ ચૂકીને લૌકિક ઉપદેશ કરનારને પ્રભુ શાસનમાં સાચું સાધુપણું હોતું જ નથી.

[૨૦] શાસનની ઉત્પત્તિ, વૃદ્ધિ, અને આબાદી સાધુઓથી જ થાય છે. તે વગર તીર્થ પણ સ્થપાતું નથી.

[૨૧] તીર્થંકર, કેવલી ગણધર અને વિશિષ્ટ જ્ઞાનીના વિરહ-કાળમાં વીરવચન આલંબનભૂત છે.

[૨૨] અનાદિકાળથી રાગ દ્વેષ જીતવાની સમ્યગ્‌દર્શનાદિ રત્નત્રયીવાળી એક સરખી પદ્ધતિ ચાલી આવે છે અને ચાલશે.

[૨૩] બધા ભવ કર્મથી થયેલા છે. કર્મના મૂળ કષાયો છે. સંસાર કર્મ અને કષાયનો છેદ વીતરાગના આશ્રયથી થાય છે.

[૨૪] પંચ પરમેષ્ઠિની પૂજ્યતાની અપેક્ષાએ સિદ્ધચક્ર અને તેમાં પણ આચાર્યાદિની પૂજા કર્યા પછી અરિહંત

મહારાજની પૂજામાં હરકત નથી. પુંડરીકસ્વામી કે ગૌતમસ્વામીની પૂજા કર્યા પછી પણ અરિહંતની પૂજા કરવામાં હરકત નથી. તીર્થ પ્રવૃત્તિની અપેક્ષાએ જ માત્ર પુંડરીકસ્વામીજી મૂલનાયક તરીકે છે. અને બીજા જિનેશ્વર ભગવંતો આજુબાજુ છે.

[૨૫] દેવદ્રવ્ય અધિક વ્યાજે પણ શ્રાવકને ન ધીરવું તે ઠીક છે. લીધું હોય તો વ્યાજ સાથે આપી દઈ છુટી જવું.

[૨૬] શાસ્ત્ર કે શાસનથી એક અક્ષર કે પદ વિપરીત બોલનારને શાસનમાં સ્થાન નથી.
જૈન શાસનની મહત્તા એટલી બધી છે કે અભવ્ય નવે તત્ત્વો ભલે ન માને, અભવ્ય મોક્ષતત્ત્વ માને જ નહીં. મોક્ષ માને તો અભવ્ય હોય નહી. આટલું છતાં તેને નિરૂપણ તો નવતત્ત્વનું કરવું પડે.

[૨૭] શ્રાવકે મિથ્યાત્વનો ત્રિવિધ ત્રિવિધ ત્યાગ કરવો જોઈએ. એ વાત ખ્યાલમાં આવશે ત્યારે પહેલાંના શ્રાવકો છોકરી પરણાવવી હોય તો પણ જૈનને પરણાવે; અન્યને નહીં. આ અંગે સુભદ્રાનું દૃષ્ટાંત પ્રસિદ્ધ છે.

[૨૮] આંતરમેલ પ્રક્ષાલન કરનારી ભગવંતની વાણી છે.

[૨૯] ધર્મ નિરૂપણ કર્યો જિનેશ્વર મહારાજાએ; પણ તે ધર્મ, સાધુ જ બીજાને સંભળાવે, તે ધર્મ જાહેર કરવાની યોગ્યતા શ્રાવકમાં નથી. જિનેશ્વર મહારાજના ધર્મને નિરૂપણ કરવાને માટે સાધુ જ યોગ્ય છે. આ શ્રાવ

રોકનાર, સંવર પેદા કરનાર, મોક્ષ સિદ્ધ કરનાર એવો ધર્મ જિનેશ્વરનો હોય.

[૩૦] દાનનું ખરૂં રહસ્ય :–

જેમ દાન શબ્દથી જગતમાં કોઇ અજાણ્યો છે ? પરંતુ દાનનું રહસ્ય જેણે વિચાર્યું હોય તેને દાનની અપૂર્વતા માલુમ પડે. દાનનું રહસ્ય હતું પરને ઉપકાર કરનાર હું બનું. પરના ઉપકાર માટે મારી વસ્તુનો ભોગ આપું. એ પ્રથમ વાસના નિશ્ચય થાય તે દાન આપે. બીજાના ઉપકાર માટે પોતાની વસ્તુનો ભોગ આપવો–અર્પણ કરવું તે દાન.

[૩૧] વીતરાગ પ્રણીત વચનની વિશાળ કુટપટ્ટીથી જગતના જીવોના સુખ દુઃખ મપાય છે.

[૩૨] સુખીપણું અને દુઃખીપણું માપવું હોય તો સર્વજ્ઞકથિત વચનને વિચારતાં શીખો.

[૩૩] વીતરાગની વાણી એક સરખી હોવા છતાં વરસાદની જેમ જુદા જુદા ફળ નીપજાવે છે.

[૩૪] જેમ વરસાદ એક સરખો છતાં ઉખર ભૂમિમાં તેનું પાણી નકામું જાય છે, કાળી જમીનમાં વવાયેલા બીજને પ્રફુલ્લ કરે છે, સમુદ્રમાં પડે તો ખારૂં થાય છે, સર્પના મોમાં ઝેર રૂપે પરીણમે છે, ગંગાના પ્રવાહમાં પવિત્ર બને છે અને સ્વાતિનક્ષત્રના યોગ સાથે છીપમાં

પડે તો હજારોની કિંમતવાળું મોતી બને છે તેમ વીતરાગની વાણી ઉત્તમ પાત્રાદિમાં ઉત્તમાદિ ફળ નિપજાવે એ નિઃશંક વસ્તુ છે.

[૩૫] કઠીન કર્મને ચૂરનારી ચીજ શ્રી સિદ્ધચક્ર છે.

[૩૬] તારનારી ચીજો ચાર છે. દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપોધર્મ.

[૩૭] શ્રદ્ધા અને સમજ અર્થાત્ દર્શન–જ્ઞાન–મળ્યા છતાં ચારિત્ર તપ આવીને ઉભા રહ્યાં. એટલે જીવ ચક્રાવે ચઢે છે, અર્થાત્ તે એમાંથી ઉત્તીર્ણ થવું મુશ્કેલ છે.

[૩૮] શ્રદ્ધાપૂર્વક સમજવું જેટલું સહેલું છે તેના કરતાંયે વર્તવું એ કઠીનમાં કઠીન માર્ગ છે.

[૩૯] વર્તમાનમાં કહેવાતો સુખી ભવિષ્યમાં કેમ દુઃખી થાય છે અને વર્તમાનમાં કહેવાતો દુઃખી ભવિષ્યમાં સુખી કેમ થાય છે. એ કોયડો ઉકેલીને પુણ્ય પંથે વિચરવું એમાં જ માનવજીવનની સફળતા છે.

[૪૦] મેળવેલ સાધનો દ્વારા સંવર, નિર્જરા અને પુણ્ય પ્રાપ્ત કરવાં તે પ્રાપ્ત સાધનોનો સદુપયોગ કર્યો કહેવાય છે.

[૪૧] મેળવેલ સાધનો દ્વારા આશ્રવ, બંધ અને પાપનાં પોટલાં બાંધવા તે પ્રાપ્ત સાધનોનો દુરૂપયોગ કર્યો કહેવાય છે.

[૪૨] તમારા વિચારો અને વર્તન મૈત્રી આદિ ચાર ભાવ–નાને સ્પર્શતાં ન હોય તો અધર્મ જ થાય છે. એ નિર્ણય મગજમાં સદાકાળ સ્થિર રાખજો.

[૪૩] મૈત્રી આદિ ભાવનાથી ભાવિત થયેલા આત્માઓથી જગતભરના તમામ જીવોનું ભલું જ થાય છે.

[૪૪] આત્મ કલ્યાણના અર્થીઓને શાસ્ત્ર અને શાસ્ત્રવિહિત તપોધર્માદિ અનુષ્ઠાનો એ અમોઘ આનંદના દાતા તથા પરમાનંદ ધામ ભાસે છે.

[૪૫] જેટલો શત્રુ પ્રત્યે તિરસ્કાર તેટલો અગર તેથીય વધુ તિરસ્કાર કર્મ પ્રત્યે હોવો જ જોઇએ.

[૪૬] જૈન શાસનમાં જીવ માત્રનો કટ્ટે શત્રુ કર્મ છે.

[૪૭] જીવનભરની મમતા મહાન મુશ્કેલી ખડી કરે છે. અને ક્ષણભરની સમતા અવ્યાબાધ સુખ શાંતિ અને આનંદ સમર્પે છે, છતાં મમતાની મુંઝવણ મુકાતી નથી.

[૪૮] પંચ પરમેષ્ઠિઓને પરમપદે બિરાજવાની પ્રભુતા સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપને આભારી છે.

[૪૯] તપસ્યાથી ક્ષીણ નહિ થયેલું કર્મ પંડિત પુરૂષોને પણ નિયમે કરીને ભોગવવું પડે છે.

[૫૦] સંસાર સમુદ્રનું મૂળ કારણ રાગ અને દ્વેષ એ બે છે, માટે ભવસાગર તરવાની ઇચ્છાવાળાએ એ બેનો સદંતર ત્યાગ કરવો જોઇએ.

[૫૧] સ્વપ્નાની સાહ્યબી આંખ ઉઘડે નહીં ત્યાં સુધી.
દુનિયાની સાહ્યબી આંખ મીંચાય નહિ ત્યાં સુધી.

[૫૨] નમો अरिहंताणं એ જાપ તો શ્રાવકના શ્વાસોચ્છ્વાસમાં ચાલતો હોય. શ્રી નવકાર મંત્રની શાશ્વતતાનું કારણ તો એજ કે એના પદો જાતિવાચક છે.

[૫૩] ધર્મ અમૃતનો ઉપયોગ છુટે હાથે કરનાર દાનેશ્વરીઓની પ્રભુશાસનમાં જરૂરીયાત છે.

| નંબર | નામ | કિંમત |
|---|---|---|
| ૩૧ | શ્રી જિન-ગુણ-રત્ન-મંજુષા ભા. ૧ થી ૧૫ | અલભ્ય |
| ૩૨ | શ્રી શાસન....રાસાદિ સંગ્રહઃ તથા ચિત્રસંપૂટ | ૫-૦૦ |
| ૩૩ | કુમતાદિ વિષ જાંગુલી મંત્ર મિમિર તરણી-સાનુવાદ | ૫-૦૦ |
| ૩૪ | શ્રી શાસન ગ્રંથ સન્માન તથા કાવ્યમય જીવન | ૮-૦૦ |
| ૩૫ | શ્રી વિદ્યા સંગીતાવલી તથા વિદ્યા સંગીત સરીતા | અલભ્ય |
| ૩૬ | કલ્યાણ સમાધાન શુદ્ધિ પ્રકાશ ભા. ૧-૨ જો | ૩-૦૦ |
| ૩૭ | જયકુમાર અને વિજયકુમારનું ચરિત્ર | ૨-૦૦ |
| ૩૮ | શ્રી શાસનકંટકોદ્ધારક આરાધના સંગ્રહઃ | ૮-૦૦ |
| ૩૯ | હરિબલ મચ્છીનું અદ્‌ભૂત જીવન ચરિત્ર | ૨-૦૦ |
| ૪૦ | રાજનગર શ્રમણ સંમેલનની કાર્યવાહી | ૧૦-૦૦ |
| ૪૧ | ઠળીયા દીક્ષા મહોત્સવ પ્રસંગની ભવ્યતા | ૧-૦૦ |
| ૪૨ | શ્રી ધર્મસૂરિજીના વંદિત્તાસૂત્રના આવશ્યક સુધારા | ૨-૦૦ |
| ૪૩ | શ્રી રામચંદ્રસૂરિજીના ઉત્સૂત્રોની હારમાળા | ૨-૦૦ |
| ૪૪ | સુધાકર-રત્ન-મંજુષા | અલભ્ય |
| ૪૫ | સૂર્યપૂરનું સાગર સ્વાગત | ૫-૦૦ |
| ૪૬ | કલ્યાણવિજયજીની કલ્યાણ કલિકા શુદ્ધિપ્રકાશ | ૧-૦૦ |
| ૪૭ | સૂર્યપૂરની ભવ્ય શહેર યાત્રા | ૫-૦૦ |
| ૪૮ | વિવિધ પ્રશ્નોત્તર શુદ્ધિ પ્રકાશ ભા. ૧-૨ જો | ૧૧-૦૦ |
| ૪૯ | શ્રી હંસરત્ન મંજુષા ભા. ૧ લો | ૯-૦૦ |
| ૫૦ | શ્રી હંસરત્ન મંજુષા ભા. ૨ જો | પ્રેસમાં |
| ૫૧ | શ્રી શાસનકંટકોદ્ધારકસૂરિજી લેખ સંગ્રહ ભા. ૩ જો. | પ્રેસમાં |

: પ્રા...પ્તિ...સ્થા...ન :


**શ્રી શાસનકંટકોદ્ધારકસૂરિજી જૈન જ્ઞાનમંદિર**

જી. ભાવનગર, વાયા તલાજા મુ. ઠળીયા ૩૬૪૧૪૫

# શ્રી શાસન કંટકોદ્ધારકસૂરિજી જૈન ગ્રંથમાલાના

## પ્ર....કા....શ....નો

| નંબર | નામ | કિંમત |
|---|---|---|
| ૧ થી ૪ | શ્રી શાસનસુધાકર વર્ષ ૧ થી ૪ ની ફાઇલો | અલભ્ય |
| ૫ થી ૧૨ | ,, વર્ષ ૫ થી ૫ પ્રત્યેક ફાઇલ | ૨૦-૦૦ |
| ૧૩ | શ્રી પિંડનિર્યુક્તિ આગમ ગ્રંથનો અનુવાદ | ૨૦-૦૦ |
| ૧૪ | શ્રી શાસનકંટકોદ્ધારકસૂરિજી સ્મૃતિ ગ્રંથ ભા. ૧ લો | ૧૫-૦૦ |
| ૧૫ | શ્રાદ્ધ પ્રતિક્રમણસૂત્ર વંદીત્તાસૂત્રનો અનુવાદ | ૨૦-૦૦ |
| ૧૬ | શ્રી શાસનકંટકોદ્ધારકસૂરિજી સ્મૃતિ ગ્રંથ ભા. ૨ જો | ૧૫-૦૨ |
| ૧૭ | પ્રાચીન-અર્વાચીન ઇતિહાસોની સમીક્ષા | ૨૦-૦૦ |
| ૧૮ | શ્રી શાસનકંટકોદ્ધારકસૂરિજી સ્મૃતિ ગ્રંથ ભા. ૩ જો | ૨૫-૦૦ |
| ૧૯ | શ્રી માનતુંગ-માનવતીનો રાસ | ૫-૦૦ |
| ૨૦ | શ્રી શાસનકંટકોદ્ધારકસૂરિજી જીવન સુરેખ | ૫-૦૦ |
| ૨૧ | કુમતાહિ વિષ જાંગુલી મંત્ર તિમિર તરણી | ૫-૦૦ |
| ૨૨ | શ્રી શાસનકંટકોદ્ધારકસૂરિજી લેખ સંગ્રહઃ ભા. ૧ લો | ૨૦-૦૦ |
| ૨૩ | પૂ. સા. શ્રી રંજનશ્રીજી મ. નું આદર્શ જીવન | અલભ્ય |
| ૨૪ | શ્રી શાસનકંટકોદ્ધારકસૂરિજી લેખ સંગ્રહઃ ભા. ૨ જો | ૨૦-૦૦ |
| ૨૫ | શ્રી જિનચંદ્ર-ભક્તિ-સુધારસ | અલભ્ય |
| ૨૬ | શ્રી શાસનકંટકોદ્ધારકસૂરિજી જીવન પરાગ | ૫-૦૦ |
| | મતાહિ વિષ જાંગુલી મંત્ર તિમિર ૧ લો | ૧૦-૦૦ |
| | ી શાસનકંટકોદ્ધારકસૂરિજી લેખ સંગ્રહઃ ભા. સંગ્રહ ભા. ૧ | ૬-૦૦ |
| ૨.. | શ્રી રંજનશ્રીજી મ. નું આદર્શ જી.. ૨-૩-૪ | ૫-૦૦ |
| ૩૦ | ..નકંટકોદ્ધારકસૂરિજી લેખ સંગ્રહઃ ભા. ..સંગ્રહ ભા. ૨ | ૮-૦૦ |
| | ..ચંદ્ર-ભક્તિ-સુધારસ ( ૩ ઉપર ) | |
| | ..ંટકોદ્ધારકસૂરિજી જીવન પરા.. | |

ટાઇટલ : [illegible] પ્રેસ—પાલીતાણા